૪૩૨૪

"સરસ્વતીચંદ્ર" નું

અવલોકન

લે. વિશ્વનાથ વિ. પ્રભુરામ.

ઉપોદ્ઘાત.

લે. મણિલાલ નભુભાઈ દ્વિવેદી.

કીમત દસ આના.

चंदनादि तैल.

CHANDANADI TAYL.

ક્ષય, રક્તપિત્ત, ઉન્માદ, તાવ, ફેફરૂં, શોષ,

કોઠ, ખરજ; વિગેરેમાં ચોપડવા તથા

પીવામાટે અતિ ઉપયોગનું છે.

કિંમત ત્રણ ઔંસ રૂ. ૧. એક ઔંસ રૂ. ૦ાા.

A valuable preparation both internally and externally for,

Phthisis, Leprosy, Hysteria, Fever, Epilepsy, Thirst Itching &c.

Price Three ozed bottle ... ... R. 1 0

" One " " ... ... R. 0 8

VAIDYA PRABHURAM JIVANRAM, AUSHADHALAYA,

Bhuleshwar, Bombay.

વૈદ્ય પ્રભુરામ જીવનરામ ઔષધાલય.

અસરકારક અને ઉત્તમ દેશી

દવાઓનો મોટો સંગ્રહ.

જેને માટે પુના એક્ઝિબિશન તરફથી સોનાનો
ચાંદ અને ફર્સ્ટ ક્લાસ સર્ટિફિકેટ મળેલાં છે,

ઠે૦ ભુલેશ્વર-મુંબઇ.

સૌભાગ્યવતાં જયાકુંવર.

સંસાર-સુખ-દુઃખનાં દશ વર્ષ.

એક કુલીન સ્ત્રીનું ખરેખરૂં અસરકારક વૃત્તાંત.

કિંમત ૧૨ આના

આર્યધર્મપ્રકાશ ઓફિસ.

૪૩૨૪

“ સરસ્વતીચંદ્રનું ”

અવલોકન.

લે. વિશ્વનાથ વિ. પ્રભુરામ.

ઉપોદ્ઘાત.

લે. મણિલાલ નભુભાઈ દ્વિવેદી.

સંવત્ ૧૯૪૬. સન ૧૮૯૦.

મુંબઈ:
"નિર્ણયસાગર" મુદ્રાલયમાં મુદ્રાંકિત કર્યું.
(સર્વ હક સ્વાધીન રાખ્યા છે.)

પ્રસ્તાવના.

"સરસ્વતીચંદ્ર"ના વિવેચન રૂપે લખાયલાં થોડાંક પાનાં ઉપર વળી પ્રસ્તાવનાની શું જરૂર હતી? આવો પ્રશ્ન થવાનો સંભવ છે. લેખકને પણ એમજ લાગતું હતું; પરંતુ વિવેચન પ્રસિદ્ધ થયા પછી કેટલાક સ્નેહીઓના તે સંબંધી બે ચાર ઉદ્ગાર સાંભળી, આટલાં પાનાં વિવેચનનાં ભર્યાં તો થોડીક લીટીઓ પ્રસ્તાવના રૂપે લખવાની જરૂર જણાઇ.

જે ગ્રંથઉપર આ વિવેચન લખાયલું છે તે ગ્રંથ લોકોની અંદર આજસુધીમાં ઘણી સારી રીતે પ્રસિદ્ધી પામી ગયો છે. તેના કર્ત્તા રા. રા. ગોવર્ધનરામની વિદ્વત્તા પણ વિદ્વાન જનોના લક્ષમાં આવી ગઇ છે; માટે તેવિષે અાહિંયાં કંઇ લખવાનું પ્રયોજન નથી. આ ગ્રંથ આશરે બે વર્ષ ઉપર મારા હાથમાં અનાયાસે આવી ચડચો તે વાંચતાં તેમાં પાડેલા જનસ્વભાવનું ચિત્ર બહુ આનંદપ્રદ જણાયાથી તે સમયેજ લગભગ એકતૃતીયાંશ ભાગનું વિવેચન લખાયું હતું. આ વિવેચન અકસ્માત્ રા. રા. કેશવલાલ હરિરામની દૃષ્ટિએ પડતાં તેમણે તે લેખ પોતાના તંત્રીપણા નીચે ચાલતાં આર્યધર્મપ્રકાશ નામના માસિક પત્રમાં લેવા ઉત્કંઠા જણાવી. તે વખતે ઉપર જણાવ્યું તેમ થોડોજ ભાગ લખાયલો હતો. બાકી રહેલો ભાગ ઘણું કરીને એ માસિક પત્રના સ્થળની અનુકૂળતા પ્રમાણે લખાયો છે.

હાલમાં ગુજરાતી ભાષામાં કેટલાંક સારી પ્રતિનાં પુસ્તકો પ્રસિદ્ધ થવા માંડયાં છે; પણ તેના પ્રમાણમાં સામાન્ય અને નિરૂપયોગી પુસ્તકોનો વધારો પણ બહુજ થવા માંડયો છે એમ કહિયે તો ખોટું નથી. સામાન્ય વાચકવર્ગ, ગુર્જર લોકમાં, એવો છે કે ગ્રંથ સમજવામાં જરા પણ કઠિનતા લાગે તો તે ગ્રંથ એમનો એમજ પડતો મુકેછે. વળી જો કોઈ વિદ્વાન્ માણસ તેજ ગ્રંથ વાંચવા ભલામણ કરે તો પાછો તે ગ્રંથ લઇ ગમે તે રીતે વાંચી જાયછે. આ ઉપરથી એટલું સિદ્ધ થાયછે કે તેમનામાં અર્થાત્ સામાન્ય વર્ગમાં, ગ્રંથ વિષે કંઇ પણ મત બાંધવાની શક્તિ ઓછી છે અને તેમ હોવાથી વિદ્વાનોનાં વચન ઉપર તેઓને વધારે વિશ્વાસ રાખવો પડેછે. આ ઉપરથી એટલું નક્કી જણાશે કે જો વાચકવર્ગમાં સારા ગ્રંથો વાંચવાની અભિરૂચિ વધારવી હોય તો વિદ્વાનોએ પોતામાંથી એક ગ્રંથવિવેચકવર્ગ ઉભો કરવો.

આજકાલ અવલોકનો કાંઇ થોડાં લખાતાં નથી. બે ચાર અઠવાડીક પત્રો અને દશ પંદર માસિકપત્રો એ કામ કરતાં દેખાયછે. પણ આની અંદર ઘણે અંશે કયા પ્રકારનાં અવલોકન આવેછે તે-વિષે આગળ આવતા ઉપોદ્ઘાતમાં ઘણું લખાયલું છે એટલે મારે વિશેષ લખવાની જરૂર નથી. કેટલાંક પત્રો તો માત્ર પુસ્તકોની પહોંચ સ્વીકારીનેજ પોતેં પોતાનું કર્તવ્ય કર્યું એમ સમજેછે. હાલમાં ગુર્જર વર્ગમાં અવલોકનકાર જોઇએ તો બેજ થયા છે. સ્વર્ગવાસી રા. રા. **નવલરામ લક્ષ્મીરામ** તથા રા. રા. **મણિલાલ નભુભાઇ** દ્વિવેદી. આ લેખકો પણ એ કામ પોતાના તંત્રીપણા નીચે

નીકળતાં માસિક પત્રમાંજ કરી શકે એ સ્વાભાવિક છે. રા. **નવલરામની** અવલોકનશક્તિ માન્ય કરવા યોગ્ય હતી. વિશેષ એટલા માટે કે તેઓ ઘણી સરલ ભાષામાં લખનાર હતા. અને તેથી એક સામાન્ય મનુષ્ય પણ તેમના વિચાર ઘણી સારી રીતે સમજી શકતું. તેમના સ્વર્ગવાસથી આ વિષયમાં બહુ મોટી ખોટ થઈ છે એમ કહેવા વગર ચાલતું નથી. એમના પછી બીજા વિવેચક તરીકે આપણે રા. **મણિલાલને** જ જાણીએ. તેમનાં વિવેચન પણ આજકાલ લોકોને બહુ ઉપયોગી થઇ પડેછે. પણ આ બધું તેમના માસિક પત્રમાંજ જોવામાં આવેછે. આપણી ભાષામાં માસિકપત્રો બહુ નાનાં અને તેમાં ચર્ચાવાના વિષયો ઘણા હોવાથી, અવલોકનને માટે સ્થળ બહુ થોડું રહેછે, અને તેથી અવલોકનો બહુ ટુકાં ટુકાં જોવામાં આવેછે. આમ હોવાથી થોડા લેખમાં આખાં પુસ્તકોનું વિવેચન આપનાર રા. **મણિલાલનાં** અતિ કઠિન ગ્રંથ ઉપરનાં વિવેચનો સામાન્ય જન સમજી ન શકે તો આપણે આશ્ચર્ય થવા જેવું નથી. લંબાણ વિવેચન તો મારા ધારવા પ્રમાણે આજ સુધીમાં માત્ર એકજ બહાર પડયું છે. રા. **નૃસિંહરાવે** મહાત્મા કહેવાતા **શ્રી**નારાયણ હેમચંદ્રે પ્રસિદ્ધ કરેલા **સંન્યાસી** નામના ગ્રંથઉપર એ લંબાણ અવલોકન લખેલું છે. **સંન્યાસી** કોઇ વિદ્વાન્ સત્હૃદય બંગાલી લેખકની પ્રસાદિ છે. એની અંદર જનસ્વભાવની ઉત્તમ પ્રકારની ચમત્કૃતિ છે. **વીર**બાળા અને **મરીચિ** જેવો સ્વભાવ આજસુધી કોઇ પણ ગુર્જર ગ્રંથમાં જોવામાં આવ્યો નથી. વિશેષ, બીજા ગ્રંથોની અંદર જે નાના

નાના દોષો છે તેવા દોષ આ ગ્રંથમાં જોવામાં આવતા નથી. કેટલાક વિદ્વાનોથી મહાત્મા પદને પામેલા આ આપણા પ્રસિદ્ધ લેખકે ભાષાંતર કરતાં આ ગ્રંથને જો પોતાની અશુદ્ધ, ઠેકાણા વગરની અને કેટલેક સ્થાને મંદ હાસ્ય ઉત્પન્ન કરાવનારી સંસ્કૃતમય ભાષાથી દૂષિત ન કર્યો હોત તો આજ એના જેવો લોકપ્રિય ગ્રંથ બીજો ન હોત. ભાષાના દોષને મૂકી દઈ તેનાં વસ્તુથી અને સંકલનાથી પ્રસન્ન થઈ રા. નૃસિંહરાવે તેના ઉપર પોતાના ઉદ્ગાર કાઢ્યા છે. આ પછી કોઈ પણ લંબાણ વિવેચન આપણી ભાષામાં થયું નથી અને ઉપર જણાવી આવ્યા તેમ જ્યાં સુધી એક અવલોકનકારનો વર્ગ ઉત્પન્ન ન થાય ત્યાંસુધી એમ થવાનો સંભવ પણ બહુ થોડો છે. આ સાથે જોડેલો ગ્રંથ તો માત્ર સામાન્ય શક્તિના મનુષ્યની રચના છે. વિદ્વાનો એના પ્રત્યે કેવા આદરથી જુએછે તે જોવાનું છે. ઉત્તેજન મળે તોજ આવો બીજો પ્રસંગ આણી શકાય.

આ સાથે જોડેલા ઉપોદ્ઘાતવિષે બે શબ્દ બોલવાની જરૂર છે. રા. નૃસિંહરાવે બહાર પાડેલું વિવેચન તેમણે એક માસિકપત્રની સાથે લોકમાં પ્રસિદ્ધ કર્યું હતું. તેમણે સાધારણ રીતે પુસ્તક પ્રસિદ્ધ કરવાનો માર્ગ મેલી આ નવીન માર્ગ લીધો તે ઉપરથી એમ જણાયછે કે આ પ્રકારનાં પુસ્તકો વિષે લોકોની અભિરૂચિ બહુ નથી. આ મંદ રૂચિ સતેજ કરવા એક તદ્વિષયપ્રવેશક લેખની જરૂર-જણાઈ. મારા સ્નેહી રા. મણિલાલ આ વિષયમાં બીજા વિદ્વાનો કરતાં વિશેષ ધ્યાન આપતા હોવાથી મારા

તરફથી એટલું કાર્ય કરવાની મેં તેમને વિનંતિ કરી, અને તે તેમણે ખુશીથી સ્વીકારીને આ સાથે જોડેલો ઉપોદ્ઘાત લખ્યો. એમના ઉપોદ્ઘાત વિષે મારે બોલવાની જરૂર નથી. તેમણે જે પ્રકારના નિયમો તેમાં દર્શાવ્યા છે તે નિયમોને અનુસરી અવલોકનો લખાય તો, તે, બહુ ઉત્તમ પ્રકારનાં થાય. એક પક્ષ એમ પણ કરી શકાય કે આવા લેખમાં આવા ઉંડા નિયમોનું શું જરૂર છે? પરંતુ વિચારતાં જણાશે કે આ નિયમો કાંઈ બંધનરૂપ થતા નથી. વિદ્વાન્ લેખકથી તે નિયમો અનાયાસેંજ પળાઈ જાયછે. ખરૂં જોતાં તો વિદ્વત્તા ભરેલા લેખમાંથી આ સાધારણ નિયમો મળી આવેછે. નવીન લેખકે તો પોતેં અન્ય માર્ગે ન ખેંચાઈ જાય તે-માટે સાવધાન રહેવા આવા નિયમોને અનુસરવું જ જોઈએ. કોઈ વિદ્વાન્ એ નિયમ પાળતો ન જણાય, તો તેમાં કાંઈ અન્ય કારણને લઈ તેમ કરવું પડેલું હોયછે.

પ્રસ્તુત અવલોકન વિષે પણ થોડું બોલવા જરૂર છે. મ્હારાથી એમ કહેવાયજ નહીં કે એ સર્વ રીતેં સંપૂર્ણ છે. ઉપોદ્ઘાતમાં આવેલા નિયમોનું અનુસરણ થયું છે કે નહીં અથવા સર્વાંશે એ અવલોકન કેવા પ્રકારનું થયું છે, એ નિશ્ચય કરવો એ વાચકવર્ગનું કામ છે. તેમાં કેટલીક ખામીઓ હશે. મારાથી મૂળ ગ્રન્થના સર્વ ભાગપર સરખી રીતે ધ્યાન નથી અપાયું એમ કેટલાક માનશે. હું એટલુંજ કહી શકું કે જે ભાગપર જેટલું લક્ષ આપવું જોઇએ એમ મને લાગ્યું તેટલુંજ આપ્યું છે. આટલા સમાધાન પછી બીજી

રીતે પણ કેટલાકને તે અપૂર્ણ લાગશે અને તે તો હું પણ અંગિકાર કરૂંછું કે જો, જે માસિકપત્રમાં એ છપાયું તેની સગવડઉપર મારે લક્ષ આપવું ન પડયું હોત તો કદાચિત્ કેટલાંક સારાં પ્રકરણોનું વિશેષ વિવેચન કરવા પ્રયત્ન કરત. એ સર્વ પ્રસંગોની અનુકૂલતા ઉપર આધાર રાખેછે. એ અનુકૂલતા બીજી આવૃત્તિ બહાર મુકતાં પણ મળી નથી અને એ અપૂર્ણતા એમને એમજ રહી ગઈ છે.

પ્રસ્તાવના વિશેષ ન લંબાવતાં છેવટ આ અવલોકન પોતાનાં પત્રમાં છાપવા માટે **વેદધર્મસભાની** કાર્યભાર મંડળીનો તેમજ મારી વિનંતિ ઉપર લક્ષ આપવામાટે રા. રા. **મણિલાલ નભુભાઈ** દ્વિવેદીનો ઉપકાર માની સમાપ્ત કરૂંછું.

ચૈત્ર શુદી ૧૧ વાર રવિ.

વિ. પ્ર.

અવલોકન સંબંધી

ઉપોદ્ઘાત.

લે. મણિલાલ નભુભાઈ દ્વિવેદી બી. એ;
કેટલોક સમય સામલદાસ કાલેજમાં સંસ્કૃતના
અધ્યાપક (પ્રોફેસર.)

ઉપોદ્ઘાત.

રા. રા. ગોવર્ધનરામ માધવરામ ના "સરસ્વતીચંદ્ર" નું અવલોકન કર્યા પછી, તદ્વિષયક ઉપોદ્ઘાતરૂપે કાંઈ લખવા મને રા. રા. વિશ્વનાથ પ્રભુરામે કહ્યું. એ પ્રસંગનો યોગ્ય લાભ લઈ મારા મનમાં જે વિચાર અવલોકનસંબંધે કાંઇક રમી રહ્યા છે તેજ પ્રદર્શિત કરવા ઉચિત ધાર્યું છું. "સરસ્વતીચંદ્ર"ના ગુણદોષનું વિવેચન કરવું કે તેના ઉપરના અવલોકનની પરીક્ષા કરવી એ કર્તવ્ય મેં માથે લીધું નથી, એ ઉભય પરત્વે વાચક પોતે, મારા અવલોકન સંબંધી ઉદ્ગારને વિચારી પોતાનું મત બાંધી શકશે.

પ્રખ્યાત શ્રી ભોજરાજે પોતાની રાજમાર્તંડ નામની યોગસૂત્રટીકાના મંગલાન્તે ઠીક કહ્યું છે કે दुर्बोधं यदतीव तद्विजहति स्पष्टार्थमित्युक्तिभिः स्पष्टार्थे त्वतिविस्तृतिं विदधति व्यर्थैः समासादिकैः । अस्थानेऽनुपयोगिभिर्बहुतरैर्व्यर्थं भ्रमं तन्वते बोद्धॄणामिति वस्तुविक्लवकृतः प्रायेण टीकाकृतः ॥ * સત્ય છે કે ટીકાકારો વસ્તુવિકલવ કરના-

* જે દુર્બોધ હોય તેને "એ તો સ્પષ્ટ છે" એમ કહીનેજ તજી દેછે, ને જે સ્પષ્ટાર્થ હોય તેના ઉપર પંડિતાઇ બતાવવા, નકામા નકામા સમાસાદિના વિગ્રહ સમજાવવાનું ડોળ કરી બહુ ટાયલું વિસ્તારેછે; જ્યાં જરૂર ન હોય તેવે ઠામે કેવલ નિરુપયોગી બહુ બહુ વાતો દાખલ કરી ઉલટો વાચનારને મિથ્યાભ્રમ પેદા કરેછે; એમ પ્રાયશઃ ટીકા કરનારા જે શુદ્ધ મૂલવસ્તુ હોય તેને કેવલ ચુંથી નાખેછે.

રાજ છે. પોતાના પાંડિત્યનું દર્શન કરાવવાની મિથ્યા લાલચમાં તેઓ પોતાનું કર્તવ્ય વિસરી જાયછે, ને જેનું વિવેચન કરવાનું છે તેને આજુપર મૂકી માત્ર પોતાના પાંડિત્યનું વિવેચન કરવા બેસેછે. **ભોજ**રાજે આ અભિપ્રાય આપ્યો તે વખતે તેના હૃદયમાં **શ્રીશંકરાચાર્યે**, કે **શ્રીમલ્લિનાથ** જેવા વિવેચકો નહિજ હોય. યદ્યપિ ટીકાકારો મૂલવસ્તુનો વિકલવ કરનારા છે એ નિઃસંશય છે તથાપિ ટીકાકારોને લીધેજ કાવ્ય, શાસ્ત્ર, આદિ અનેક દર્શનના પ્રણેતા અમરત્વ ભોગવવા સમર્થ થયા છે એમ કોણ નહિ સ્વીકારે? **કાલીદાસને મલ્લિનાથે** અમર કર્યો છે, જેમ તેના પાશ્ચાત્ય સમધર્મા **શેકસપીઅર** ને **જરવાઈનરે** અમર કર્યો છે. **શેકસપીઅર** અંગરેજ કવિ છતાં પોતાના દેશીઓથી એટલો અવમાનિત હતો કે તેની મહત્તા અને ચમત્કૃતિ સમજાવવાનું માન એક પરદેશી–જરમન–ને ઘટેછે. કાલે કરીને જ્યારે નાટકશાલાના પડદા સંભાળનારાને સંભારનારા અસ્ત થયા, અને દેશકાલપ્રમિતમૂર્તિ ઉપરથી હૃદયના આવેશનાં આવરણ દૂર થયાં, ત્યારે–મોડું તો મોડું, પણ અસંશય યોગ્ય માન જેને ઘટતું હતું તેને મળ્યું. ગુણની ગણના તેના ઉદ્ભવની સાથેજ થાય એવું તો ક્વચિત્જ બનેછે, પણ તે થયાવિના રહેતી નથી. उत्पत्स्यतेऽस्ति ममकोऽपि समानधर्मा कालो ह्ययं निरवधिर्विपुला च पृथ्वी* એમ જે **ભવભૂતિએ** કહ્યું છે તે વાસ્તવિક છે. એ વાક્ય પણ ટીકાકારોથી નિર્વેદ પામીને સાર્થ સ્વગુણાભિમાની પંડિતકવિએ કહ્યું છે, ને તેની સત્યતા કાલે સિદ્ધ કરીછે.

---

* છે કો સમાન મમ કે પછી કોઈ થાશે;
પૃથ્વી વિશાલ વળી કાલ અનન્ત ભાસે.

માલતીમાધવ. ભાષાન્તર.

આટલું તો આપણે ટીકાકારોના સંબંધે કહ્યું. પણ પ્રકૃત વિષય સાથે એને કાંઈ સંબંધ છે? ટીકા એ શબ્દના અર્થમાં જે અન્તર આજ થઈ ગયુંછે તેને લીધે આ શંકાનો અવકાશ છે. લોક એમજ જાણેછે કે ટીકા એટલે નિંદા; કોઈનો દોષ કાઢવો, ગુણમાં પણ દોષ આરોપવો! ટીકા શબ્દનો મૂલ અર્થ તો માત્ર સ્પષ્ટીકરણ, વિશેષવિચાર, વિવેચન, અવલોકન, એટલોજ છે; ને આપણે જે કહી ગયા તે પણ તેનેજ માટે. ટીકાનો જે અર્થ આજ કાલ પ્રચલિત છે તેને ટીકા કહેવાયજ નહિ. તેની જરૂર પણ નથી. એનું નામ તો માત્ર નિંદા છે, ને તે અધમ લેખકોની ઉપજીવિકા છે. એના વિષે આપણે કાંઈ બોલવાની જરૂર નથી. દા. જોન્સને બહુ માર્મિક રીતે એવા નિંદકો માટે કહ્યુંછે કે "તેમનામાં જે ન્યૂનતા હોયછે તેને પૂર્ણતારૂપે જણાવવા એવા લોકો કોઈ સંપૂર્ણ જણાતા મહાશયોને નીચા નમાવવા વેવલાં વીણેછે, કે તેમ કરવાથી તેઓ પોતે કાંઇ પ્રસિદ્ધિ પામે. પણ તેમને જે અપ્રસિદ્ધિ અતિ ઉચિત છે તેમાંજ રહેવા દેવાનો એકજ રસ્તો છે, ને તે એ કે તેમની કોઇએ દરકાર ન કરવી."

લોક અર્થાત્ વાચકવર્ગ પણ એમ જાણેછે કે ટીકા થવી એ મહા હાનિ અને કષ્ટ છે. ટીકા થઇ એટલેજ જાણે કાંઇક દૂષણ છે એમ સિદ્ધ થઇ ચુકયું! આવો લોકભ્રમ પણ અધમ ટીકાકારોના અસદાચરણથી પેદા થયોછે. પણ એમાં કાંઇ સાર નથી. નિંદા કરનારની નિંદા સત્ય હોતી નથી, ને નિંદાને બદલે, વાસ્તવિક ટીકાકારના મતભેદથી, જે હોય તેને દૂષણ લાગતું નથી. લોક એમ માનતા હોય કે એક માણસ જે લખે અથવા બોલે તે ત્યારેજ ખરૂં કહેવાય કે જ્યારે તેને સર્વ પ્રમાણ કરે, તો આ કરતાં વધારે મ્હોટી ભુલ બીજી કોઇ નથી. શ્રીરામ જેવા અકલંકિત

મહાત્માનું શુદ્ધ ચરિત પણ લોકદૃષ્ટિએ કેવલ અદૂષિત નથી, તો સામાન્ય આચાર વિચાર પરત્વે મનુષ્યમાત્ર એકમત થાય એમ આશા રાખવી વ્યર્થ છે. એવું સામાન્યતઃ મનાયછે કે "સો શાણાનો મત એકજ" તથાપિ મારૂં માનવું તો એમજ છે કે મતભેદ એ કોઇ પણ દેશની વિદ્યાસમૃદ્ધિનું સુચિન્હ છે, ને જેમ વસ્તુગત્યા અનિવાર્ય છે તેમ લાભકારી છે. સત્ય છે તે એવું નથી કે મતાંતર સહન ન કરી શકે. જે અસત્ય છે તેજ મતાંતર સહન કરવા અસમર્થ છે. ગમે તે બાજુએથી જુઓ પણ સત્યપ્રતિમા સર્વથા એકરૂપેજ સમજાશે; પણ અસત્ય તો માત્ર જે બાજુએથી જોવાને લીધે સત્યાભાસ જણાઇ શકતું હોય, તેટલી બાજુએથીજ ઇષ્ટરૂપે સમજાશે. આમ સત્યને મતાંતરનું ભય નથી. મતાંતર સહન કરવું એ અતિ ઉદારબુદ્ધિ અને વિશાલવિદ્યાપ્રસાદનું ફલ અથવા લક્ષણ છે. ત્યારે લોક એમ સમજે છે કે ટીકા થઇ એટલેજ દોષ સિદ્ધ થયો તે ભ્રમ છે એટલુંજ નહિ, પણ જેના ઉપર ટીકા નથી થતી તે દોષવાળું છે એમ હોવાનો સંભવ છે. જે ગ્રંથ, જે લેખ, જે ઉક્તિ, વિદ્વચ્ચર્ચાને યોગ્ય થઇ તે, યદ્યપિ મતાંતરગ્રસ્ત હોય તથાપિ, સાર્થ છે, ધન્ય છે, ઉત્તમ છે, વિશુદ્ધ છે.

ત્યારે હવે આપણે ટીકા શબ્દનો અર્થ સ્પષ્ટ કરવા સમર્થ થઈશું. ટીકા એ શબ્દ પ્રાચીન સમયમાં તો વિવેચન કે વિવરણમાટે રૂઢ હોય એમ જણાયછે. પ્રકૃતસમયમાં, પાશ્ચાત્યરીતિને અનુસરતાં, જે રીતે ગ્રંથાદિને તપાસવાનો પરિચય પ્રચલિત છે, તેને ટીકા એ નામ ઘટતું નથી. અંગરેજીમાં એને "રિવ્યુ" કહેછે, ને તેનો ધાત્વર્થ 'પુનરવલોકન' એટલોજ છે. એટલે આપણી ભાષામાં પણ એને આપણે 'અવલોકન' એમ કહીએ, કે એવાજ અર્થના કોઈ શબ્દથી વ્યવહરીએ, તો યથાર્થ છે. એમ કરવાનું

બીજાું પણ કારણ છે. ટીકામાં જે હોય તેનોજ આશય સ્પષ્ટ કરાયછે, અવલોકનમાં તે ઉપરાંત તે વિષયનું સાંગ સ્ફોટન નિરૂપાયછે. જે વિષય હોય તેજ વિષયને પુનઃ અવલોકી તેનું રૂપ જેવું નિરૂપકે આલેખ્યું હોય તેવું અન્ય રીતે, પણ મૂલને અધિક પ્રકાશ મળે તેમ, સ્પષ્ટ કરવું એ અવલોકનનો વિષય છે. શબ્દભેદ નક્કી કરતાં, આ પ્રમાણે, આપણે અવલોકનનો અર્થ પણ જોઈ લીધો. દોષ કાઢવા બેસવું એ અવલોકન નથી, અર્થાત્ અવલોકનનો હેતુ નથી. એટલે સુધી પણ કહીએ કે અમુક રચનાને સારી નરસી જણાવવી એ પણ તેનો હેતુ નથી. અવલોકનનો હેતુ તો માત્ર એટલોજ છે કે પ્રકૃત વિષય જેવો આલેખાયો હોય તેવો સ્પષ્ટ કરતાં તેના ઇતરથાસિદ્ધ થતા સંપૂર્ણ રૂપે વાચક આગળ મૂકવો. એમ કરતાં હેયોપાદેય અંશ બતાવવા પડે તેમાં કાંઈ હાનિ નથી; પણ તે બતાવવા એજ અવલોકનનો હેતુ નથી. બીજી રીતે બોલીએ તો પ્રકૃત લેખકને ઉપદેશ આપવો એ અવલોકનનો હેતુ કે વિષય નથી, તન્નિરૂપિત વિષયને સ્પષ્ટ કરી વાચકોને શુદ્ધ બોધ કરવો એ તેનો હેતુ ને વિષય છે.

ત્યારે એમ કલ્પના થાય કે પ્રકૃત વિષયનો નવીન ગ્રંથજ લખવો? ના. એમ કરવામાંજ આપણા આજ કાલના કહેવાતા ટીકાકારો ગોથું ખાયછે. પોતાના મનમાં કોઈ વિષયનું રૂપ ગમે તેવું કલ્પેલું હોય તેને, અને તેજ વિષય જે રૂપે પ્રકૃત નિરૂપકે ચિંતવ્યું હોય તેને કાંઈ સંબંધ કરાવવો એ મ્હોટી ભુલ છે. એજ ભુલમાં ટીકા કરવાનું ડોળ રાખનારા વારંવાર પડેછે, ને સૂર્યમાં પણ અંધારૂં દેખી બીજાને દેખાડવાનો વ્યર્થ પ્રયાસ કરેછે. આગળ લખી ગયો છું કે મતાંતર સહન કરવું એ ઉદારબુદ્ધિનું

લક્ષણ છે. તો વિષયને રૂપાંતરે નિરૂપનારને પણ સહન કરવો એ અવલોકન કરનારનું પ્રથમ અને મુખ્ય કાર્ય છે. પોતે તે વિષયને કેવો નિરૂપત એ બતાવવાનું કામ તેનું નથી, પણ જેવો નિરૂપિત કર્યો છે તેવો શા પ્રકારે કર્યો છે તથા તેમાં શું રહસ્ય છે એ સમજાવવાનું તેનું કર્તવ્ય છે. એટલાજ માટે આપણાં શાસ્ત્રોમાં અનુબંધચતુષ્ટયનો વિવેક રાખેલો છે. પ્રત્યેક અવલોકનકારે એ ચાર અનુબંધપૂર્વક પ્રતિલેખને અવલોકવો, એટલે ઉક્ત દોષ થવાનો સંભવ પ્રાયશઃ આવશે નહિ. અનુબંધ ચાર છે. વિષય, સંબંધ, પ્રયોજન અને અધિકાર. વિષય એટલે લેખનો વિષય; સંબંધ એટલે તે લેખ અથવા લેખક, અને પ્રતિપાદ્ય વિષયનો સંબંધ; પ્રયોજન એટલે એ લેખની પ્રવૃત્તિનું કારણ; અને અધિકાર એટલે કોનેમાટે એ લેખ રચાયો છે તે. આ ચાર વાતનો યોગ્ય વિચાર કરી અવલોકન ચલાવ્યું હોય તો પોતાના અભિપ્રાયો અંદર ન આવી જતાં પ્રકૃત વિષયના રૂપનેજ સ્પષ્ટ કરવામાં વળગી રહી શકાય, અને એમ અવલોકનકાર પોતાના કૃત્યમાં વિજયી નિવડે. અવલોકનનો હેતુજ ઉપદેશ આપવાનો છે, અર્થાત્ જે વિષયનો લેખ હોય તે વિષયથી જે લાભ છે તે લાભને અધિકતર ફલપ્રદ કરવાનો છે. કેવલ "સારૂં" કે "નઠારૂં" એમ મત આપવાનું કામજ તેનું નથી, કેમકે કારણવિનાનો મત, સારો હોય તથાપિ, બુદ્ધિમાનને સંતોષ આપી શકતો નથી, ને સકારણ નઠારો હોય તો પણ તેમને તે માન્ય થવામાં નિષ્ફલ થતો નથી. આટલુંજ નથી, પણ એવો મત એ તો ગૌણ વિષય છે, ને તે જ્યારે મુખ્ય વિષય, એટલે પ્રકૃત વિષયનું સ્પષ્ટીકરણ, તેના અંગે હોય ત્યારેજ આસ્વાદયુક્ત લાગેછે. માટે વિષયનું નવુંજ રૂપ પોતે બાંધવા બેસવું એ કેવલ ભુલ છે, ને તે તજવામાટે અનુબંધચતુષ્ટય ઉપર

લક્ષ રાખી વિવેક કરવો. અનુબંધચતુષ્ટય ઉપર લક્ષ રાખી વિષયનું અધિક સ્ફોટન કરવું એજ અવલોકન કરનારનો આશય હોવો જોઇએ. એનું પ્રાચીન પ્રમાણ તો એજ છે કે કોઈ પણ સંસ્કૃત ગ્રંથ હું કહુંછું તેથી જુદા પ્રકારની ટીકાવાળો જડતો નથી. **માલવિકાગ્નિમિત્ર** કે **રત્નાવલી** કે નાનાસ્તોત્ર તે પણ અતિ ઉત્તમ ટીકાવડે ઘણાં ગૂઢને રહસ્યવાળાં જણાયાં છે. મને લાગેછે કે એજ ગ્રંથો કે છેક **માલતીમાધવ**, કે ઉત્તરામચરિત, **શકુંતલાદિ** પણ, હાલના "ટીકા" કરનારાઓને સોંપ્યાં હોય તો તેમને ભાગ્યેજ તેમાં પ્રતિપદ દોષ જડ્યાવિના રહે. અરે! **પાણિનીયનાં** ટુંકાં ટુંકાં સૂત્રમાંથી વ્યાકરણનો ભાષ્યાન્ત અનન્ત ભંડાર, કે **વ્યાસસૂત્રથી** વેદાન્તભાષ્યોનો વિપુલ સમુહ આમ હોત તો જન્મ પામ્યો હોત! ત્યારે એજ સિદ્ધ છે કે અવલોકનકારનો હેતુ વિષયના અનુબંધને અનુસારે તે વિષયને અધિક સ્પષ્ટ કરવાવિના બીજો છે નહિ, હોય નહિ, હોવો ઘટે નહિ.

બીજી પણ એક શંકા ઉઠશે. શાસ્ત્રસિદ્ધ નિયમાનુસાર વિવેક કરવો એ અવલોકનકારને સિદ્ધિપ્રદ છે કે નહિ? આ શંકાના સમાધાનપરત્વે ઐકમત્ય હોવું અશકયવત્ છે. તથાપિ વિસરી જવું જોયતું નથી કે મહાલેખકોના પ્રયોગ એજ એ શાસ્ત્રના પણ કારણરૂપ છે; એટલા ઉપરથીજ निरंकुशाः कवयः એ સંસ્કૃત ઉક્તિ, અને "લાઈસેન્સ" ઇત્યાદિનો પાશ્ચાત્ય વિચાર, બે ઉદ્ભવ્યાં છે. અર્થાત્ સિદ્ધ મહાશયોના પ્રયોગ આગળ શાસ્ત્ર, એક સમયે, અસિદ્ધ ગણાય તો પણ બાધ નથી; તથાપિ સૂક્ષ્મ અને વિશાલ અવલોકનશક્તિના પ્રભાવે જે નિયમો અનાદિ ઈતિહાસથી સિદ્ધ માન્યા છે તેમનો અનાદર પણ બોધ્ય નથી. આરંભમાં શાસ્ત્રદૃષ્ટિએ વર્તવુંજ યોગ્ય છે, આવશ્યક છે, સંપૂર્ણ થવાયું

હોય તો પછી યથારુચિ જવામાં બાધ નથી. એમાં પણ બે વાત છે. વિષયમાત્ર દ્વિપ્રકારે રહેલા છે. સિદ્ધ અને કલ્પિત, અથવા અનુભવવિષય અને વિચારવિષય. જે જે સિદ્ધવિષય છે, તેમાં તો શાસ્ત્રની શૃંખલાને વળગી રહેવાથી કશો લાભ નથી, ઉલટી હાનિ છે. સિદ્ધવિષયની શૃંખલા તોડવાથીજ **કપિલ**, **બુદ્ધ**, **શંકર**; **ગેલીલીઓ**, **બેકન**, **કેન્ટ**, આદિ અનેક મહાપુરુષો થયા છે. કલ્પિત વિષયમાં પણ તેમ નથી થયું એમ નથી, પણ તેમાં શાસ્ત્રસંપ્રદાયને વળગી રહેવાથી વધારે લાભ છે. **માઘ** કે **ભારવિ** કવિનાં કાવ્યને **ભવભૂતિ** કે **કાલીદાસનાં** કાવ્ય સાથે, કે **પોપ** અથવા **ડ્રાયડનની** રચનાને **વર્ડસ્વર્થ** કે **શેલીના** તરંગ સાથે સરખાવીએ તો તુરત એમ સિદ્ધ થાય કે શાસ્ત્રશૃંખલા આવા વિષયમાં પણ લાભકારી નીવડી નથી. છતાં જ્યાં કલ્પનામાત્રજ આપણને રસ્તો બતાવવામાં સહાય છે, ત્યાં પૂર્વના અનુભવે સિદ્ધ કરેલા નિયમોનો કેવલ અનાદર ઇષ્ટ નથી. એ અનાદરથીજ ઉત્તમતા સિદ્ધ થાયછે એમ જે સમજવું છે તે સમજણનાં પરિણામ તો આપણને નિત્ય અનુભવાયછે. જે પતંગવત્ લેખલીલા આપણી દૃષ્ટિમર્યાદામાં પ્રતિસૂર્યોદયે ઉદય પામી એ અવિકૃત તેજસ્વીના નૈમિત્તિક અસ્ત સમયે નિતાન્ત નાશ પામેછે તે એનુંજ શોચનીય પરિણામ છે. કાવ્ય, તત્ત્વદર્શન, ઇત્યાદિ કલ્પનાપ્રભવ શાસ્ત્રોમાં પ્રાચીન અનુભવ બહુ ઉપયુક્ત થાયછે, તો પણ તેનાજ દાસ થવાની ભલામણ, હું પોતે તો, લેખક કે અવલોકનકાર કોઇને કરી શકતો નથી. એક ઉદાહરણથી વાત સ્પષ્ટ કરવા પ્રયત્ન કરૂં. લોક જાણેછે કે કાંઈ પણ કલ્પવું, ગોઠવવું, એ કલ્પના છે. ચાર પુરુષ, બે સ્ત્રી, અને બે ચાર ગીત, એટલે કલ્પિત કથા, જેને કાદંબરી એ હાસ્યજનક નામથી તેઓ ઓળ-

ખેછે, તે થઈ ! આવી કથાઓનાં પાત્ર જુઓ, તેમની વૃત્તિ જુઓ, તો તમને હંમેશાં કોઇ પણ ગામના ગમે તેવા વિભાગમાં સહજમાં સોવાર નજરે પડે. આવી રચનાથી શો લાભ છે? એનાથી હ્રદયમાં કયો વિસ્તાર વ્યાપવાનો છે, બુદ્ધિમાં શી શક્તિ ઉમેરાવાની છે, કે સંસારમાં ઉત્તમાધિકારી ગૃહસ્થપણું ઉદ્ભવવાનું છે? એ વાર્તા તે કલ્પના નથી પણ માત્ર રચના છે. તેમાંનાં પાત્ર ખરાં નથી, પણ ઉભાં કરેલાં છે, કલ્પેલાં નથી.* કલ્પનામાં કાંઇક દિવ્યશક્તિ છે, કાંઈક આર્દ્રતા છે, કાંઇક રસાયન છે. તેની દૃષ્ટિજ જે ઇષ્ટભાવ હોય તે ઉપજાવવાને, તેમાંજ બીજાને પીગળાવવાને સમર્થ છે. તેની અસર. આજીવિત છૂટતી નથી. એવી કલ્પના કરવા માટે શાસ્ત્રાનુશીલનની આવશ્યકતા નથી, પણ જે લોક રચનામાત્રનેજ કલ્પના ઠરાવી ખ્યાતિ પામવા મથેછે તેમને શાસ્ત્રાનુશીલનથી બહુ અપ્રતિમ લાભ છે. અવલોકનકારને તો પાછું અનુબંધચતુષ્ટય ઉપર જઈ તપાસ કરવાનું છે, પણ તેમાં તેણે કયાં શાસ્ત્રનેજ વળગવું, કયાં બીજાનેજ જોવું, તે આ રીતે સ્પષ્ટ થઈ શકે. તત્ત્વશાસ્ત્રમાં પણ એવુંજ છે. પ્રાચીન ઈતિહાસ અતિલાભપ્રદ છતાં, તેનેજ વળગી

---

* આ સ્થલે કોઇને સહજ શંકા થાય કે સ્વભાવમાત્ર, અર્થાત્ જેવું છે તેવુંજ વર્ણન હોય તે શું નિરર્થક છે? તેમાં બુદ્ધિશક્તિની જરૂર નથી? મારૂં મત એમ નથી કે તેમાં બુદ્ધિની જરૂર નથી કે તે વ્યર્થ છે. પણ તેમાંથી પણ એકત્ર કોઇ ઉચ્ચતરભાવ ફલતો નહોય તો એ પ્રયાસ કેવલ ચર્વિતચર્વણ હોઇ નિ:સાર છે. જેને અંગરેજીમાં "રીએલિસ્ટિક" પદ્ધતિ કહેછે, તે આ પ્રમાણે લેખનશક્તિનો સાર નથી. તેનું એક અંગ છે, ને જ્યાં જ્યાં કોઇ ઉત્તમાભિલાષા કે ઉત્કૃષ્ટભાવની એકત્રરૂપે પણ સૂચક નથી–જેવી તે વારંવાર હોયછે–ત્યાં તો નિ:સાર, અધમજ છે.

રહેવું એજ ઇષ્ટ નથી. સર્વત્ર નૂતનતાનો ઉદ્ભવ શાસ્ત્રોલ્લંઘનથી થયોછે, પણ તેમ કરવાની શક્તિ શાસ્ત્રાભ્યાસથી આવી છે. આમ જ્યારે દ્વિધા નિયમ બતાવ્યો ત્યારે સિદ્ધ એકજ વાત શી છે કે, જેને અવલોકનકાર પકડે. બધામાં સિદ્ધ નિયમ અનુભવ એજ છે. આ વિશ્વની જેવી રચના છે, તેના જેવા નિયમ છે, તેમાંનાં મનુષ્ય પ્રાણી પદાર્થ ઇત્યાદિની જેવી પ્રકૃતિ છે, તેનાથી વિરુદ્ધ કાંઇ પણ વાત ન હોય એજ તે વાતની યોગ્યતાની પૂર્ણ સૂચના છે. ગમે તેવા સંભવ પણ શકય હોય એજ તેમને યોગ્ય ગણવાની કસોટી છે. અવલોકનકારને નાના નાના લેખનું અવલોકન કરવાનું નથી, તેને આખા વિશ્વનું, જનસ્વભાવનું, ને અનેક સંભવોનું સૂક્ષ્મ અવલોકન કરવાનું છે, કે જેથી વિવિધ કલ્પનાથી ઉદ્ભવતાં ચિત્રની શકયાશકયતાનો વિવેક કરી તેમાંથી તે સાર કાઢી શકે. સિદ્ધ કે કલ્પિત શાસ્ત્રમાત્રની પ્રવૃત્તિ આ વિશ્વના ચમત્કાર કે સંભવનો ખુલાસો આપવા માટેજ છે. એક સરસ કાવ્યથી માંડીને તે રસાયન કે ખગોલ કે ભૂસ્તરના શોધ પર્યંત, કે તત્ત્વજ્ઞાનનાં રહસ્ય પર્યંત પણ હેતુ તેનો તેજ છે. તો એ હેતુ પાર પાડવામાં જે જે સંબંધે જે જે સંભવ કે સિદ્ધ અનુભવ યોજ્યા હોય તેમને માત્ર શકયતાના ધોરણથી તપાસવા; અને એમ કરતાં તે સંભવોની યોજનાથી ચાલતી વિશ્વરચનાને સમજવામાં, એક અતિઅલક્ષિત અંશે પણ, સહાય મળતી હોય, ચાલતી નિકૃષ્ટ પ્રવૃત્તિને ઉત્કૃષ્ટ કરવામાં સહજ પણ માર્ગ બતાવાતો હોય, તો તે મુખ્યરીતે સ્પષ્ટ કરી પ્રયત્નને સાર્થ ગણવો. ત્યારે શકયતા અને ઉપયોગ એ બેજ વાત, અનુબંધચતુષ્ટય ઉપરાંત, અવલોકનકારે લક્ષમાં લેવાની છે. દેશકાલાદિ જે જે વિચાર છે તે શકયતામાંજ અંતર્ભૂત છે, ને એ શકયતા તથા ઉપ-

યોગ ઉભયને પ્રાચીન શાસ્ત્રાકારો ઔચિત્ય એવું એકજ રમણીય નામ આપેછે.

શાસ્ત્રસિદ્ધિ નિયમો પણ દેશકાલગત ઔચિત્યને વશ છે; કેમકે શાસ્ત્રનો ઉદ્‌ભવ જે અનુભવથી થાયછે, તેના પ્રયોગ આ અઘટિત-ઘટનાપટીયસી માયામાં નિત્ય નવા નવા ચાલતાજ છે. એવાં ઘણાં ઉદાહરણ મળી આવે કે જ્યાં અનેક પ્રાચીન નિયમ અર્વાચીન સમયે બદલાઇ ગયા હોયછે. એક નાટ્યશાસ્ત્રમાંજ લઇએ તો પ્રસ્તાવનાનો જે આવશ્યક નિયમ "नासूचितं विशेत्पात्रम्" એ ભરતમતાનુસાર હતો; તે હવેની રંગરચના જોતાં બહુ જરૂરનો નથી. એમજ નવીન રંગરચનાએ "પ્રવેશ" પાડવાનો પ્રયોગ દાખલ કરાવ્યો છે તે આવશ્યક અને યોગ્યજ છે. વળી નાટકાદિ પરત્વે પણ નિર્વહણ સંધિમાં કરુણા ન જોઈએ, અથવા અદ્ભુતજ જોઇએ. આવો જે શાસ્ત્રપ્રચાર છે તે વર્તમાન સમયને કવચિત્‌જ સુશ્લિષ્ટ લાગે તેવો છે. કાવ્યાદિપરત્વે આવું છે એમ નથી, પણ શાસ્ત્રમાત્રમાં એવું છે. એટલે અવલોકનકારે કેવલ શાસ્ત્રબદ્ધ થવું અનેક વાર હાનિકારક છે.

શાસ્ત્રશૃંખલાને કયાંસુધી સ્વીકારવી એ સમજાવતાં આપણે ઔચિત્યનો વિચાર નિયામક ઠરાવ્યો. એ ઔચિત્યને અંગેજ એક બીજો વિચાર પેદા થાયછે. લેખમાત્રમાં જે કથાકાવ્યના ટિકાદિ વિષયના લેખ છે તેમાંનાં પાત્રોના વર્તનાનુકૂલ ફલપરત્વે ઘણા ભિન્ન ભિન્ન વિચારો છે. આમાં મારૂં આધીન મત તો એજ છે કે ઔચિત્યભંગ ન થતો હોય તો કોઈ અદ્‌ભુત કાલ્પનિક નિયમને વળગી વસ્તુયાથાત્મ્ય બગાડવાની જરૂર નથી. "પોયટિકલ જસ્ટિસ્" (કવિકલ્પિત ન્યાય) એ સારાને સારૂં, નઠારાને નઠારૂં, એમજ ફલ આણવામાં રહ્યો છે, ને તે યોગ્ય છે, પણ

તેમાં એ વાસ્તવિક ન્યાયથી વસ્તુગત્યા જે થતું હોય તેને ઉલટાવી નાખી એક એ ન્યાયનીજ ખાતર અકલ્પિત કલ્પના કરવી એ ઔચિત્ય નથી. આ ઔચિત્યને કેટલાક આધુનિકોએ એટલેસુધી તાણી મૂકયું છે કે જે લેખમાં કાંઈ પણ અનાચારની નોંધ હોય, અનાચાર નહિ પણ સંસારના મૂલભૂત સ્રીપુરુષના સંબંધના સદાચારની નોંધ હોય, તે લેખ ઔચિત્ય વિનાનો છે! આમ સમજનારાએ જાણવું જોઇએ કે સંસાર કાંઈ દેવથી ભરેલો નથી, ને જોકે આપણે તેને તેવો કરવા ઇચ્છીએ છીએ, તોપણ તે ઇચ્છા પાર પાડવામાટે સદ્ગુણમાત્રનાંજ ચિત્રના સ્વાદ જોડે દુર્ગુણનાં દુઃખની કટુતા પણ બતાવવી પડેછે. અન્તે, એટલે આજન્મમાં કે અન્યજન્મે કર્માનુસાર ફલ થાયજ છે, ને તે લેખકે સિદ્ધ કરવું જોઇએ, છતાં અવાંતર વ્યતિક્રમ દોષવાળો નથી. કવચિત્ એમ પણ થાયછે કે કેવલ દુરાચારમય વર્તન અને તેના, પ્રત્યક્ષ નહિ, પણ સૂચિત પરિણામથીજ ગ્રંથસમાપ્તિ થતી હોયછે, પણ તેટલાથી તે લેખ અધમ ગણાવો કઠિન છે. અનુબંધપરત્વે ઔચિત્યનો એમાં ભંગ ગણાય નહિ. આવા ભેદમાંજ પાશ્ચાત્ય અને અત્રત્ય લેખની પદ્ધતિનો ભેદ છે. આપણા કવિનાં પાત્રો ઉત્તમ તે ઉત્તમજ—અલૌકિક. પાશ્ચાત્યનાં સામાન્ય, જનસ્વભાવનીજ પરાકાષ્ઠા. ઉત્તમ દૃષ્ટાન્તથી ઉત્કૃષ્ટતા માત્રનોજ બોધ કરવો એ આપણા લેખકોનું પ્રવૃત્તિનિયામક છે, અધમતાનાં દુષ્ટ પરિણામથી પણ ભીતિ પમાડી સન્માર્ગ બોધવો એ પાશ્ચાત્ય લેખકોનું છે. હું જાણું છું કે ઉભયનું મિશ્રણ લાભકારી છે. કેમકે એકથી જો કેવલ આ સંસારની પારનાં માણસ તૈયાર થાયછે, તો બીજાથી કેવલ નિકૃષ્ટ પ્રવૃત્તિજ અયોગ્ય અધિકારીઓ ગ્રહણ કરેછે. કહેવાનું તાત્પર્ય એ છે કે જે લેખનો એકત્ર હેતુ સામાન્યપ્રવૃત્તિ કરતાં ઉચ્ચતર પ્ર-

વૃત્તિ ને તેથી ઉચ્ચતર સુખ બોધવાનો છે તે લેખમાં, અન્યોન્ય વિષમતાના પ્રદીપનમાટે, યદ્યપિ શુભાશુભ ચિત્રોનો યોગ હોય તથાપિ તેમાં ઔચિત્યભંગ થતો નથી. આમ વિચાર કરી અનેક રીતે, અવલોકન કરનારે નિર્ણય કરવાનો છે. એકાન્તશુદ્ધ કે એકાન્તદુષ્ટ, એવી કોઈ વસ્તુ નથી. વસ્તુમાત્ર અધિકારપરત્વે શુદ્ધ, અશુદ્ધ, ઉભય કે અનુભયરૂપે જણાયછે, પણ અવલોકન કરનારનું તો એજ કર્તવ્ય છે કે અશુભમાંથી શુભને ફલાવવું, નિઃસારમાંથી સાર સમજાવવો, સંસારને સ્વર્ગ કરવો.

ઘણાક અવલોકન કરનારમાં એક બીજો પણ દોષ નજરે પડેછે. તેઓ સમગ્ર ચિત્રને વિલોકી શકતા નથી; તેના કોઇ એક દેશને ગ્રહણ કરી વિચાર આપવા વળેછે. આપણે જાણીએ છીએ કે મનોહર સુંદર ચિત્ર, હૃદયના મર્મભેદક ભાવના આવિષ્કારયુક્ત વદનવાળું ચિત્ર, તે બનેલું તો અનેક રંગના લીટા લીટાનુંજ હોયછે. એનાથી જે અસર થાયછે તે કહી શકાતી નથી કે તે તેના ચક્ષુના ભાવથી થાયછે, કે તેના વદનની આકૃતિથી થાયછે, કે તેની સ્થિતિના મરોડથી થાયછે! તથાપિ તે પ્રતિવસ્તુ જુદી જુદી લઈએ તો કાંઇ અસર કરતી નથી, ક્વચિત્ તુચ્છત્વનો વિચાર પ્રેરેછે. સમગ્ર જોતાં હૃદયમાં કેવાં ભવ્યતા, પ્રીતી, તન્મયતા, આનંદ ઉદય પામેછે. લેખકોના પરિણામ પણ ચિત્ર જેવા છે. ચિત્રનો ચીતરનાર, તેની પીછી, તેના રંગ, કે તે ચિત્રના ભિન્ન ભિન્ન અવયવ, એ બધું જેમ વિસરી જવાનું છે, તેમ લેખનું પણ જાણવું. સમગ્ર ચિત્રમાત્રજ કેવું છે? સમગ્ર વિષયનિરૂપણ કેવું છે? આટલોજ વિચાર કરવાનો વિષય છે ને તે વિચારનું ફલ બીજાને સ્પષ્ટ રીતે સમજાવવું છે. જેનો સ્વભાવ નિંદા કરવાનો હોય, જેને જાણી જોઈને દોષારોપમાંજ પ્રીતિ રાખવી હોય, તેને તો

સુલભ માર્ગ છે, ચિત્રની રેખ રેખ લેવી એટલે તે પોતાને, તેમ જોનારને, કોઇને સુંદર, સુશ્લિષ્ટ, કે શુદ્ધ લાગવાની નહિ. કાંઇ ન ચાલે તો ચિત્રકારનેજ વળગવું એટલે નિંદાનો પ્રસંગ સંપૂર્ણ રીતે મળશે. મારો આ સ્થલે મનુષ્યાવલોકન માટે લખવાનો હેતુ નથી, કેમકે તેનેમાટે તો શાસ્ત્રોના થોકેથોક લખાતાં પણ પાર આવ્યો નથી, છતાં એટલું તો કહેવા ઇચ્છું છું કે આચાર અને વિચાર એ બે વાત એક હોય એતો ઉત્તમજ છે, પણ તેમ ન હોય તો એ આચારની વિરુદ્ધતાનેલીધે ક્ષણસુખ લોલુપજ સ્વભાવમાં, વિચાર પણ ખોટા કરતા નથી. વિચાર પ્રમાણે આચાર ન રાખનારને બીજાની નિંદા કરવાનો હક નથી, પણ યોગ્યાયોગ્યનો વિચાર આપવાનો તો છે. આપણા વિચાર આપણા ઐશ્વર્યનો અંશ છે. આપણો આચાર આપણા મર્ત્યત્વનો અંશ છે. ઐશ્વર્ય અધિક અસર કરનારૂં તે નિત્યછે, મર્ત્યત્વ થોડાકજ ભાગમાં અસર કરનાર અને અનિત્ય છે. મનુષ્યમાત્રપરત્વે જ્યારે આમ છે ત્યારે તે નિયમ લેખકોના લેખ જોતાં તો જરાપણ વિસરવો જોયતો નથી. એવી દોષ આરોપવાની પ્રવૃત્તિ નિરર્થક, નિષ્કારણ છે, ને તેનું કારણ અને કાર્ય તે પોતેજ છે. એનાથી કોઇને લાભ નથી, ને તેવી પ્રવૃત્તિ ન થઈ હોત તો હાનિ નથી. અવલોકનકારે આ વાત બહુજ લક્ષમાં રાખવાની છે. એટલી બધી લક્ષમાં રાખવાની છે કે જ્યાંસુધી તેને સમગ્ર ચિત્ર વિલોકી સમજતાં આવડતું નથી ત્યાંસુધી તે અવલોકનના કાર્યનેજ લાયક થયો નથી.

આ બધા નિયમો સામાન્યરીતે સર્વના જાણવામાં છે, પણ થોડાજ તેને પાલેછે. લોકપ્રીતિ, કીર્તિ, માન એ એવી અદ્‌ભુત વસ્તુ છે કે જ્યાં તેનો આપણે ઘણાંમાં ઘણો અસંભવ ધારતા

હોઇએ ત્યાંજ તે હાજર હોયછે. ઉદાર નિઃસ્વાર્થના ઉજ્વલપ્રકાશથી માંડીને તે કેવલ સ્વાર્થમગ્નપાતકગૃહના અંધકાર સુધી પણ તેની મર્યાદા સર્વોપરિ વર્તેછે. જેમ અસંખ્ય ગ્રંથકારપતંગ એ દીપમાં ઝંપલાવે છે, તેમ તે પતંગને ભક્ષણ કરવાનું સામર્થ્ય જણાવવામાંજ શક્તિની સિદ્ધતા દાખવનારા તે દીપ પાછળ અસંખ્ય ભમેછે. ઉભયનાં ઉત્પત્તિ ને લય સાથેજ થાયછે; પણ ક્ષુદ્ર મનને એ લિપ્સા સહજમાં થાયછે કે અન્યના દોષ દેખાડવાથી તે મારાથી નિકૃષ્ટ ગણાશે ને એમ હું ઉત્કૃષ્ટ થઇશ. મિથ્યા આશા! એમાંનું કાંઈ થતું નથી, ને નિકૃષ્ટનું ફલ નિકૃષ્ટજ આવેછે. કેટલાક એવા પણ હોયછે કે પ્રકાશમાન્ મહાજીવની પીઠે વળગી પ્રસિદ્ધિ શોધેછે, પણ તેમનો વિનાશ તે પ્રકાશના અનાદરરૂપ અગ્નિમાંજ સહજે થાયછે એ આગળ કહેલુંજ છે. આવાં ફાંફાં મારવા છતાં લોકપ્રીતિ શું છે? કેવલ ધૂમ્રનો બાચકો. લોકમત છે તે મેઘધનુષ્ જેટલા રંગનું બનેલું છે, ને તેટલુંજ ક્ષણિક છે. તેને ધોરણે વર્તનારનું વર્તન અને તે વર્તનનાં ફલ પણ તેવાંજ અનિયમિત અને ક્ષણિક થાયછે. કિબહુના આજના માનિતપુરુષો કાલના અવમાનિતમાં પડેછે, ને લોકપ્રીતિના અભિષેકનું જલ સુકાતાં પૂર્વેજ તે પદભ્રષ્ટ થાયછે. લોકમતને અનુસરનાર એમ પરિતાપ, પશ્ચાત્તાપ ને નિષ્ફલતાજ ભોગવેછે. પોતાનું હૃદય અને અસ્ખલિત અનાદિસિદ્ધ વિશ્વનિયમ એજ ઉચ્ચાભિલાષીનાં પ્રવૃત્તિ નિમિત્ત છે, ને અવલોકનકારે કે ગ્રંથકારે સર્વેએ તેનેજ વળગવામાં સ્વાર્થ માનવાનો છે. વળી, જે ન્યાય કરવાની ઇચ્છા રાખેછે, જે અવલોકન કરવાનું અભિમાન ધારેછે, તેણે તો "હું અને મારૂં" એ વાત અત્યંત વિસરી જવી જોઇએ, અર્થાત્ દોષદૃષ્ટિમાં સંતોષ ન માનવો જોઇએ, ગુણનિરૂપણમાંજ પ્રીતિ રાખવી

જોઇએ. કોની પ્રવૃત્તિ લક્ષમાં લેવી? એક ક્ષણમાત્રમાંજ ઉત્પત્તિ, સ્થિતિ, લય, ત્રણે અનુભવનાર પતંગની? તેમાં પણ સમાનજાતીય પતંગે પતંગનું તો ઠીકજ છે, પણ અવલોકન કરનાર કરાવનાર સૂર્યે તેના ઉપર દૃષ્ટિ કરવા નીચા નમવું? એમ કરનારા અવલોકનકાર ગણાયજ નહિ.

આપણી ભાષામાં આજ કાલ અનંત લેખકોની પ્રવૃત્તિ જાગી છે, તેમાંની જે જે નિકૃષ્ટપ્રવૃત્તિ છે તેથી ઉત્કૃષ્ટને પણ લોકો ઓળખી શકતા નથી, માટે કોઈ અવલોકન કરનારની આવશ્યકતા છે એવું સામાન્ય લોકમત છે. આ વાત બહુ ઉચિત છે, ને એમ થવાની આવશ્યકતા છે. પરંતુ આ સ્થલે જે અલ્પ વિવેક કર્યોછે તેથી સિદ્ધ જણાશે કે અવલોકન શું છે, ને તે કેમ અને કોણે કરવું. એ વાત જો યથાર્થરીતે ન સમજાય તો જેટલા લખનારા છે તેટલા અવલોકન કરનારા પણ ભલે ઉભરાય; એથી કશો લાભ થવાનો નથી, હાનિ તો સ્પષ્ટજ છે.

નડીઆદ.
૧૨, ૧, ૯૦. } લે. મણિલાલ. ન. દ્વિવેદી.

રા. રા. ગોવર્ધ્ધનરામ માધવરામ ત્રિપાઠી.

કૃત,

"सरस्वतीचन्द्र" भाग पेहेलानुं

अवलोकन.

કર્ત્તા

વિશ્વનાથ વિ. પ્રભુરામ.

रा. रा. गोवर्धनरामकृत

"सरस्वतीचंद्र" भाग पेहेलानुं

अवलोकन.

સારી છપાઈનું, વિચિત્ર રંગથી સુશોભિત પુઠાંનું, આ પુસ્તક સર્વને દર્શનથી મોહમાં ખેંચી, સ્વશરીરમાં ગોઠવાએલ વિવિધ પ્રકારની રચનામાં મનને ખેંચેછે. પુસ્તક ઉઘાડી, પ્રથમનાં કર્ત્તા અને કાર્યનાં નામદર્શક પૃષ્ઠો ફેરવી, લઘુ પણ પ્રૌઢ, ઇંગ્લિશ અને ગુર્જર ભાષામાં લખાએલી પ્રસ્તાવનાઓ વાંચી, તેમાં જણાવેલા વિચારો ઉપર વધારે વિચારો દર્શાવ્યા વિના, તેમજ મંગલાચરણરૂપેં લખાએલી અર્પણપત્રિકા વાંચી, અનુભવી, આપણે કથાભાગમાં પ્રવેશ કરીએ.

પ્રથમ પ્રકરણમાં કર્ત્તા આપણને પશ્ચિમ સમુદ્રના કોઈ બંદરને કાંઠે આવી પડેલાં વહાણ ઉપરથી ઉતરતા એક પુરૂષને દેખાડેછે. આ પુરૂષનું વર્ણન અને નવું ધારણ કરાવેલું નામજ (ગ્રંથારંભે લખેલ નામને મળતું હોવાથી) વાંચનારના મનમાં વિચાર ઉત્પન્ન કરેછે, કે

આ મનુષ્ય કોઇજ નહીં પણ કથાનો નાયકજ હોવો જોઇએ અને અંતે તેમજ નિસરેછે. આપણે એ પુરૂષને નાયક કહી શકશું? બંને પક્ષમાં વિવિધ કારણો છે. પ્રથમ ભાગ ઉપર દૃષ્ટિ રાખતાં આ પુરૂષને નાયક કહેવો એ, આ કથામાં આવતા બીજા પુરૂષને અન્યાય કરવા જેવું છે. જો એનેજ નાયક કહીએ તો એ નાયક બહુ વિચિત્ર છે. ઇંગ્લિશ કવિ ગોલ્ડસ્મિથના "ચાઇનીસ લેટર્સ" માંહેલા ચાઇનીસના જેવો આ પુરૂષ જણાયછે. સ્વગૃહનો ત્યાગ કર્યા પછી આ પુરૂષે ઉપર લખેલ પુરૂષના પરિમાણે એટલું બધું આપણું ધ્યાન ખેચ્યું નથી; કે આપણે તેને બહુ ઉચા પદે મુકીએ. પ્રથમ ભાગની અપેક્ષાએ, આખી કથાનો એ નાયક હોવા છતાં પણ, બુદ્ધિધનને આપણે નાયક કહિશું તો એ અયોગ્ય નહિ કેહેવાય. આ વિષયમાં વિશેષ બોલવું એ, જ્યાંસુધી દ્વિતીય ભાગનાં દર્શન નથી થયાં ત્યાંસુધી અનુચિત છે.

આ સરસ્વતીચંદ્ર અથવા આપણી દૃષ્ટિમર્યાદામાં ઉભેલો નવીનચંદ્ર, સુવર્ણપુરનો અતિથિ, નૌકામાંથી ઉતરી, વિચાર કરતો રાજેશ્વર મહાદેવના મંદિરમાં પ્રવેશ કરેછે. મંદિરનું વર્ણન સામાન્ય છે. તે વર્ણનમાં આપણી દૃષ્ટિ આગળ તે મંદિરનું સ્વરૂપ સાક્ષાત્કાર કરાવવાની શક્તિ નથી. કરણ ઘેલો અથવા રાણકદેવીના કર્ત્તા

આ વિષયમાં આ કર્ત્તા ઉપર જય મેળવેછે. અસરકારક વર્ણન કથાની રસિકતા, લાવણ્ય અને વાંચનારની ઉત્કંઠાને અધિક કરેછે; તેમાં કર્ત્તા અને કાવ્યનું સાફલ્ય છે. અંદર પ્રવેશ કરતાં મૂર્ખદત્ત તપોધન (!) નાં દેવ-સહવર્ત્તમાન દર્શન થાયછે. મૂર્ખદત્ત ઘણે ઠેકાણે અને સમયે પોતાનું મૌર્ખ્ય દેખાડેછે, તથાપિ તે મૂર્ખ નથી, એમ કર્ત્તાના લેખ ઉપરથી જણાયછે. હશે. આ પ્રવેશ પછી કથાભૂમિ ઉપર આ પુરૂષનું કવચિતજ દર્શન થાયછે; માટે આપણે પણ તેનેવિષે અહિંજ પૂર્ણાહુતિ કરીએ. એ સાંપ્રત સ્થિતિના પૂજારીનું યથાસ્થિત ચિત્ર છે, એમ કહેવામાં અસત્ય નથી; પરંતુ હજી એ વર્ણનમાં કાંઈક ન્યૂનતા જણાયછે. કર્ત્તાનો લેખ આપણને વધારે જાણવા અને આનંદ લેવા ઉત્સાહી કરેછે; પણ તે ઉત્સાહમાં તણાતાં આપણે ઠગાઇએ છીએ.

બીજા પ્રકરણમાં આપણી દૃષ્ટિમર્યાદા આગળ ત્રણથી ચાર યુવતીઓ આવેછે. નવીનચંદ્ર—સરસ્વતીચંદ્ર, કલ્પાએલો નાયક, અહિંઆંથી લગભગ છ પ્રકરણસુધી તટસ્થ રહેછે. અજ્ઞાત મનુષ્ય! કોઈ જાણતુંએ નથી અને કોઇને જાણવાની ઇચ્છાએ નથી કે તે કોણ છે. ડા. પિટર્સન જેવા ટીકાકારને આવી સંકલનામાં કદાચિત્ વધારે આનંદ આવે; પરંતુ બાણ મહાકવિને એ

ઠીક નથી લાગ્યું. “ પ્રથમથી *નાયિકા (નાયક)નો પ્રવેશ કરાવીને, થોડીવાર તટસ્થ વા શૂન્ય જેવી (વો) દર્શાવવી (વો) તે કરતાં યોગ્ય અવસરે પ્રવેશ કરાવી સમાપ્તિ પર્યન્ત પ્રત્યક્ષ રાખવી (વો) એ ઠીક.” હશે. આ પ્રકરણ ઉપર વધારે ટીકા કરવા જેવું કાંઈ નથી. બુદ્ધિધનના કુટુંબમાંના જનોની સામાન્ય ઓળખાણ કરાવવાવિના પ્રકરણ કાંઈ બીજું ઉપયોગી જ્ઞાન આપતું નથી. પ્રમદા અલકકિશોરી અને બાલા પણ પ્રૌઢા કુમુરસુંદરી વિષે વિવેચન કરતાં તેમનાં માત, તાત અને સગાં સંબંધીઓ વિષે કાંઈક જ્ઞાન મળેછે. બુદ્ધિધનમાટે આપણે ઘણું જાણવાનું છે અને યોગ્ય સ્થલે કર્ત્તાએ સંપૂર્ણ જ્ઞેય જણાવ્યું છે. કુમુદસુંદરીનાં પિયરીઆંવિષે, તેની પોતાની સદ્ગુણીવૃત્તિને લીધે, કાંઇક જીજ્ઞાસા થાયછે, અને જીજ્ઞાસાના પ્રમાણમાં જેવું જોઇએ તેવું જ્ઞાન મળેછે. તે આપતાં વિદ્યાચતુર અને તેની સ્ત્રી વચ્ચેના આલાપમાં સ્ત્રીસુધારણાવિષે કાંઇક નોંધ કરી કર્ત્તા પાછો પોતાની મૂળવાત ઉપર આવી જાયછે. વાત કરતાં કુમુદસુંદરીનો પ્રથમ સંબંધ કેમ થયો હતો અને તે કેવી રીતિથી તુટચો, વિગેરે જ્ઞાન સંક્ષેપમાંજ આ-

---

* રા. છગનલાલ હરિલાલ પંડયા; કાદમ્બરી ભાષાંતરની પ્રસ્તાવના.

પેછે. આગળ સરસ્વતીચંદ્ર વિષે બોલતાં ફરી બોલવું પડશે માટે હાલ એટલુંજ ઠીક.

અલક અને કુમુદ હજી મંદિરમાં આવી પ્રવેશ કરેછે તેટલામાં કોઇ અનુચરવર્ગમાંથી આવી, બુદ્ધિધન અને રાણાજીના (સુવર્ણપુરના અધિપતિના) આવવાની ખબર કહેછે. સૌ યોગ્ય સ્થળે જતાં રહેછે; અને રાણાજી તથા બુદ્ધિધન શિવલિંગ સામે પોઠિયા આગળ સોનેરી ગાલીચા ઉપર વિરાજેછે.

અહિંથી આ વાતનો સંબંધ બંધ થાયછે. વસ્તુસંકલના ઉપરથી અનુમાન થાયછે, કે સંકલના લેખિનીના ઉપયોગ અગાઉ થઇ નથી. કર્ત્તાએ મન-તુરંગને બરાબર કાયદામાં રાખી ચલાવેલ નથી. તેને તેની સ્વેચ્છા પરિમાણે જવા દઇ, અજ્ઞાતમાર્ગે જાયછે એમ જણાતાંજ રશ્મિ ખેંચી, પાછો વાળી, મહાયત્ને બીજે માર્ગે ચલાવેછે.

બુદ્ધિધન ઉચ્ચ, પણ દુર્દૈવથી નિર્ધન, કુળમાં જન્મેલો પુરૂષ છે. "પુત્રનાં લક્ષણ પાલણામાંથી જણાય" એ નિયમ પ્રમાણે બુદ્ધિધનની બુદ્ધિનો પ્રભાવ તેની બાલ્યાવસ્થામાંથી દીપેછે; પરંતુ તેમાં નિર્ધનતાનું વાદળું આવરણ કરેછે. પોતાની નિર્જીવ મોટાઇમાં મગ્ન રહેલા, નિષ્પાપ, નિષ્કપટ પિતાના મુખમાંથી, આગળ થઇ ગએલા વડીલોની મોટાઇ વિષેની વાતો સાંભળતો; અને

સદ્‌ગુણી, સ્વઅવસ્થાની પૂર્ણ જ્ઞાતા, થએલા અસ્તથી ખિન્ન થતી અને ઉદયની ઇચ્છામાં લીન થએલી, માતાના ઉત્સાહક સદુપદેશનાં વચનો સાંભળતો આ બુદ્ધિબાલક શાલામાં પોતાનું અધ્યયન કરેછે. ઈશ્વરી નિયમને અનુસાર વા અનનુસાર, આપણે જોઇએ છીએ કે કેટલાક પુરૂષો જેમની વિદ્યાર્થી અવસ્થા મંદ હોયછે, તે પ્રૌઢાવસ્થામાં ઘણા દીપ્તિમાન્ થાયછે. આવા પુરૂષોની સંખ્યા બહુ નાની હોયછે; પરંતુ આ નાની સંખ્યાનો ઘણો ભાગ યશસ્વી થયાવિના રહેતો નથી. એ વર્ગમાંનો બુદ્ધિધન, પોતે ઉચ્ચ સ્થિતિમાં કેમ આવે; લોકો પોતાની સ્તુતિ કેમ કરે; પોતે લોકમાન્ય તેમ રાજમાન્ય કેમ થાય; એ આદિ વિચારમાં લીન થાય, એ સ્વાભાવિક છે. વયની પહેલી વિંશીમાંથી નીસરી બીજી વિંશીમાં પ્રવેશ કરતો પુરૂષ સદા વિચિત્ર વિચારોમાં લીન હોયછે. એ સમય અનિશ્ચિતાવસ્થાનો છે. પૂર્ણ સુખની બાલ્યાવસ્થા અને કિશોરાવસ્થાનો ત્યાગ કરી, યુવાવસ્થારૂપી નાવમાં બેશી, સંસારસમુદ્ર તરવાની તજવીજ કરતો પુરૂષ, સદા, ભવિષ્યમાં તેને કેટલાં તોફાનો નડશે, તેનું શું થશે, નિર્વિઘ્ન પાર જવાશે કે નહીં, દુર્જનરૂપી મગરમત્સ્યાદિકથી દુઃખ થશે કે નહીં, એ આદિ ઘણા વિચારોએ પરિવૃત હોયછે. ગર્ભશ્રીમંતોને તથા અતિ નીચ પંક્તિના પુરૂષો, જેઓ સેવા કરીનેજ

પ્રાણુયાત્રા કરવામાં તત્પર હોયછે, તેવાને આ જાતના પુરૂષોને વિચારરૂપી ગુલાબના કાંટાની થતી પીડાનો અનુભવ થવો અશકય છે. મુંબઈ જેવા મહાન્ શેહેરમાં, રાજમાર્ગે પ્રાતઃકાલમાં દશઘંટા સમયે ઉભા રહી જોતાં ઘણા પુરૂષો હાથમાં છત્રી, પગમાં સામાન્ય પણ અતિકાળાં ઉપાન અને ઘણું કરી ચકરી પાઘડી પેહેરેલા, હસતા હસતા ચાલતા દૃષ્ટિગોચર થશે. બુદ્ધિધનના અંતઃકરણને પીડા કરતા વિચારમાંનો એક પણ વિચાર તેમને પીડતો નથી. તેઓ કંટક સમીપ જોતા પણ નથી; કારણ તેમણે ગુલાબ શું છે તે જાણ્યું નથી, અથવા જાણ્યું છે તો તે મેળવવા જેવા પોતા યોગ્ય ગણતા નથી. આવા પુરૂષોને બુદ્ધિધનની આરંભ થતી યુવાવસ્થાની સ્થિતિનો અનુભવ ન થાય તો આપણે આશ્ચર્ય થવા જેવું નથી. આ વિદ્વાન્ કર્ત્તાનો લેખ વાંચી કેટલા પુરૂષોએ પોતાના હૃદય ઉપર હસ્ત મુકી સ્વગત કહ્યું હશે કે "હા! બુદ્ધિધન તે હુંજ!" ઘણા થોડાએ; પણ એ થોડાને સાક્ષાત્ અનુભવ થયો હશે અને જરા સંભાવન પણ થયું હશે, કે તેના પોતાના જેવા પુરૂષોનું ચિત્ર આપતાં કવિઓએ, તેવી સ્થિતિનો સામાન્ય રીતિએ સંભવ છે એમ દર્શાવ્યું છે. ઘણી થોડી, પણ તેવી થોડી પણ બુદ્ધિધનની પ્રતિમાઓને આપણે શું જોતા નથી? સાંપ્રતસમયમાં એવા પુરૂષોના મોટા સ-

મુદાયની જરૂર છે; પરંતુ સર્વ કાલમાં અને સર્વ દેશમાં તે થોડાજ મળેછે. અર્થાત્ એમ જણાયછે કે તેમનો મોટો સમુદાય વિશ્વની અંદર ઉત્પન્ન કરવો એથી વિશ્વનાથના ઘડી રાખેલા સંસારચક્ર ચલાવવાના નિયમોમાંથી કોઇનો ભંગ થતો હશે. અસ્તુ. અમે હાલ એ વિચાર કરવા બેઠા નથી; નહિ તો વળી કાંઈ યુક્તિથી તેમ થવું યોગ્ય છે, એમ દર્શાવત.

આ વૃત્તિના એક પુરૂષનું વર્ણન લખતાં એક વિદ્વાને ઘણી સમયસૂચકતા અને સાવધાનપણું રાખવું જોઇએ; અને તેમ ઘણે પ્રસંગે થયુંછે એમ જોઈ અમને આનંદ થાયછે. આખા પ્રકરણમાં વૃદ્ધ પણ બુદ્ધિમાન્ માતાની બુદ્ધિ પણ આનંદ આપતી રહેછે. આગળ ચાલતાં વૃદ્ધ પિતા પંચત્વ પામેછે અને પુત્ર તથા માતાના દુઃખમાં આધિક્ય થાયછે. શાસ્ત્રઉપર આસ્થા રાખનાર ધાર્મિકપુત્ર પિતાની યથાયોગ્ય ઉત્તરક્રિયા કરી, પિતાના ઋણમાંથી પોતાને મુક્ત થયો સમજતાં, સુવર્ણપુરના વ્યાપારીઓના ઋણમાં બંધાયછે. ઘરમાં માબાપ વિનાની, વગર પરણેલી વધૂ સાસુને કાર્યાદિકમાં સહાય કરેછે. ભાવિ પતિ-પત્નીનો અનાયાસે મિલાપ થતાં, મનોભવ તેમને પોતાના પાશમાં લેવા મથેછે, એમ જણાતાં ઇષ્ટાનિષ્ટ સમજતી માતા તેઓનાં લગ્ન કરી દેછે. વ્યા-

પારીઓના ઋણુબંધનની એક અધિક ગાંઠ લગ્નની ગાંઠ સાથેજ બંધાયછે. આવી રીતે બંધાયલો પુરૂષ વધારે ચિંતામગ્ન થતાં, માનસિક રોગ સાથે દેહના રોગને ઉત્પન્ન કરી પોતાના જીવિતને સંશયવાળું કરેછે.

આ પ્રકારના સમય માટે લખવું તે કેટલાક કવિઓના લેખની કસોટી છે. આ પરીક્ષામાં કર્ત્તા સારી રીતે જયવંત થયા છે. કરૂણરસ જેવો જોઇએ તેવો ત્દૃદયભેદક કરવામાં સારો યત્ન કર્યો જણાય છે અને તે યત્ન સફલ છે. તેમજ આ લેખ કેટલાક કવિઓના લેખની પેઠે મહાયત્ને ગોઠવેલો જણાતો નથી; પરંતુ સરલ અને રસિક છે. મંદવાડના સમયનું વર્ણન, મળવા આવતાં દુષ્ટ જનોની ચેષ્ટા, વિરલ, દયાલુ જનોનાં મર્મભેદક, અંતઃકરણ દુઃખદર્શક વચનો વિગેરે વાંચતાં આપણને સમાન સ્થિતિનાં ઘણા કુટુંબોનું ચિત્ર સ્મરણમાં આવેછે. આવી સંભવિત સંભાવના કરવી તે કેટલાકોને સહજ જણાતિ હશે, પરંતુ અમારા વિચાર પ્રમાણે જેવી તે સહજ જણાયછે તેવી સહજ નથી. વૃદ્ધ-વિધવા માતા પ્રાતઃકાલમાં એકાકી, છપતી છપતી, વૈદ્યરાજને ઘેર જાય, ત્યાંથી અનાદર થતાં પાછી વળે, દુષ્ટ પણ દૈવી દયાના પ્રતાપથી અથવા પોતાનાં પૂર્વનાં પુણ્યથી થએલા ઉચ્ચને ઘેર થએલું અપમાન સહન કરતી, અધિકમાં એક કુલટા પાસેથી દુર્વચનો સાંભળે, એ આદિ

વાંચી કયા પુરૂષને મનમાં દુઃખ ન થાય? પરંતુ પતિ-પત્ની ઘરમાં એકલાં છે તે સમયનો પ્રવેશ આના કરતાં પણુ વધારે દુઃખદ છે. દુઃખી પતિને જોઈ, અસંભવિત સંભાવના કરતી બાલા, મનમાં શોકમય ગીતિનો પ્રચાર કરતી, એકાએક હૈયું ભરાઇ આવવાથી અશ્રુ સારતી, પતિના પગ ઉપર માથું મુકી ઊંચે સ્વરે રડવા માંડે, એ અતિસંભવિત વસ્તુ છે.

"હું મુઇ નકામી! મારૂં પલ્લુંએ નકામું! તમને ન ખપે! હાય, હાય! વર્ષાસન ગયું તો ગયું–બળ્યું એ પલ્લું! તમારે કામે ન આવે તો મારે પણ ન આવે. મારે શું કામ હતું એનું?' એમ કહી ઝપોઝપ શરીરનાં ઘરેણાં કાઢી સામી ભીંત ભણી રીસ કરી જોરથી ફેંકી દીધાં. 'હુ તો માત્ર તમારૂં આવું શરીર અને આવું મોં જોવાનેજ સરજી છું? આ નથી જોવાતું રે મારા નાથ!"

કેવું કરૂણમય! પતિ-પત્નીના સંવાદમાં આથી વિશેષ શોકમય અનુભવ કરાવવો એ તો અમને અશક્ય લાગેછે. કરૂણામય લેખનો આનંદ અનુભવતાં ચિત્ત એટલું તો શોકગ્રસ્ત થઈ જાયછે કે આનંદને ન ગણુતાં ગ્રન્થને થોડો વખત પણુ મનસંયુક્ત ચક્ષુની દૃષ્ટિથી બહાર રાખ્યા વગર ચાલતું નથી. પાતિવ્રત્યને આભૂષણુ શોભાવતાં નથી પણુ આભૂષણુને પાતિવ્રત્ય શોભાવેછે, એનું પ્રત્યક્ષ ઉદાહરણુ જનસમાજમાં મળવું બહુ જનને અશક્ય

લાગતું હશે. કવિની કલ્પનાશક્તિ સામાન્ય કલ્પનાની સીમા મુકી જાય એ સંભવિત છે, પણ આ ગ્રંથમાં આ સ્થાનકે કર્ત્તા સીમા બાહાર જાય એમ ધારવું એ અયોગ્ય લાગેછે. સૌભાગ્યદેવીનાં ચિત્રો જનસમાજમાં વિરલ હશે, પણ એનો અભાવ કહેવો એ સંભવતું નથી.

"મારૂં સોભાગ્ય તમારાવિના બીજે કયાં છે? મારે ઘરેણાંસાથે કંઈ સગપણ નથી. તમારા મોંની તેજી કયાં! ઈશ્વર હશે તેનોજ હશે; હું શું કરૂં રે ઈશ્વર? તમે સુઇ જાઓ, તમારી નબળાઇ વધશે. અરે, આ વખતે પણ હું તમને દુઃખ દેવાને સરજી છું."

સૌભાગ્યદેવી ખરેખરી તું દેવી, દેવી. તારામાં દેવીત્વ અને સતીત્વનું સંમેલન કરાવી અને તે સાથે સૌભાગ્યને જોડી તારાવિષે કલ્પના કરનાર કવિઓએ, કેટલી સદ્‌ગુણી સ્ત્રીઓને આનંદમય અને સામાન્ય સ્થિતિની સ્ત્રીઓને શોકમય કરી છે? ખરેખર તું તો દેવી અને સતી, સતી અને સતીજ! ધન્ય છે તારાં માતપિતાને કે તેમણે આવાં ઉત્તમ રત્નને સંસારમાં સતીત્વનું મહત્વ દેખાડવાને જન્મ આપ્યો. ધન્ય છે તારાં સાસુ-સસરાને કે તેમણે બાલ્યાવસ્થામાં ઉપદેશપય પાઈ તને ઉછેરી. ભાગ્યશાળી તારો પતિ કે જેને આવી નિર્ધન અવસ્થામાં પણ આવું અમૂલ્ય રત્ન હાથમાં આવ્યું. સ્ત્રીઓ, જો તમારે આ લોક અને પરલોકમાં યશની ઇચ્છા હોય, તો તેવા ય-

શની ઇચ્છાવિના પણ સૌભાગ્યદેવીનાં આચરેલાં આચરણોનું અનુકરણ માત્ર પણ કરો તો બહુ છે.

કોઈ સત્દ્દય પુરૂષ આ વાત, કિંચિત્ માત્ર અશ્રુપાત કર્યા વિના, વાંચી જાય એ માનવું અશકય છે. કરુણમય લેખોમાંના શ્રેષ્ઠ લેખોની પંક્તિમાં આને મુકવાથીજ અમને સંતોષ થશે. રોગી બુદ્ધિધનને સર્વ અનાદરની જાણ થતાં, તે ઉશ્કેરાઇ વેર લેવાની ઇચ્છા જણાવેછે. આ સમયે પણ સ્વભાવોક્તિની સીમા આવી રહી છે. કર્ત્તા એક ડગલું આમ કે આમ ન જતાં યોગ્ય સ્વભાવોક્તિનું દર્શન કરાવેછે; એ એનામાં એક ખુબી છે. આ બુદ્ધિધનનાં ચરિત્રમાં જેટલો સમય આપણે જાણીએ છીએ તેટલાના આપણે ત્રણ વિભાગ કરીએ તો અહિંઆં તેનો પ્રથમ વિભાગ પૂર્ણ થાયછે.

પ્રકરણ પાંચમાથી આપણે બુદ્ધિધનના જન્મચરિત્રનાં બીજા પ્રકરણનો આરંભ કરીએ. ગરીબ, વૈરની ઇચ્છામાં ધુંધવાતો બુદ્ધિધન, કારભારીને ઘેર ધક્કા ખાતો અનાયાસે ભૂપસિંહ ગરાશીયાને મળેછે. ગરાશીયો બરાબર કાઠીયાવાડી ગરાશિયોજ છે. કાંઈ કારણથી પોતાનો ગરાસ રાજ્યમાં જપ્ત થએલો છે, તે લેવાની ઇચ્છાએ કાર્યભારીને ત્યાં ધક્કા ખાયછે. બેયને, સમાનશત્રુ હોવાથી, સ્નેહ બંધાય એ સ્વાભાવિક છે.

બુદ્ધિધન, સાંપ્રતમાં બીજો પ્રસંગ ન હોવાથી નિર્વાહ-સ્થાન મળ્યું, અને દૈવી ઇચ્છાથી ભૂપસિંહના કાર્યમાં જય મેળવે તો કીર્તિ અને ધનલાભનું દ્વાર પણ મળ્યું, એમ સમજી, તેનો સહાયક થાયછે. આગલ થોડા દિ-વસ જતાં, શરીર, કીર્તિ અને નિર્ધન અવસ્થાનું જુજ ધન ખોવાની શંકા પડવાથી સુવર્ણપુર મુકી લીલાપુર નામના સરકારી થાણાવાળા ગામમાં જઈ રહેછે. પંડે જાતે ચંચળ, મળતા સ્વભાવનો અને સાધારણ પણ વિદ્યાપાત્ર હોવાથી, સિરસ્તેદાર વિગેરેમાં મળી જઈ, સાહેબની પ્રીતિ મેળવી, વકિલાતની સનદ મેળવેછે. અહિંઆંથી તે રાજકીય ખટપટમાં પડવાનો આરંભ ક-રેછે. સદાશિવપંત નામના એક દક્ષિણી સિરસ્તેદાર સાથે ભૂપસિંહનો સંબંધ કરાવેછે; પરંતુ તેમ કરવામાં કાંઈ સ્વાર્થ સાધવાની તજવીજ રાખતાં પોતાનો ભૂપ-સિંહ સાથેનો સંબંધ તુટેલાજેવો થઈ જાયછે. સદાશિવ ભૂપસિંહને પોતાના જેવો વ્યસની અને દુરાચારી કરેછે. આમ થતાં ભૂપસિંહના દર્શન પણ બુદ્ધિધનને દુર્લભ્ય થઇ પડેછે. આ સમયમાં તેને ઘેર જતાં બુદ્ધિધનને રાજબા સાથે વાતચીતમાં ઉતરવું પડેછે. જેવાં પુરૂષનાં આચરણ તેવાં સ્ત્રીનાં થાય તેવો સંભવ છે. તેપ્રમાણે રાજબાની વૃત્તિમાં ફેર પડેછે; અને અનાયાસે એક દિવસ બે જણ એકલાં બેઠેલાં હોવાથી, સદ્ગુણી અને

નિષ્પાપ બુદ્ધિધન પરસ્ત્રીની જાળમાં સપડાયછે. થોડીવારમાં કોઈ શબ્દ સંભળાયછે. મોહનિદ્રામાં પડેલાં બે પ્રાણી જાગૃત થાયછે; અને પુરૂષ, સ્ત્રીને આવતી કાલે આવવાનું વચન આપી નીકળી જાયછે. આ એક ધીરોદાત્ત નાયકમાં મોટો દોષ. એ વસ્તુ સંભવિત છે; પરંતુ એ સંભવિત વસ્તુની પણ સંભાવના કરતાં સદ્‌ગુણીના મનને કલંકિત કરવાનો વિધાતાને શિર દોષ મેલાયછે. આમાં કર્ત્તાએ યથાર્થ દોષ દર્શાવ્યો છે પણ તે યોગ્ય શિરે ન મુકવાથી, સામાન્યવિચારી પુરૂષો સદ્‌ગુણી મનને દોષિત કરશે એવી શંકા રહેછે. “ કાલ આવીશ ” એ શબ્દો બુદ્ધિધનની બુદ્ધિમાં પ્રવેશ કરે, એ આશ્ચર્ય જેવું છે. સૌભાગ્ય અને પાતિવ્રત્યની દેવીનો પતિ સૌભાગ્યવાળી અને ચલિત મનની બીજી સ્ત્રીના શબ્દ અથવા શબ્દોથી ચલિત થાય એ દુઃખદ છે. ગૃહસ્થતાની સર્વ શોભામાં આટલો એક કલંક ન મુકયો હોત તો અમને વધારે આનંદ આવત. પાછળથી પશ્ચાત્તાપરૂપી જળથી કલંક ધોવાનો પ્રયત્ન થાયછે; પરંતુ સ્વચ્છ પટ ઉપર પડેલો કલંક નિસરવો કઠિન છે.

ભૂપસિંહ સદાશિવપંતના ઘરમાં સ્ત્રીલંપટ થઈ પડયો છે તે સદાશિવને ખબર પડતાં, તે અતિ ખિન્ન થાયછે; અને બુદ્ધિધનની ગૂઢ અને પ્રાપંચિક બુદ્ધિની સલાહ લઈ ચાકરી છોડી સ્વદેશ જાયછે. તેની જગા બુદ્ધિધ-

નને મળેછે. હવે સુવર્ણની સર્વ બાતમીઓ તેને મળેછે. જુના કારભારી શઠરાયના અંગનાં મનુષ્યને તે ફોડેછે, તેનું ધન હરેછે અને તેજ ધનનો ઉપયોગ કરી તેને પછાડે છે. શઠરાય બુદ્ધિધનની સહાયતાથી પર્વતસિંહ (ખોટો ઉભો કરેલો જડસિંહનો પુત્ર જે શઠરાયને નડેછે તે) નો અંત આણેછે. તેમાં બન્નેનું અભીષ્ટ છે. આ સર્વ સમયમાં ભૂપસિંહને બુદ્ધિધન છુપી રીતે સહાય કરતો રહેછે. વિગેરે વિગેરે. આવી રીતે આ આખું પ્રકરણ એ ઇતિહાસરૂપક છે. તેમાં લખેલું વસ્તુ એક પણ અસંભવિત નથી. અને એ સર્વ વસ્તુઓ સત્ય હોય; એમ માનીએ તો પણ તેમાં આશ્ચર્ય જેવું નથી. ગુજરાતનાં તેમાં પણ મુખ્યત્વે કાઠીયાવાડનાં ઘણાં ખરાં બધાં રાજ્યોમાં આવી ખટપટ ચાલતી આવી છે; એમ લોકવાણી છે. અને લોકવાણી ઉપરજ આધાર રાખીએ તો ઘણાં બુદ્ધિધન, શઠરાય, જડસિંહ, ભૂપસિંહ વિગેરે પુરૂષો આપણી દૃષ્ટિમર્યાદામાં આવેછે. કર્ત્તાએ આવો કોઈ ઇતિહાસ સ્મરણમાં રાખી લખ્યુંછે કે પોતાની કલ્પનાથી, એ કહેવું અશકય છે. પરંતુ સ્મરણથી લખ્યું હોય તો તેમાં આશ્ચર્યજેવું નથી. અમે આ વિષે સાંપ્રતમાં કાંઈ કહી શકતા નથી. ઐતિહાસિક વાતો માટે પણ તેની સત્યતાવિષે જુદા જુદા મત મેળવી વિચાર કરી નિશ્ચય કરવાનો સમય વિદ્વાનોએ ઓછામાં ઓછો

બસો વર્ષનો ધાર્યો છે. કાઠીયાવાડ અને ગુજરાતમાં એં-જંસીઓ સ્થપાએ હજી તેટલો સમય થયો નથી તેથી અમે પણ અમારો વિચાર આગલ લંબાવતા નથી. વિ-શેષ વિવેચન યોગ્ય આ પ્રકરણમાં કાંઈ નથી. અહિંઆં બુદ્ધિધનના ચરિત્રનું બીજું પ્રકરણ સમાપ્ત થાયછે.

હવે આપણે મૂળ અનુસંધાનથી રાજેશ્વરનાં મંદિરમાં આવી, રાણા ભૂપસિંહ અને તેના અમાત્ય બુદ્ધિધનને મસલત કરતા જોઇએ. કર્ત્તાનું કહ્યું માની ભૂતકાળને ભૂલી વર્તમાનકાળની વાર્તામાં ડુબવા છઠ્ઠા પ્રકરણના પ્ર-વાહમાં વહ્યા જઇએ.

રાજેશ્વરના મંદિરમાં પોઠીઆ સમીપ મસલતમાં અ-સંભવિત વાતો થતી નથી. તેમાં રાણાના રજપૂત સ્વ-ભાવને યોગ્ય, ઉત્સાહી મનનું અધીરાપણું અને સમય-સૂચક, શાન્ત સ્વભાવના અમાત્યનું ધૈર્ય એ બેય એક બીજા ઉપર જયની ઇચ્છા રાખતાં દીપી નીકળેછે. પ્રા-તઃકાલમાં ઉદય પામતો શીતરશ્મિ શુક્ર અને તેને અ-નુસરતા પ્રચંડ સૂર્યનો વાદ ચાલતાં ધૈર્યવાન્ અને શાન્ત તેજના શુક્રનું, પ્રચંડ સૂર્ય પ્રભાથી શુક્રને ઢાંકી દેતો પણ,અનુસરણુજ યોગ્ય ધારેછે.

રાજકીય પ્રપંચમાં એ વિષયથી અજ્ઞ જન, અસંભાવ્ય સંભાવનાનો વિચાર કરશે. પરંતુ તે વિષયમાં પલોટા-

ચલા પુરૂષને તેમાં અઘટિત દર્શનની સંભાવના થાય તો બહુ આશ્ચર્યની વાત. વારંવાર કર્ણગોચર થતી વાર્તાઓ નિઃશેષ નિર્મૂલ હોય એ માનવામાં મન અને બુદ્ધિને યોગ્ય સ્થિતિમાં રાખનાર અંતઃકરણને અયોગ્ય લાગશે.

અધિક આશ્ચર્ય જેવું એ છે કે, પ્રચંડ આંગ્લભૌમોની પ્રબલતા છતાં પણ આવા પ્રપંચોનાં ગપ્પાષ્ટકો જનસમૂહને કર્ણગોચર થવામાં ભીતિપાત્ર થતાં નથી.

આ રાજ્યપ્રપંચને મૂકી આપણે પાછા બુદ્ધિધનના સંસારમાં પ્રવેશ કરીએ. મૂર્ખ મૂર્ખદત્તે નવીનચંદ્ર વાડામાં છે તે ધ્યાનમાં રાખ્યા વગર નવીન આવેલા સ્ત્રીસમૂહને પણ વાડામાં પૂરી દીધો. પ્રમદા અકલકિશોરી, પ્રૌઢા કુમુદસુંદરી અને તેની સાહેલીઓ વાડામાં ફરતાં, પુષ્પ તોડી, એક બીજાને આપી, આનંદ પામેછે. તેમાંની એક "ઓછી બુદ્ધિની અને વર્તણુકમાં શિથિલ" કૃષ્ણકલિકા વાતમાં, "મરો મુજરા તો ગુણકા કરે" એમ કુમુદસુંદરીના સંબંધમાં કહેછે. આ શબ્દો અન્યને તોછડાં પણ સામાન્ય લાગે; પરંતુ કુમુદસુંદરીને પીડેછે. મનથી ચિંતવેલ એક પતિ જતાં પછીથી અન્યની સાથે લગ્ન કરવું પડચું એ સમજુ બાલાને ગણિકાકર્મ બરાબર ભાસેછે. ભિન્નતા માત્ર એટલીજ કે તે સ્વેચ્છાએ કરેછે અને પોતાને અન્ય ઉપાયના અભાવે કરવું પડચું

છે. વિશેષ પીડાકારી તો પોતાની વિદ્વત્તાજ થઈ પડેછે. બિચારીને પોતાની વિદ્વાન્ વૃત્તિનો પરીક્ષક નથી મળતો. પોતાના પિતાએ ખોળી આપેલો પરીક્ષક અનાયાસે દૈવ તેની પાસેથી ખેંચી લેછે. આ વિચારમાં ખિન્ન થતી બાલા આમથી તેમ ફરેછે. અલકકિશોરી, કૃષ્ણ-કલિકા વિગેરે ફરતાં પ્રતિનાયક શઠરાયનાં પુત્રી અને વધૂની ચર્ચા કાઢેછે. આ આદિ આલાપ અહિઆં અ-નાયાસેં થાયછે; પરંતુ તેનો કિંચિત્માત્ર સંબંધનો આ-ભાસ આગળ પ્રકરણ નવમાં આવેછે. તે પ્રકરણ એક અનિષ્ટ પરીણામ આપેછે, જેનું આ આલાપ કદાચિત્ કારણ હોય તો તે કાર્યકારણનો કેટલો અને કેવો સંબંધ છે, તે આપણે ત્યાં વિવેચન કરશું.

વનલીલા લ્હેરમાં ઓખાહરણની એક ટુંક બોલેછે. કુમુદ શ્રવણ કરી તે પોતાની સાથે બેસતી આવવાથી, તેને લગતી બીજી જોડી, અનુભવી, અધિક ખિન્ન થાયછે. દૈવેચ્છાથી બે જણી ફરતાં ફરતાં નવીનચંદ્ર જ્યાં સુતો છે ત્યાં આવેછે. સકારણ જાગૃત કરી સૌ સૌને માર્ગે પડેછે. કુમુદસુંદરી શંકા આવવાથી મન અને દૃષ્ટિને ધ્વજા બનાવી પોતે દંડાનુવૃત્તિ ધારણ કરેછે. કિંચિત્સ-મયમાં અમાત્ય આવી, બાલાઓ સાથે વાતોમાં પડેછે. ત્યાં રાધા નવા આવેલા પાન્થનું પુસ્તક લઈ બુદ્ધિધનને આપેછે. અમાત્ય પાન્થને બોલાવેછે. પાન્થ આવતાં તે સાથે થતો આલાપ સરસ્વતીચંદ્રની મહત્તા દેખાડેછે.

"હું બોલ્યાવગર જોઈ શકુંછું. કાને સાંભળેલું મનમાં રાખી શકુંછું. જાતે રંગાયાવિના રંગ જોઈ શકુંછું."

આ ઉત્તરમાં કેટલું ગાંભીર્ય છે તે મહાવિદ્વાન્ અથવા તે વૃત્તિને અનુભવનારજ જાણી શકે. એક "અનુભવાર્થી"ના મુખમાં આજ શબ્દો અને મનમાં આજ દૃઢ વિચાર શોભે. આપેલા ઉત્તરો ઉપરથી બુદ્ધિધન જેવા ચતુરેં જાણી લીધુંજ હોવું જોઇએ કે આ નવીન, નવીનચંદ્ર કોઈ સારો વિદ્વાન્, નિષ્કપટ, નિષ્પાપ, સીધો અને સદ્ગુણી પુરૂષ છે. આટલું જાણુવા પછી તે, વધારે પ્રશ્ન કરતાં આ સમાનજ ઉત્તર મળશે જાણી, પ્રશ્ન ન કરે તો તે સંભવિત છે. તેની પરીક્ષા કરવાને આટલો આલાપ પૂર્ણ છે.

અમાત્ય અને કાર્યભારીના ઘરની પરોણાગતની સરખામણી પણ બેય પુરૂષોમાં કેટલી ભીન્નતા છે તે દર્શાવેછે. નવીનચંદ્ર પોતાના થતા સત્કારથી આનંદ પામતો, પોતાની વિદ્યાનો પટ તેમના મન ઉપર બેસારેછે. યજમાનો તેની વિદ્વત્તાથી આનંદ પામી તેને ધર્મશાલામાં જવાને બદલે ઘરમાં રહેવા આગ્રહ કરેછે. તે કબુલ કરેછે.

હવે અનુભવાર્થી, અનુભવાધ્યયનનો પ્રથમ પાઠ લેવાને રાત્રિસમયે અમાત્યના ઘરમાં એક ઓરડામાં બેસે-

છે. બે પાસેથી બે મંડળ ભિન્ન ભિન્ન પાઠ આપેછે. નવીનચંદ્ર જેવા વિદ્વાનજ બે પાઠનું સાથે અધ્યયન કરી અવધાન કરી શકે. સામાન્ય શક્તિના મનુષ્યની શક્તિની સીમાને ઉલ્લંઘન કરનાર આ કાર્ય છે. પુરૂષમંડળ રાજ્યખટપટનો પાઠ શિખવેછે. શઠરાયની દુષ્ટતાદર્શક પ્રવેશ, આ પ્રવેશ જેવો, બીજો મળવો કઠિન છે. કર્તાએ લેખિનીને સારી પેઠે કબજામાં રાખી યોગ્ય રીતિએ છુટ આપી છે. દેશી રજવાડાઓના કાર્યભારીઓ વચ્ચેનો સંબંધ કેવો હોયછે, વૈરભાવ તેમનામાં કેટલું પ્રાબલ્ય રાખેછે, અને એક બીજાનો અંત આણવા કેવી યુક્તિ પ્રયુક્તિ થાયછે તેનું આ યથાયોગ્ય ચિત્ર છે. એક મનુષ્ય એક અંગનો રહી બીજાના અંગનો છું એમ, નહિ હોવા છતાં કેવી રીતે દર્શાવે તથા કેવો પ્રીતિપાત્ર થાય એ નરભેરામનું પાત્ર ઘણી સારી રીતે બતાવેછે. આ પુરૂષનું ચિત્ર પાડવામાં પણ કર્તાએ ઘણી ચતુરાઈ દેખાડી છે. ભૂપસિંહ વિશ્વાસપાત્ર મનુષ્ય કહેવાય કે નહીં? અંતે એક ટેકી નીકળેછે; પરંતુ સાંપ્રતમાં બુદ્ધિધનને શંકા થાયછે; અને આવા વિષમ સમયમાં શંકા થાયજ. નરભેરામ અમાત્યને ઘેરથી ગયા પછી અમાત્યની સ્થિતિનું ચિત્ર તે આ પાઠનું મનન છે. મનન થતાં રાજબાનું સ્વરૂપ આવી, નિર્દોષ તથાપિ દોષ-શંકાયુક્ત મનને ઠીક પશ્ચાત્તાપ કરાવેછે. સજ્જનને ઉપ-

દેશ લેવા યોગ્ય આ વસ્તુ છે; કારણ દોષયુક્ત દુર્જન આ અવસ્થાને પ્હોંચે એ માનવું અશક્ય છે. બુદ્ધિધનના મનના સર્વ ઉદ્વેગ સૌભાગ્યદેવી પાસે આવતાં શાંત થાયછે; અને તે સાથે અનુભવાર્થીનો અનુભવાધ્યયનનો પ્રથમ પાઠ પૂરો થાયછે. વિષય નવો અને શિક્ષક તે વિષયમાં બહુ પલોટાયલો હોવાથી, તથા અર્થીને અધ્યયનમાં લાગતી કઠિનતાનો અનુભવ તેનેં ન હોવાથી, ઘણી વાત થોડામાં સમજાવે છે. આમ થવાથી શિખનારને વિષયગ્રહણમાં બહુ યત્ન કરવો પડેછે, પરંતુ અંતે કેટલીક શંકાને શંકારૂપેંજ રહેવા દઇ પાઠ પૂર્ણ કરેછે.

હવે બીજો પાઠ શરૂ કરીએ. શિખનારને પ્રથમ પાઠ બહુ કઠણ લાગ્યો પણ બીજો તેવો નહિ લાગે; કારણ તે પાઠ કાંઇક સરલ છે. તેમ પોતે, તે પાઠ કયાંઈ વાંચ્યો હોય તેવો આભાસ પણ શિખનારમાં રહેલો છે. શિખનાર જાણેછે એમ ધારી કર્ત્તાએ આ પાઠ આટલો ટુંકો કર્યો? કર્ત્તા ધારત તો એને પણ પ્રથમ પાઠ જેટલોજ લાંબો કરી શકત, પણ જેવી એની ઇચ્છા. વિષય શિખનારને કાંઇક જાણિતો હોવાથી અને શિક્ષકની શિખવવાની શૈલી સારી હોવાથી થોડામાં ઘણું સમજાયછે. આ વિષે વિશેષ વિવેચન કરવા જરૂર નથી; કારણ પ્રફુલ્લિત માનસિક સ્થિતિવાળા પ્રત્યેક મનુષ્યને આ વિષયનું અધ્યયન કોઈ નહિ તો તેનું પ્રારબ્ધજ કરાવેછે.

આ વિષયોનું મનન કરતાં કરતાં નવીનચંદ્ર નિદ્રાવશ થાયછે. ત્યારપછીના બનાવનું ચિત્ર જોતાં જરા વિચારમાં ઉતરવું પડેછે. "ગામ ત્યાં ઢેઢવાડો હોયજ" એ કહેવત આપણે બહુવાર સાંભળીએ છીએ. પ્રાચીન કવિઓ અલંકારિક લખાણમાં ચંદ્રને કલંકિત ઠરાવી તેના કલંકિતત્ત્વનો ઉપયોગ કરવામાં બહુ આનંદ માનેછે; પણ મનને મથી ઉંડો તર્ક કરતાં એમ જણાયછે કે "સર્વ વસ્તુમાં ન્યૂનાધિક પણ કલંક અથવા દોષ હોયછે" એ રીતે વ્યાપ્તિવાક્ય ધારી શકાય નહિ. ઘણે અંશે તેમ છે, પણ ઘણે અંશે લાગું પડતો નિયમ સર્વાંશે લાગુ પાડવો એ યોગ્ય ન કહેવાય. કદાપિ કોઈ વિદ્વાન્ બહુ મથન કરી સ્વકીય વિચાર-મર્યાદામાં આવતા સર્વ વિષયોમાં દોષદર્શન કરાવે તો તે શક્ય છે. પરંતુ તે વિદ્વાનની મર્યાદામાં આવતા વિષયોનો સમૂહ જગત્માં સર્વત્વને પ્રાપ્ત થાય એ માનવું અશક્ય છે. આ રીતે તેની વિચાર-મર્યાદાની બહાર રહેલા વિષયોમાં કોઈ નિષ્કલંક નહિ હોય એમ કેમ મનાય. તે શેષ રહેલા વિષયોમાં કોઇ એક નિષ્કલંક હો અથવા ન હો તે શંકાયુક્ત છે. ત્યારે આ શંકાનો લાભ કલંકત્વને આપવો અને નિષ્કલંકત્વને ન આપવો, એટલો મોટો પક્ષપાત વિદ્વાનોને શામાટે જોઇએ? ઉપર લખેલી થોડીક લીટીયોમાં જેનું ખંડન કર્યું, તે દોષના મંડનરૂપે ચર્ચા ચલાવતા કે-

ટલાક વિદ્વાનો (!!!) પ્રત્યે આટલું બોલવું યોગ્ય ધારી હવે આપણે આ ગ્રંથમાં કનિષ્ઠ અને વિદ્વાન્ વર્ગને અનિષ્ટ લાગે તેવા પ્રકરણ ઉપર વિચાર કરીએ. તે પ્રકરણ પાને ૯૪ ઉપર "અમાત્યના ઘરમાં કલાક એક સુધી * * *" ત્યાંથી આરંભ થઈ નવમા પ્રકરણની સમાપ્તિએં સમાપ્ત થાયછે. આ પ્રકરણવિષે ટીકા કરતાં એક વિદ્વાન્ ટીકાકાર કહેછે કે એ પ્રકરણ આ ગ્રંથમાં નિરર્થક છે. અમે તેને ઘણે અંશે મળતા થઇએ; પણ કર્ત્તાએ ગ્રંથમાં દાખલ કરી સાર્થક ગણેલા વિષયને નિરર્થક કહીને બેશી રહેવું એમાં ટીકાકારની સાર્થકતા નથી. સામાન્ય જન ગ્રંથની યોગ્યતામાટે વિદ્વાનોનાં મત ઉપર આધાર રાખેછે, પરંતુ કાંઈક વિદ્યાના અંશવાળા અને કેટલેક અંશે તર્કશક્તિ ધરાવનારા પુરૂષો, વિદ્વાનોએ જણાવેલાં મતને તેજ વિદ્વાનોના તે મતની પુષ્ટીમાં જણાવેલા વિચારો જાણવા ઉત્કંઠા રાખેછે. આ તેમની ઉત્કંઠા સફલ કરવી એ સર્વ વિદ્વાનોનું કામ છે. (આમ લખી આ લખનાર પોતે એ પ્રકરણ ઉપરના પોતાના વિચાર લખે તો તે પોતાને વિદ્વાન્ ઠરાવવાની ઇચ્છાથી નહિજ; પરંતુ પોતાના વિચારો સ્પષ્ટ જણાવી થોડું બોલનારા વિદ્વાનો પાસે પોતાના વિચારોની યોગ્યાયોગ્યતાનું પરીક્ષણ કરાવવા માટેજ.)

આ પ્રકરણ ગ્રંથની મધ્યમાં મુકી કયા પાત્રનો જનસ્વ-

ભાવ દર્શાવવાની કર્તાની ઉત્કંઠા હશે તે જાણવું અશક્ય છે. એમાં મુખ્ય ભાગ લેનાર પાત્રો, અલકકિશોરી, શઠરાયનો સિપાઈ જમાલ, નાયક નવીનચંદ્ર, અને બુદ્ધિધન એટલાંજ છે. તેની સહાયતામાં આવતાં પાત્રોનું વિવરણ કિંચિત્ માત્ર પણ થતું નથી. ઉપર કહેલાં ચાર પાત્રોના સ્વભાવનું પણ વિવરણ કરવામાં આ પ્રકરણની જરૂર ગણવી કે નહિ એ શંકા છે. પ્રથમ અલકકિશોરી માટે વિચાર કરીએ. સૂર્ય પોતે તેજસ્વી છતાં પાછલ રહેછે, અને તેના તેજથી તેજસ્વી થતો અરૂણ મહત્વને પામવા જતાં તેના તેજમાં ઢંકાઈ જાયછે. તેમ શુદ્ધ, સત્વગુણી, પવિત્ર સૌભાગ્યદેવીમાંથી ઉત્પન્ન થએલું તેજ, સૌભાગ્યદેવીની મહત્તાને પણ એકકોરે મુકી પોતામાંજ મગ્ન રહેછે. તેનો મદ ભાંગવા આ પ્રકરણનો પ્રયત્ન હોય તો જેવું આ પ્રકરણ નિરર્થક છે; તેવોજ તે પ્રયત્ન પણ નિરર્થક. પોતાનાં શીલત્વનું અભિમાન રાખતી અલકકિશોરીનો મદ તોડવા જતાં આવું, સામાન્ય જનને કદાચિત્ વિપરીત માર્ગે દોરનારૂં, સજ્જનને ગ્લાનિ પમાડનારૂં અને સ્ત્રીસમાજને માટે આ ગ્રંથને અયોગ્ય કરનારૂં, આ દુષ્ટ પ્રકરણ દાખલ કરીને પણ કર્ત્તાએ અલકકિશોરીને પૂર્ણ શીલવતી રાખી નથી. જે સમયે "બેન કિશોરી હું તમારો ભાઈ થાઉં હો" એ વચન નવીનચંદ્રના મુખમાંથી બોલાવવાં પડ્યાં તે સમયે કર્ત્તાના મસ્તિકમાંથી

શું આ આખા પ્રકરણનો વિચાર લુપ્ત થઈ ગયો હતો?

બીજું પાત્ર નવીનચંદ્ર. કદાચિત્ આ પાત્રનું શૌર્ય જણાવવાને આ પ્રકરણ હોય; પણ શું એને માટે આ શિવાય બીજો યોગ્ય પ્રસંગ ન મળત? મળી શકતજ, અને તે કેમ તે આપણે વિચારશું. ત્રીજું પાત્ર બુદ્ધિધન. આ પાત્રમાં, આ પ્રકરણ, તે પાત્રના શાંતિ, ધૈર્ય આદિ જે ગુણો આપણે જાણીએ છીએ, તેથી વિશેષ મુકતું નથી. અર્થાત્ એ પાત્રને અંગે પણ એ પ્રકરણ નિરર્થક છે. ચોથું પાત્ર હલકી સ્થિતિનો, સેવાથીજ નિર્વાહ કરનાર અને તે પણ વળી કહેવાતાં ઉચ્ચ પણ વસ્તુતઃ નીચ કૂલમાંજ સેવાને પાત્ર થએલો, તુંડ મીજાજી, નીચ વૃત્તિનો સિપાઈ જમાલ છે. આની દુષ્ટતાવિષે જે થોડું આગલ કેહવાયું છે તે કદાચિત્ પરિપૂર્ણ ગણાત. તથાપિ જો કર્ત્તાએ એમજ ધાર્યું કે તેના સ્વભાવનું વિશેષ વિવેચન કરવું જોઇએ તો શું બીજા પ્રસંગથી ન થાત? અલકકિશોરી ઉપર કુદૃષ્ટિ કરવાથી એની નીચતા અધિક થતી નથી; કારણ કે પોતાના સ્વામી શઠરાયના ઘરમાં તેનું વર્તન તેને આ કરતાં પણ અધિક નીચ સ્થિતિમાં મુકેછે. બુદ્ધિધન એવો પુરૂષ છે કે જેની સાથે તેનો સંબંધ નથી. પણ શઠરાયેં તો તેની ઉપર કેટલેક અંશે ઉપકાર કરેલ છે. આ રીતે આ પ્રકરણ જનસ્વભાવ દર્શાવવામાં, નિરૂપયોગી છે.

હજી પણ વિચાર કરતાં તેને ઉપયોગી કરવાનું એક દ્વાર ઉઘાડું છે. તે એજ કે જમાલ સિપાઇનું અમાત્ય બુદ્ધિધનના ઘરમાં આવવું, ત્યાં ભોંયરામાં તેનું કેદ થવું, તે ભોંયરામાંથી કોણ જાણે શી રીતે ગુમ થઇ જવું અને પાછું થોડા દિવસ પછી રાજા ભૂપસિંહને મારી નાખવાને રચેલાં કાવત્રાંના યોગે દરબારના મહેલના છુપા ભોંયરામાંથી તેનું નિસરવું. આ સર્વ બાબતને બુદ્ધિધનના કારભાર અને તેની ભવિષ્યની સ્થિતિની સાથે બહુ ગૂઢ સંબંધ હોવો જોઇએ, પણ તે આપણે આટલું વાંચ્યાસુધી જાણુતા નથી. એ જ્ઞાનના અભાવે આપણે કદાચિત્ એમ માન્ય કરવું પડશે કે જમાલને તે ઘરમાં લાવ્યા ત્યાંથી તે, પાછો તે રાજાના મહેલનાં ભોંયરાંમાંથી મળ્યો ત્યાંસૂધીની વાત કથાને પ્રસંગે બહુ જરૂરની છે. પણ શું આટલી ત્રણ બાબતોમાટે બીજો યોગ્ય પ્રસંગ ન આવી શકત? શામાટે નહિ? વિચાર કરતાં જણાય છે કે કદાચિત્ તેથી પણ વધારે યોગ્ય પ્રસંગ મળત. ધારો કે તેજ કારણથી જમાલ બુદ્ધિધનના ઘરની આસપાસ ફરે છે. તેજ કારણથી તે ઘરનાં છાપરાં ઉપર ચડેછે. આ પ્રસંગે એટલું માન્ય થઈ શકશે કે જમાલ જેવા એક નીચ માણસનો, સદ્‌ગુણી બુદ્ધિધનના ઘરમાં એટલો બધો પ્રચાર ન હોય કે, તે અમુક માણસ અમુક ઓરડામાંજ સુવે છે એમ જાણી શકે. આ માન્ય ક-

રિયે તો આપણે ખુશીથી એમ ધારી શકિએ કે જમાલ અનાયાસે પોતાના શિકારની શોધમાં બુદ્ધિધનવાળા ઓરડામાંજ ઉતરે છે. એક શિકારની શોધમાં ફરતાં, અનાયાસેં બીજો શિકાર હાથમાં આવી પડે તો તેને જવા દે એવા જમાલખાં નથી. વળી બુદ્ધિધનનો પોતાથી નાશ થતાં પોતાની ઉપર સ્વામીની પ્રીતિની આશા રાખતો પુરૂષ, જે કટારી નવીનચંદ્રના ખભામાં વાગી, તેજ કટારી બુદ્ધિધનના હૃદયની સામે લઈ ઉભો રહે તો તે માનવા યોગ્ય છે. આ વિષયમાં તેના લંપટત્વની સાથે તેની ક્રૂરતાનું પણ દર્શન થવાથી અધિક ફળ થાય. વળી સ્વગત બોલતાં આ વિષયમાં શઠરાયની પ્રેરણા છે એમ જણાવે તો પછી શું પૂછવું! આ સ્થિતિમાં બુદ્ધિધન જાગી ઉઠે, સૌભાગ્યદેવી ચીસ પાડે, નવીનચંદ્ર જેમ અલકકિશોરીના ઓરડામાં ગયો તેમ અહિં આવે, જમાલના હાથથી ઘાયલ થાય, જમાલ કેદ પકડાય, ભોંયરામાં પૂરાય, અને આગળના જેવોજ પરિણામ આવે. આટલા લાભ મુકી બીભત્સમાં પડવાનું પ્રયોજન શું?

"ઉન્મત્તપણાનું પરિણામ" એ પ્રમાણે પ્રકરણનું મુખબંધન કરી કર્ત્તાએ આ ભાગ સકારણ કરવા પ્રયત્ન કર્યો હોય એમ જણાય છે. વાચકવર્ગને સ્મરણમાં હશે. ન હોય તો—"મેર રાંડ તું તે શું ઉતારનારી હતી"-એટલા શબ્દોનેજ આ ભાગનું કારણ કહેવાય.

શું આટલા કારણુ ઉપરથી આવું અનિષ્ટ પરિણામ યોગ્ય ધારી શકાય? અમારી વિચાર-મર્યાદામાં એ પ્રસંગ યોગ્ય લાગતો નથી. ક્રમ એમજ જણાય છે કે કર્ત્તાએ વિચારની ધૂનમાં લેખિનીનો ઉપયોગ કર્યા કર્યો. ઇષ્ટાનિષ્ટનું સ્મરણુ ન રહ્યું. લોકસુધારણા ઉપર દૃષ્ટિ ન પડી, અને છેક જમાલને કેદ કર્યો ત્યારે નજર ઉઘડી. તેનું શું પરિણામ લાવવું એમ વિચાર થતાં તેનું તે ભોંયરામાંથી પલાયન કરાવ્યું. આગલ જતાં યોગ્ય પ્રસંગ મળી આવ્યો, તેથી વસ્તુ સંકલનામાં શોભા આવશે જાણી, દરબારના મહેલના ભોંયરાંમાંથી તે પુરૂષને કાઢ્યો. આ પણુ એ ભાગનું એક કારણુ છે એમ કહેતાં કેટલાક ટીકાકારોને ઉપર લખેલો વિચાર કરવો યોગ્ય છે.

આટલું લખવાનો અમારો હેતુ એટલોજ કે નિર્બલ મનનાં સ્ત્રીપુરૂષને હાનિકારક લેખ દર્શાવવો. હજી પણુ જો કર્ત્તા ધારે તો બીજી આવૃત્તિમાં આ પ્રકરણને કાંઈ નવી રીતે ગોઠવી જનસમૂહ ઉપર તેના ભલામાટે મોટો ઉપકાર કરી શકે. ઘણી વસ્તુમાં કલંક હોય છે, પરંતુ તેના ગોઠવનાર જેમ બને તેમ તે કલંકને ઢાંકી તે વસ્તુને સારૂં દેખાડે તો તેમની પોતાનીજ શોભા છે.

આગળ લખી આવ્યા તેમ અને હવે લખશું તે પ્રમાણે આ ગ્રંથમાં કેટલાક ઉત્તમ ગુણો છે પરંતુ જ્યાંસુધી આ પ્રકરણ તથા તેવાજ એક બે મોટા દોષો છે

ત્યાંસુધી, કદાચિત્ કોઈપણ વિદ્વાન્ પુરૂષ, આ ગ્રંથ સ્ત્રી-ઓના હાથમાં, અરે! સ્ત્રીઓ તો શું, પરંતુ નિર્બલ મનના પુરૂષોના હાથમાં પણ, મુકવાને ઇચ્છા કરે નહિ.

અહિં આ વાતને પડતી મુકી આગળ ચાલતાં, પ્રકરણ દશમામાં, પ્રકરણ નવમામાં નરભેરામ અને બુદ્ધિધન વચ્ચે થએલી વાતનું સ્પષ્ટીકરણજ જણાય છે. બુદ્ધિધન પોતાના કાર્યમાં સાવધાન રહી ચાણક્યનીતિનો પ્રયોગ ધારેછે, તેમ શઠરાય પણ પોતાના પ્રયોગ ઉત્સાહથી કર્યો જાયછે. બુદ્ધિધન શત્રુના શસ્ત્ર સામે સ્વપ્રયોગરક્ષક રચનાઓ રચવામાં પોતાની યોગ્ય કુશલતા દર્શાવે છે. સર્વ રાજ્યનીતિવૃક્ષને ફાલવાનો દિવસ ચૈત્ર શુદિ પ્રતિપદ્નો ઠરેછે. તે દિવસે દરબાર ભરાવાની છે તે ઉપર આપણે હવે ધ્યાન આપીએ. ‘દરબારમાં જવાની તૈયારીઓ’ તે નામથી લખાયલું પ્રકરણ ઉભય પક્ષના નાયકોની, પ્રતિપદ્ને દિવસ, પ્રાતઃકાળના સમયની, ઘરની સ્થિતિ દર્શાવે છે. શઠરાયના કુટુંબની રીતિ અને સ્થિતિ ઉપર વિચાર કરતાં તેનેવિષે આપણે જે જ્ઞાન મેળવ્યું છે, તે અનુમાને એમ જણાય છે કે ગૃહસ્થિતિનું વર્ણન આ સમયે બહુ સાર્થક નથી. બન્ને નાયકોની તે સમયની સ્થિતિ દર્શાવી તેનું તોલન કરવાનો અર્થ તેમાં આવતો હોય, પરંતુ જે રીતિથી તે ચિત્ર

પડ્યું છે તે રીતિપ્રત્યે દૃષ્ટિ કરતાં એમ કહેવું આવશ્યક છે કે, સત્ય વસ્તુનું દર્શન કરાવનાર પણ તે ચિત્ર નજ પડ્યું હોત તો વધારે સારૂં હતું. શું એમ ન કહિ શકાય કે આ ચિત્ર અને ઉપર જેનું લંબાણુથી વિવેચન કર્યું તે જમાલનું ચિત્ર એકસરખી પ્રતિના કનિષ્ઠ લેખ છે? જો તેમ હોય તો વિચાર કરતાં એમ પણુ જણાશે, કે વાર્તાના પ્રસ્તુત વિષયમાં આ ભાગ, આગળ કોઈ નવીન આશ્ચર્યકારક પરિણામ દર્શાવતો ન હોવાથી, જમાલના પ્રકરણુ કરતાં પણુ વિશેષ કનિષ્ઠતાને પ્રાપ્ત થાયછે. જો કોઈ પણુ નિરર્થક ભાગ આ ગ્રંથમાં હોય, તો તે આજ હશે.

બુદ્ધિધનના ગૃહની સ્થિતિનું વર્ણુન તેમજ તેની પોતાની માનસિક સ્થિતિનું ચિત્ર યથાયોગ્ય સમયાનુસાર અને આનંદદાયક સ્વભાવોક્તિનું દર્શન કરાવે છે.

પ્રકરણુ બારમામાં દરબારનો પ્રવેશ સામાન્ય રીતે વાચક વર્ગને ઠીક આનંદ આપે એવો છે. પ્રથમમાં રાજેશ્વરના મંદીરના વર્ણુનવિષે બોલતાં અમે એમ કહ્યું હતું કે કર્ત્તામાં સ્થાનકનાં ચિત્ર આપવાની ઉત્કૃષ્ટ શક્તિ નથી. ત્યારપછી અંતઃકરણુને આકર્ષણુ કરે એવું આ એકજ ચિત્ર આવ્યું છે. આ સ્થાનકે વિચાર કરતાં કહેવું જોઇએ કે વર્ણુન કરવાની શક્તિ તો કર્ત્તામાં ઉચ્ચ પ્રતિની છે. સંસ્કૃત કાવ્યોના અતિ અભ્યાસનું પરિ-

ણામ દૃષ્ટિમર્યાદામાં આવે છે. અલંકારાદિકનો ઉપયોગ કરવામાં કોઇ કોઇ સ્થાનકેં કાદંબરીની શૈલીનું ગ્રહણ કરવામાં આવ્યું છે. આમ છતાં પણ તેની અંદર સ્થાનકનું ખરેખરૂં સ્વરૂપ દૃષ્ટિમર્યાદા આગળ ખડું કરવાની શક્તિ નથી. આ પ્રકરણમાં નવીનચંદ્રના તર્ક-વિતર્ક વાચકનું ધ્યાન સારી રીતે આકર્ષે છે. બુદ્ધિધન, શઠરાય વગેરે એકબીજાના અપ્રતિમ શત્રુઓ હોવા છતાં કેવો નિકટ સંબંધ જણાવે છે, તેનું આ અનુભવાર્થિને મનન થવા માંડયું. આગળ ચાલતાં દરબાર ભરાય છે, અને નાયકાઓ નૃત્ય તથા સંગીતનો આરંભ કરે છે. એટલા સમયમાં આ અનુભવાર્થી પોતાના અનુભવાધ્યયનના ત્રીજા પાઠનાં મૂલતત્ત્વ સમજી લે છે. તત્ક્ષણે કળીઓ આવી પુષ્પ ઉઘડયાં. રામભાઉ આવ્યો. ખટપટ શરૂ થઇ. કારાગ્રહમાં પડેલા વણિક્‌ને કાઢવા તર્કપ્રસાદ અને રામભાઉ ચાલ્યા. ટચાક પણ ટેકી નરભેરામે દુષ્ટરાયને તેના પોતાના અંગની દુષ્ટતા દેખાડી સંતાપાગ્નિમાં બાળ્યો. ઘણા સમયથી ઘા ખાઇ રીઢું થઇ ગએલું પાપી શઠરાયનું ખોખું કંપતાં કંપતાં પણ હિમ્મત રાખી રહ્યું. ખવાસેં રાણાના હાથમાં કાગળ મુક્યા. તાત્કાલિક રજપૂતસ્વભાવ દર્શાવતો રાણો ગાજ્યો. રાડ નાખી. કોઇ દિવસ ન ધારેલું સ્વરૂપ ધારણ કર્યું. ખવાસને કેદ કર્યો અને ઉભય પક્ષને કંપાવ્યા.

રાણી ઉપર વિશ્વાસ દર્શાવતો રાણો તેની જુબાની લેવા ઉઠયો. થોડું ચાલતાં ચરણ નીચેની ધરણીએ માર્ગ આપ્યો. ભોંયરૂં નીકળ્યું. રાણો ચમકયો. બુદ્ધિધનની આંખ ફાટી. શઠરાયનું હૃદય ચીરાયું. આ સર્વ ઉપર વિચાર કરતો નવીનચંદ્ર જે તર્ક-વિતર્ક કરે છે તે જરૂર વાંચવા યોગ્ય અને મનન કરવા યોગ્ય છે.

પરિપકવ થએલ રાજનીતિ-વૃક્ષનાં ફળનો સ્વાદ ચાખી, તે ઉપર વિચાર કરતો કરતો, અનુભવાર્થી નવીનચંદ્ર રાજકૂલમાંથી નિસરી બુદ્ધિધનને ઘેર પહોંચે એટલા સમયમાં, તેના વિચારરૂપે, કર્તા આપણને તે નવીનચંદ્રની પોતાની, બુદ્ધિધનના ઘરમાં રહ્યા પછીની, સ્થિતિનું કેટલુંક વર્ણન આપેછે. ખરેખરું ઉન્મત્તપણાનું પરિણામ તો આજ કહેવાય. મર્યાદાનો ભંગ થતાં પહેલાં ઉન્મત્ત પ્રમદાના મનને ઘેરી લેતા વિચારો ખરેખર મર્મભેદક છે. બુદ્ધિધન અને સૌભાગ્યદેવીનીજ પુત્રીને, આ અવસ્થાએ પહોંચ્યા પછી વિશેષ મર્યાદાનો ભંગ કરતાં, દૈવ અટકાવી શકે. પુરૂષત્વનેલીધે કાંઇક વિશેષ ઉન્મત્તપણું હોત તો વડીલોનાં પુણ્ય પણ આડાં ન આવી શકત; એનું પ્રત્યક્ષ ઉદાહરણ પ્રમાદધન અને પદ્મના સંબધમાં મળેછે. નહિ-સંબંધ નહિ એવા પુરૂષને, શરીરે ત્યાગ કર્યા પછી પણ પૂર્વકાળના સંબંધના સંસ્કારવાળું મન,

ઉપદેશ દઇ વામમાર્ગથી અટકાવે એ ખરેખર અનસૂયા કુમુદથીજ થઇ શકે. દોષ થવાની શંકા રાખતી બાલા, એ શંકાને દૂર કરી, અર્થાત્ પોતાને અનિષ્ટ પરિણામનો ભય ન રાખતાં, ઉંડી ખાયમાં પડતાં બે પ્રાણીને બચાવે એ તેની ખરેખરી ઉદારતા. પૂર્ણશુદ્ધ-અંતઃકરણવાળાં માતા અને માતાતુલ્ય સાસુનો પટ બરોબર બેઠો. સામાન્ય રીતે બોલાતા શ્લોકો જરૂર પ્રસંગે કેવા ઉપયોગી થઈ પડે છે, તે કેટલેક ઠેકાણે આ ગ્રંથમાં બહુ સારી રીતે દર્શાવ્યું છે.

અનુભવાર્થીને આ નિશાળમાં આનંદ આવતો મટી ગયો. સઘળા શિક્ષકોની કૃપા તેના ઉપર સારી હતી; પણ એક શિક્ષક, પોતાને નિર્દોષ હોવા છતાં દોષિત ગણી, પોતાની ઉપર ક્રોધી દૃષ્ટિથી જોતો હતો; એ શિષ્યને સારું ન લાગ્યું. સંબંધીવર્ગની અનુજ્ઞાવગર પલાયન કરી આવેલો તે, અહિંઆંથી પણ પલાયન કરવાની ઇચ્છા કરેછે.

પ્રકરણ ચૌદમામાં, ઘણા દિવસથી અન્યાયનું પાત્ર થએલું ગુણી કુટુંબ પાછું યોગ્ય સ્થિતિએ આવતાં કુટુંબીઓને જે આનંદ થવો જોઇએ તે દેખાડેછે. વિશેષમાં અસ્ત પામતા વૈરીપ્રત્યે અપકારનો બદલો ન લેતાં ઉપકારથીજ તેનાં દુષ્ટ કૃત્યોની શિક્ષા કરવાની સૌભાગ્યદેવીની ઇચ્છા વાચકવર્ગની અધિક પૂજ્યબુદ્ધિ ગ્રહણ

કરેછે. આ વાતને આટલેથી પડતી મુકી, બુદ્ધિધનના સૂર્યને પૂર્વમાંથી ઉગતો જોઇ, નવીનચંદ્રની શોધમાં નીકળીએ.

આ નવીનચંદ્રનું મૂળ નામ સરસ્વતીચંદ્ર છે. તેનો પિતા મુંબઇનો એક સુપ્રતિષ્ઠિત, શ્રીમાન્, વગવાળો અને યશ અર્થેજ વિદ્યાવિનોદી છે. પોતે સુધારાનો સાથી કહેવાયછે, પરંતુ પુત્રાદિકની ભવિષ્યની સ્થિતિ ઉપર વિચાર કર્યાં વગર, એક સ્ત્રી પંચત્વ પામતાં, નીચવૃત્તિની, અણુસમજુ અને અસૂયાવાળી મૂર્ખ સ્ત્રીને પરણી, તેની સેવામાં સ્ત્રૈણ થવામાં દોષ ગણુતો નથી. શેઠની સેવામાં રહેતાં મંડળના મનુષ્યોનું ચિત્ર આપતાં પણ કર્તાએ ચાતુર્ય વાપર્યું છે. આ લક્ષ્મીનંદન શેઠ અને તેનું મંડળ, આપણને તેવાજ એક બે શેઠ અને તેમનાં મંડળનું સ્મરણ કરાવે છે; અને એવો આભાસ થાયછે કે કર્તાએ પણ, આવા કોઈ ચિત્રને મનમાં રાખીનેજ લેખિનીપ્રચાર કર્યો છે. એડીટર ઉદ્ધતલાલ, ધમપાડે વિગેરે નામ યથોચિતજ છે. આ કલ્પિત મનુષ્યો નથી; તેમ જુના વખતનાં નથી; તેઓ સાંપ્રતમાં પણ મુંબઇની સેવા બજાવે છે અને વાંચનાર તેમને ઓળખવા વિચાર કરશે તો તેમને શોધી કાઢતાં વાર નહિ લાગે.

સરસ્વતીચંદ્ર પોતે ચાલતી રૂઢીની કેળવણી લઇ,

એમ. એ; એલ. એલ. બી; બારિસ્ટર. એટ લૉ; થએલ છે. આ સ્થિતિને પામવું અભ્યાસની પછવાડે મંડેલાને કઠિન નથી. એટલુંજ કે ગર્ભશ્રીમંતમાં આ સ્થિતિનું દ-ર્શન ક્વચિતજ થાયછે. સરસ્વતીચંદ્રની રીતિભાતિ ઉ-પરથી પણ એ પોતે ગર્ભશ્રીમંત હોય એમ માનવું યોગ્ય નથી લાગતું; પણ જ્યારે કર્તાને એમજ લાગ્યું કે એને ગર્ભશ્રીમંતજ બનાવવો, ત્યારે આપણે આ કેટલેક અંશે અસંભવિત લાગતાં વસ્તુને પણ માનવું પડે છે. શું આ પણ કોઈ अस्ति-भाति-विक्रियावान् મનુષ્યનું ચિત્ર નથી? આવો પુરૂષ કેવલ કાલ્પનિક હોય એ અશક્ય ભાસેછે. જે પુરૂષનું એ ચિત્ર છે, તે પુરૂષને ચિત્રમાં પણ તેની ખરી સ્થિતિમાં દેખાડવા ચિત્રની ભુમિકામાં કેવળ ક-લ્પિત હવેલી, ઉદ્યાન, ગાડીઓ વિગેરે ન મુકતાં તેની પોતાની સ્થિતિ-યોગ્ય સામાન્ય ગૃહ અથવા મુંબઇવા-સીજ કરવો હતો તો, એક ચાલીમાં બીજા અથવા ત્રીજા માળની એક સામાન્ય સ્થિતિની ઓરડીમાં રહેતાં કુ-ટુંબનો પુત્ર કલ્પ્યો હોત તો વધારે દીપત. મનુષ્યની સાંસારિક સ્થિતિનો આધાર, બહુધા તેની માનસિક સ્થિતિ ઉપર હોય છે; એમ ઘણે અંશે સિદ્ધ છે. ધન-પાત્ર થવું અથવા નહિ એનો આધાર દૈવ ઉપર રાખી શકાય; પરંતુ ધનપાત્ર અવસ્થામાં પણ, મન પોતાના ઇચ્છિત માર્ગમાંજ ભ્રમણ કરેછે.

પોતે શ્રીમાન્ છે—કર્ત્તા તેને શ્રીમાન્ ઠરાવેછે. તેની પાસે એ કલ્પિત સ્થિતિને અનુકૂલ વ્યવહાર કરાવેછે. પરંતુ તે સર્વમાં એવી કોઇ એક વિચિત્ર છાયા પડી રહેછે, કે વિચાર કરતાં મન જીભને ખોટી પાડેછે. વિચાર દર્શાવતાં સરસ્વતીચંદ્ર એવા કાંઇ ઉદ્ગાર કહાડેછે કે, જાણે કોઇ સામાન્ય સ્થિતિનો મનુષ્ય બલાત્કારે અને અરૂચીથી ઉચ્ચ સ્થિતિને યોગ્ય વ્યવહાર કરતો હોય! શ્રીમાન્, વળી સત્તર અઢાર વર્ષની ઉમરમાં એમ. એ; એલ. એલ. બી; બારિસ્ટર એટ લા; વળી મોટાઇમાં મગ્ન રહેતા પિતાનો પુત્ર અને તે છતાં કુવારો! શું ઘટના! વાંચનાર શું તમને આ અતિશયોક્તિ લાગતી નથી? જરા વિચાર કરીને વાંચીએ તો આ પ્રકરણનો આટલો ભાગ કેટલીક બાલકોની કહાણીઓ જેવો લાગેછે. બાલક લેખકો અથવા કહાણી કહેનારાઓમાં એવો કંઈ સ્વભાવ હોયછે, કે જેને સારૂં કહેવું તેને પરિપૂર્ણ સારૂંજ કહેવું. તેને સુંદરતા, સદ્ગુણ વિગેરે સારસ્યનું શ્રેષ્ઠ ધામ કહેવામાં પણ તેને શંકા આવતી નથી. વિપક્ષમાં પણ એમજ થાયછે. અર્થાત્ જેની કનિષ્ઠતા દેખાડવી હોય તેને સર્વ કનિષ્ઠ ગુણોનું સ્થાનક બનાવી દેછે. સરસ્વતીચંદ્રના કર્ત્તાનો આ સ્થાનકનો લેખ કાંઇક તેવો થઇ જાયછે.

કુમુદસુંદરી પણ સદ્ગુણ અને સુંદરતાની મૂર્તિ છે. કુમુદસુંદરીવિષે વિશેષ બોલવું પછી થશે. તેમ સર-

સ્વતીચંદ્રવિષે વિવેચનમાં એટલુંજ જણાવવું આવશ્યક છે, કે જો તેને મહાલક્ષ્મીવાન્ ન કલ્પ્યો હોત તો તેનામાં કલ્પાએલા ગુણો કદાચિત્ વિશેષ દીપત. એમ તો નજ કહી શકાય કે એ બનતું અશકય છે; પરંતુ એમ હોવું સ્વાભાવિક નથી લાગતું એમ તો કહી શકાય.

કુમુદનો પત્ર આવતાં, ચંદ્રકાંતની આગળ અને તે ગયા પછીની, નાયકની સ્થિતિ ઘણી સારી રીતે લખાઇ છે. શુદ્ધ, પવિત્ર પ્રેમ કેવો હોય, તેની અસર કઇ સીમા સુધી થાય, અને બન્ને પ્રેમીનાં આચરણ અન્યોન્યપ્રત્યે કેવા પ્રકારનાં હોય, એનો કાંઇક વાસ્તવિક વિચાર આ સ્થાનકમાં જણાવાયછે. પ્રેમને ન જાણતાં, કેવળ ભોગ ભોગવવામાં લીન થએલાઓ, ભોગ્ય પદાર્થને, સ્વાર્થને પરતંત્ર થઇ, પોતાના પ્રેમનું સ્થાનક માનનારા પુરૂષોએ આ પ્રકરણ વાંચતાં જરા ઉંડા ઉતરી અત્યંત વિચાર કરવાની જરૂર છે. સ્ત્રીનેજ સંસાર માનવામાં કેટલી ભુલ છે તે ઘણાજ થોડા મનુષ્યો સમજેછે. ખરો વિચાર સરસ્વતીચંદ્રનોજ જણાયછે. વિચાર કરતાં તેમાં શંકાસ્થાન જણાતું નથી.

“અંતઃકરણ વિના શરીર નકામું છે. પણ અંતઃકરણ વિના શરીરને બીજા ઘણાક ભાગ છે. સ્ત્રી ખરી પણ એના શિવાય ઘણો સંસાર બાકી રહેછે, તો સ્ત્રીમાં આખાં ભાગ્યની પર્યાપ્તિ કેમ થાય?”

પ્રેમવાહક જનદ્વય, સ્ત્રી અને પુરૂષજ હોવાં જોઇએ એમ શામાટે? પ્રેમનો ઉપભોગ અમુક રીતેંજ થવો જોઇએ એમ નિયમ થવાની જરૂર શી? અને એવી આવશ્યકતા ન હોય તો બે પ્રેમી, સ્ત્રી પુરૂષ હોય તો વિવાહિત થવાંજ જોઇએ એમ માનવાનું પ્રયોજન શું? ચાલતી રીતિ પ્રમાણેજ માનીએ તો એક નિસ્વાર્થ વસ્તુને સ્વાર્થની સાથે મિશ્રિત કરી દેવાથી તેને દોષિત કરવા જેવું થાયછે. પ્રેમ વસ્તુ વસ્તુતઃ નિષ્કારણ ઉત્પન્ન થાયછે. ઉત્પન્ન થાયછે એમ કહેવું પણ કદાચિત્ અયોગ્ય લાગશે. એ સ્વતઃસિદ્ધ છે; પરંતુ અજ્ઞાનિઓને આત્મસ્વરૂપ છે, તેમ એ પણ આવરણથી ઢંકાઈ રહેલ છે; અને જરા પણ દ્વાર મળતાં બહાર આવી પ્રકાશેછે. તે વ્યાપક તો નથીજ; પરંતુ તેનું દર્શન અમુક હૃદયમાંજ થાયછે. ત્યાં તેનો પ્રવેશ કેવી રીતે થયો એ સમજવું મહા કઠિન છે. લૌકિક કારણોથી તેની ઉત્પત્તિ માનવી એ તેના મહત્વને હલકું કરવા જેવું ભાસેછે. પૂર્વકાળમાં પ્રકાશ પામતો પ્રેમ, સાંપ્રતમાં તે કાળને સાદૃશ્ય સંયોગોનો પ્રાદુર્ભાવ થવાથી, તેજ પ્રેમ પાછો પ્રજ્વલિત થાયછે. કવિવર કાલિદાસ જ્યારે પોતાની શ્રેષ્ઠ કૃતિના નાયકના મુખમાંઃ—

रम्याणि वीक्ष्य मधुरांश्च निशम्य शब्दान्
पर्युत्सुकीभवति यत्सुखितोपि जन्तुः ।
तच्चेतसा स्मरति नूनमबोधपूर्वम्
भावस्थिराणि जननान्तरसौहृदानि ॥

शाकुन्तलम्.

એ શ્લોક મુકે છે ત્યારે તેનો, પ્રેમ અથવા સૌહૃદવિષે ઉપર પ્રમાણેજ આશય હોય એમ જણાય છે. આ પ્રકારના પ્રેમનું કાંઇક જ્ઞાન મેળવવું હોય તો તે સરસ્વતીચંદ્ર અને કુમુદસુંદરીમાંથી મેળવી શકાય. અવિવાહિત બાલાને, અનાયાસેં નામ શ્રવણ થતાંજ, હૃદયમાં આકર્ષણ થયું. કેવળ એક નાની પત્રિકાએ એક દૃઢ હૃદયને અસ્તવ્યસ્ત કરી નાંખ્યું. આ સર્વનું કારણ શું? શું કાંઇ લૌકિક કારણો આ પ્રેમનાં મૂલરૂપ થયાં હતાં? યુવાવસ્થામાં મનને સ્વેચ્છાગમન કરાવનાર મનસિજનો આંહિ પ્રાદુર્ભાવજ ન હતો.

"તેના (સરસ્વતીચંદ્રના) વિચાર પ્રમાણે તો માણસના જીવનને સ્ત્રી આવશ્યક નહોતી. લગ્ન આખા જન્મારામાં પાશરૂપ

---

૧ જોઇ પદાર્થ રમણીય, મધૂર શબ્દો
સુણી, અધીર કદિ થાય સુખી જનો તો,
ચિત્તે સ્મરે જરૂર કાંઇ અબોધપૂર્વ,
જન્માન્તરેં પણ રહે હૃદયેંજ ભાવ.

હતું; નિર્વંશ થવામાં વૈરાગ્યની સંપત્તિ હતી; સ્નેહ માનસિક રાખવોજ ઉચિત હતો; શરીરસૌન્દર્ય મૂર્ખનુંજ મોહક હતું; મન્મથ મનમાંથી દૂર રાખવો એ સર્વ કાલેં શકય હતું...."

ભવભૂતિને પણ કબુલ કરવું પડયું છે કે સ્નેહોત્પત્તિમાં મૂલભૂત કોઇ બાહ્ય કારણ નથી.

व्यतिषजति पदार्थानान्तरः कोपि हेतु-
र्न खलु बहिरुपाधीन्प्रीतयः संश्रयन्ते ॥

उत्तररामचरितम्.

નિષ્કારણ, અકલિત પ્રસંગોથી ઉત્પન્ન થતા આ અલૌકીક સંબંધનું ખરૂં સ્વરૂપ સમજવું એ અત્યંત વિચારશીલપણાનું કામ, અને તેને ખરા રૂપમાં લોકસમૂહને સમજાવવું એ વિદ્વત્તાનું કામ છે. આવા નિર્મલ, નિષ્કારણ, નિઃસ્વાર્થ, પ્રેમનું સ્થાન કુમુદસુંદરી અને સરસ્વતીચંદ્ર બનેછે, અને બનેજ. પાશ્ચિમાત્ય દેશોમાં થતાં પ્રીતિલગ્નને આ વસ્તુ સાથે કાંઇ સંબંધ હશે ખરો? યૂરોપીયનો આર્યોને જંગલી કહેછે; કારણ તેમના કહેવા પ્રમાણે આર્યોમાં પ્રીતિલગ્નની રીતિ નથી. ત્યારે શું આ

---

૨ પદાર્થો જોડાયે, સબલ કરણે અંતર તણે
ન બાહ્યોપાધીને, કદિ પણ, પરપ્રેમ અડકે.

કુમુદસુંદરી તે કોઇ પાશ્ચિમાત્ય કુમારીકાનું ચિત્ર છે? કેમ હોય, નજ હોય. પાશ્ચિમાત્ય કુમારીકાની પ્રીતિ બહુશઃ બાહ્યોપાધીનો આશ્રય કરેછે. પશ્ચિમ દેશના ન્યાયાસન આગળ પતિથી જુદાં થવાની અર્જીઓ કેટલી આવે છે, તે લોકવિદિત છે. આર્યાવર્તમાં પ્રીતિલગ્નનું નામ માત્ર નથી, પરંતુ તેની છાયા ઘણે ઠેકાણે જણાયછે. પતિ મરતાં સહગમન કરવું, અથવા સૌભાગ્ય ચિન્હનો ત્યાગ કરી બ્રહ્મચર્ય પાળવું એ શું પ્રીતિલગ્નનાં ચિન્હ નહિ? બ્રહ્મચર્યાદિક પળાવવાનો દોષ કહેવાતા સુધારકો પુરૂષો માથે મેલશે. વાસ્તવિક રીતે જોતાં તેમને એક વ્યક્તિને દુઃખી કરી આવો દોષ માથે વ્હોરી લેવાનું પ્રયોજન નથી. તેમાં તેમને સ્વાર્થસિદ્ધિ નથી. બ્રહ્મચર્યાદિક પુરૂષોને લીધે નહિ, પરંતુ પતિવ્રતા સ્ત્રીઓની પ્રીતિને લીધેજ પોતાનું મહત્વ રાખી રહ્યાં છે. પુનરૂદ્વાહ, વાસ્તવિક પ્રીતિનો અસંભવ દર્શાવનારી ક્રિયા, તે પણ સ્ત્રીના મસ્તકમાંથી ઉત્પન્ન થયેલ નથી. તેનો દોષ ખરૂં જોતાં સ્વાર્થી પુરૂષોને માથે આવેછે.

જરૂર જણાતાં પ્રસ્તુત વિષયને મુકી બીજા વિષયમાં ઉતરવું પડ્યું. હવે પાછું મુળ વસ્તુ સ્મરણમાં લાવી બોલીએ. સ્નેહથી બંધાએલાં પ્રાણીની એક જોડીમાંનો એક, પોતાના સાથીની ઉપર નિષ્કારણ કલંક આવતાં,

કલંક દેનાર અને કલંકના સ્થાનને, તે કાળ અથવા સ્થિતિ તથા તેની સાથે સંબંધ રાખનારી સર્વે વસ્તુઓને છોડી, વિરાગી થઇ ચાલ્યો જાય છે. વિદ્વાન્, શ્રીમાન્, વિશેષેં ન્યાયશાસ્ત્રમાં પ્રવીણ અર્થાત્ અત્યંત વિચારશીલ એવો એક મહાત્મા, પ્રેમને ન ગણકારતાં, પોતાના સંબંધનાં સર્વેનું દુઃખનું સ્થાન થઈ પડે એ કેવું આશ્ચર્ય ! પ્રેમી પ્રેમના સ્થાનને છોડી દે, પણ પ્રેમનું સ્થાન તેને છોડતું નથી. તેમાં પણ ઉભય પ્રાણી એક બીજાંનાં પ્રેમી ને પ્રેમનાં સ્થાન હોય, તો પછી શું કહેવું ! સરસ્વતીચંદ્રે કુમુદસુંદરીને છોડી, કુમુદસુંદરીએ તેને છોડ્યો નહિ. કુમુદે લાચાર થઇને ચંદ્રને છોડ્યો પણ ચંદ્રના અંતઃકરણે તેને છોડી નહિ. શરીર છુટાં થયાં પરંતુ અંતઃકરણમાં બંધાએલી સ્નેહગાંઠનું વધારે આકર્ષણ થયું. તેજ આંતરીય આકર્ષણ અજાણતાં તેને સુવર્ણપુર ખેંચી ગયું. તેજ સ્નેહે, તેજ મટી ગએલા પતિને, બેન ભાઇને કરે તેમ, કુમુદે ચંદ્રને ઉપદેશ કર્યો. શું ઉભય પ્રેમી સ્ત્રીપુરૂષે વિવાહિત થવુંજ જોઇએ? ન થતાં પણ કુમુદસુંદરીના પ્રેમે પોતાને યોગ્ય કાર્ય કર્યું.

પ્રેમ સર્વે સ્થાનમાં સમાન હોતો નથી. વયોવૃદ્ધ, વિદ્યાવૃદ્ધ અથવા તત્સદૃશ સ્થાનમાં સ્નેહ ભક્તિરૂપેં સ્ફુરેછે. પોતાથી કનિષ્ઠ સ્થિતિમાં વસતાં જન પ્રત્યે

તેજ પ્રેમ* વાત્સલ્યરૂપે સ્ફુરેછે. આ ગ્રંથમાં વાત્સલ્યનું વિવેચન બહુ જુજ જોવામાં આવેછે. સરસ્વતીચંદ્રનાં તેના પિતા પ્રત્યેનાં આચરણ, તેનો ભક્તિભાવ પ્રદર્શિત કરેછે. ભક્તિભાવ ઘણી વખત ભય, આકાંક્ષા, અને જો તેની (ભાવની) ઉત્તરાવસ્થા આવે તો, ઉદાસીનતાસાથે

---

* પ્રેમ, સ્નેહ, મમતા, વાત્સલ્ય, વિગેરે શબ્દો પર્યાય શબ્દો છે. પ્રેમ તથા સ્નેહ એ ઉભયમાં કયો શબ્દ વધારે મહત્વવાન્ છે એ નિશ્ચય કરવું અગત્યનું તેમ કઠિન છે. જે ધાતુ ઉપરથી એ શબ્દો થયાછે, તે પ્રત્યે જોતાં સ્નેહ શબ્દ વધારે મહત્વવાળો જણાયછે. પ્રેમ શબ્દમાં કાંઈક પ્રેમવાહક જનને પ્રસન્ન રાખવાનો ભાવ આવેછે. પ્રેમી, પ્રેમથીજ દુઃખી થતાં પોતાની શરીરસંપત્તિ તથા મનઃસંપત્તિને ક્ષીણ કરી નાખે; વળી તે એટલેસુધી કે પ્રેમનું સ્થાન હૃદય પણ શુષ્ક થઇ ઉન્માદ અવસ્થામાં જાય. આવી અવસ્થામાં પ્રેમીને પ્રસન્નતાનું સ્થાન કયાં રહ્યું? કેટલાએક વાદીઓ આ અવસ્થાને પણ પ્રેમીની ઇષ્ટાવસ્થા લેખેછે. તેમના વિચાર પ્રમાણે પ્રેમી પોતાની સ્વેચ્છાએજ વિકળ થાયછે. તેઓ કહેછે કે મનની પ્રેરણા વાંછીત વસ્તુમાંજ થાયછે. આવિષે વિશેષ વિચાર કરવા જતાં મનની વૃત્તિઓમાં બહુ ઉંડા ઉતરવું પડેછે.

પ્રાચિન તેમ કેટલાક આધુનિક કવિયો આ બેય શબ્દને સમાન ગણેછે. કવિરાજ ભવભૂતિ ઉત્તરરામચરિતના ત્રીજા અંકમાં કહેછે:—

द्रवीभूतं प्रेम्णा तव हृदयमस्मिन् क्षण इव

(પિગળેલું પ્રેમે તે, તવ હૃદય આજ ક્ષણવિષે)

સંબંધ રાખેછે. આ સર્વ તેના ભિન્ન ભિન્ન ભેદ સરસ્વતીચંદ્ર પોતાનાં મન, વચન અને કર્મથી સ્ફુટ કરી દેખાડે છે. આટલી વિદ્વત્તાવાળાને ભક્તિભાવમાં ઔદાસ્યનું મિશ્રણ થાય તો અન્યનું શું કહેવું! વિદ્વત્તાનું એક ફલ સારૂં થયું કે પોતાની અપકીર્તિ કરાવી, પરંતુ લીન થતો ભક્તિભાવ લોકસમૂહમાં ઉઘાડો પાડયો નહિ.

વળી તેજ સ્થાનમાં કહેછે કેઃ—

प्रसाद इव मूर्तस्ते स्पर्शः स्नेहार्द्रशीतलः ।

(પ્રસાદ મૂર્તિમાન્ જાણે, સ્પર્શ આ સ્નેહશીતલ)

પ્રથમ ઉદાહરણમાં પ્રેમ શબ્દનો ઉપયોગ થવાથી શ્રી રામમાં કાંઇ પ્રસન્નતા હોય તેમ જણાતું નથી. દ્વિતીય ઉદાહરણમાં સ્નેહ શબ્દ પ્રેમ શબ્દથી કાંઈ જુદો ભાવ દર્શાવતો નથી.

પ્રેમમાંથી પ્રસન્નતાના ભાવને મુકી દઇએ તો અવશેષ આકર્ષણ માત્રજ રહેછે. સ્નેહ શબ્દમાં આકર્ષણ વગર બીજો કોઇ ભાવ રહ્યો જણાતો નથી. તેથી સ્નેહ શબ્દ પ્રેમ શબ્દ કરતાં અધિક મહત્વવાળો જણાયછે. પણ કાંઇક, વિદ્વાનોના તે શબ્દોના પ્રચારથી સંસ્કૃત કવિયોના સમયમાં તે બેય શબ્દ સમાન થઇ રહ્યા; અને કાલાનુક્રમે ફેરફાર થતાં સાંપ્રતમાં કેટલાક લેખકો પ્રેમ શબ્દને સ્નેહ કરતાં પણ વિશેષ મહત્વવાન્ ગણેછે.

વૃદ્ધો પ્રતિ થતાં આકર્ષણને ભક્તિભાવ એજ શબ્દ યોગ્ય છે. પરંતુ પોતાથી કનિષ્ઠપ્રતિ થતાં આકર્ષણને કયો શબ્દ જોડવો એ વિચારવા યોગ્યછે. વાત્સલ્ય તથા મમતા એ બે શબ્દોનો ત્યાં ઉપયોગ થઇ શકે. ભગવાન્ શંકર તથા વિષ્ણુ સદા ભક્તવત્સલ

લક્ષ્મીનાજ સંબંધી લક્ષ્મીનંદન તથા મૂર્તિમાન્ ગુમાન, ગુમાનનો સ્વભાવ યથાસ્થિત ચિતરાયો છે. મધ્યે ઉદાહરણમાં બાબુની વાર્તા પણ ઠીક સમયાનુસાર ગોઠવાઇ છે. અહિઆં પણ વળી સરસ્વતીચંદ્રની વિચાર કરવાની ઉચ્ચ પદ્ધતિ બહુજ આનંદ આપેછે. આવી રીતે સર્વને દુઃખી કરવા કરતાં કોઇ અન્ય માર્ગ વિશેષ

કહેવાયછે. મમતા શબ્દ તો ભક્તિભાવ સ્નેહ અથવા તેવા બીજા કોઇ પણ શબ્દનો પર્યાય થઇ શકે. કારણ મમત્વ સમાન, શ્રેષ્ઠ અને કનિષ્ઠ સર્વમાં રહી શકેછે. વાત્સલ્ય જે શબ્દ ઉપરથી થયોછે તે શબ્દ જેને માટે વપરાયછે તેનું વાપરનારથી કનિષ્ઠત્વ જણાયછે. આમ હોવા છતાં વાત્સલ્ય શબ્દ વાપરવામાં વિદ્વાનોએ કાંઈ નિયમ રાખ્યો જણાતો નથી. ભવભૂતિ સીતાને, પોતાનું રામ પ્રત્યેનું વાત્સલ્ય બોલાવેછે. કાલિદાસ કુમારસંભવના પાંચમા સર્ગમાં,

न पुत्रवात्सल्यमपाकरिष्यति ।

(પુત્રવાત્સલ્યને મટાડશે નહિ)

એમ લખી વાત્સલ્યને, બાલકોપ્રત્યે પ્રીતિ, એ અર્થમાં જોડેછે. વળી એજ કવિ રઘુવંશના પંદરમા સર્ગમાં,

अन्वितः पतिवात्सल्यात् ।

(ધણીના વાત્સલ્યથી ખેંચાણો એવો લોક)

એમ લખી જનપ્રત્યે સામાન્ય પ્રીતિમાં જોડેછે. આ પ્રમાણે બાળકોપ્રત્યેજ પ્રીતિ દર્શાવનાર કોઇ એકાર્થી શબ્દ નથી. વાત્સલ્ય જો એજ અર્થમાં વપરાય તો ભાષામાં અતિ સુલભતા થઇ પડે.

લાભકારી થવા સંભવ હતો. તે સર્વ માર્ગ અનુક્રમે ચંદ્રકાન્તે સરસ્વતીચંદ્રને દર્શાવ્યા; પરંતુ તે સર્વ તેને હાનિકારક ભાસ્યા. સરસ્વતીચંદ્રનો ભક્તિભાવ ઔદાસ્યમિશ્રિત થયો હતો, નિઃશેષ ગલિત ન થયો. વિદ્યાએ આપેલાં જ્ઞાને આ સમયે અગ્રાહ્ય માર્ગોમાંનો નિર્દોષ તો નહિજ, પરંતુ થોડા દોષવાળો માર્ગ ગ્રહણ કરાવ્યો. પ્રેમી છુટો થયો. થતાં થતાં સ્નેહ સાંકળ તોડવા યત્ન કર્યો; પરંતુ તેમાં એક ગાંઠ વિશેષ બંધાઈ. પત્રદ્વારા વચન આપ્યાવગર ચાલ્યું નહિં કેઃ—

"હું તને નહિ ભૂલું. પ્રસંગે ફરી પ્રત્યક્ષ કે પરોક્ષ રહી જણાઇશ. હું તને છોડું, પણ ત્હ્રદય કેમ છોડશે?"

એક નાશીગએલા મિત્રની શોધમાં બીજો મિત્ર નિકળેછે. સ્વાર્થસિદ્ધિ માટે વિદ્યાચતુર પાસે જઈ સર્વ વાત નિવેદન કરેછે. કાંઇ તેની મદદ, તેના મિત્રની શોધમાં, જોઇએ છીએ એવું જણાતાં, આ અનુભવાભિમાની કારભારી શરમને આધીન થઈ, બનતી મદદ આપેછે; અને ત્યાંથી નિકળેલો મિત્ર સુવર્ણપૂર જાયછે. એ સુવર્ણપૂર પોહોંચે, તે પેહેલાંજ સર્વવાત સરસ્વતીચંદ્રને જણાવેછે. નહાની બેન કુસુમસુંદરી પણ કુમુદસુંદરીપર પત્ર લખી સર્વવાત નિવેદન કરેછે. સરસ્વતીચંદ્રને દેશાટન પોતાને લીધે અંગીકાર કરવું પડયું એ વાત અનુભવતાં કોમળ

ત્દદયની બાળા કંપેછે. કંઇ કંઇ દુઃખદ વિચારો મનમાં લાવી અનુભવે છે. બિચારીને સરસ્વતીચંદ્રને કયે નામથી બોલાવવો, એ વિચાર થઈ પડેછે. પરંતુ નિવેડો બહુ સારો આવેછે.

“ તમે મ્હારા વીતી ગયા ભવમાં પ્રિય હતા. ઈશ્વરને હું પ્રિય કહુછું, પિતાને પ્રિય કહુછું, તેમ સરસ્વતીચંદ્રને પ્રિય કહેવામાં શો બાધ! હવે તે મારા પતિ નથી; હવે મારૂં શરીર મ્હારા પતિનેજ સોપ્યું છે. મનમાં પણ પતિજ પતિ છે. પરંતુ હું ઈશ્વર, માતા, પિતા અને સ્નેહી વર્ગને પ્રિય કરી તેમનું રટણ કરૂં તે અયોગ્ય ન હોય તો, સરસ્વતીચંદ્ર, તમારૂં રટણ કરૂં તેમાં અ-યોગ્ય શું?....”

અહઃ નિર્મળ પ્રેમ! આવાં જોડાં કોઈ પણ પ્રકારથી કોઈ પણ સંબંધે નિસ્વાથ જોડાય તો તેમાં લાભ લા-ભજ છે. પરંતુ કાંઈ પૂર્વ જન્માદિકનાં કર્મોથી કે શાથી, તેમ નથી થતું એ આપણે ઘણે પ્રસંગે અનુભવીએ છીએ. એક બીજા સાથે સંબંધ જેનો નિશ્ચિત થયો છે, તેનો તેવો સંબંધ દૈવયોગે તુટતાં એક બીજાને શાં શાં કષ્ટ થાયછે, એનું ચિત્ર જો વિચારીને અનુભવીએ તો આ પત્રમાં સારી રીતે ચિત્રાણું છે. પ્રથમ પ્રદર્શિત પ્રે-મને આચ્છાદિત કરવો એ મહા કઠિન કામ છે. અને તે દૃઢ મનવાળા પુરૂષથીજ થાય. નિર્બળ, અર્થાત્ જે

જન, મનરૂપી ઘોડાને બરાબર કાયદામાં ન રાખી શકે એથી, એ બનવું બહુ દુર્ઘટ છે. તેમાં પણ જ્યારે પ્રતિકુળ પ્રસંગો તેને આચ્છાદિત કરવા પ્રયત્ન કરે ત્યારે તો આચ્છાદન બહુજ કઠણ છે.

* Love he comes, and love he tarries,

* * * *

Longest stays, when sorest chidden,
Laughs and flies, when pressed and bidden.

T. Campbell.

તેમાં પ્રતિકુળ પ્રસંગોના આઘાતથી જર્જરિત થએલ અને તેથી જેમાં પ્રેમ અતિગૂઢ પાયો નાંખી રહ્યો છે એવા જર્જર હૃદયમાં તેને આચ્છાદિત કરવો એજ બહાદુરીનું કામ છે. જીર્ણ થયેલ ગૃહાદિકમાં આંતર્વસ્તુઓ ન દેખાવા તેમાં પડેલાં છીદ્રને સમા કરવા જતાં, બીજાં છિદ્રો પડેછે. અને તેમ થતાં ગમે તેવો સબળ પ્રયત્ન વ્યર્થ જઇ તેની સ્થિતિ તેવીને તેવીજ રહેછે. પરંતુ એક

* પ્રેમ-(અહા કેવો!) તે સ્ફુરેછે; અને વસેછે. * * * પ્રસંગવશાત્ દુઃખદાયક થવાનેલીધે, જ્યાં તેને અતિશય ઉપાલંભ થતો હોય ત્યાંથી તે કેમે કર્યો જતો નથી; અને જ્યાં આગ્રહપૂર્વક પ્રાર્થિત હોય ત્યાંથી તે હસીને જતો રહેછે.

ટી. કેમ્પબેલ.

બહુ મજબુત ગૃહમાં પડેલા છિદ્રને સાંધતાં વાર નથી લાગતી; કારણ તેની સ્વસ્થતા તે સાંધવામાં પણ સહાયભૂત થઈ પડેછે.

* Love first leaves the well-built nest;
The weak one is singled
To endure what it once possest.

P. B. Shelly.

પ્રકરણ ૧૬ અને ૧૭ એક બીજા સાથે કાંઈ અદ્ભુત સંબંધ રાખેછે. આટલા વખત સુધી જે જે સરખામણી થઇ તે જુદાં જુદાં કુટુંબનાં જુદાં જુદાં મનુષ્ય સાથે થઈ. પણ આ છેલ્લી સરખામણી એકજ કુટુંબનાં બે જોડાં વચ્ચે થાયછે. એક તરફ પિતા અને પુત્ર અને બીજી તરફ સાસુ વહુ. પિતાપુત્રમાં કેટલો ભેદ! દુર્ગુણથી ડરનારો, કાર્ય સાધવામાં કુશલ, એક મોટા રાજતંત્રને ચલાવનાર, હલાવનાર અને અસ્તવ્યસ્ત થએલાંને સારી સ્થિતિમાં લાવનાર, આ સર્વ કાર્ય માટે શક્તિ ધરાવવા ઉપરાંત તેની ઉદાર વૃત્તિ, મરતાને પણ મરવા ન કહેવું, ગમે તેવા અપકાર કરનારને પણ ઉપકારથીજ મારવો, એ સર્વ સાધુ ગુણવાળા બુદ્ધિધનનો પુત્ર પ્રમાદધન તે-

---

* પ્રેમ–(પક્ષી) પ્રથમ દૃઢ અને મજબૂત હૃદયનીડમાંથી ઉડી જાયછે. અને પછી જે પોતાને સ્વાધીન (પ્રેમ પક્ષી) હતું તેથી દુઃખ સહન કરવા નિર્બળ હૃદયનીડજ પાછલ રહેછે.

પી. બી. શેલી.

નાથી કેવળ ઉલટો. રાજબાની સાથે થએલ આકસ્મિક એક પ્રસંગથી પણ પોતાને અશુદ્ધ માનતા પિતાનો પુત્ર પદ્માની સાથે આનંદ માનવામાં પોતાને કૃતાર્થ માનેછે. કેવી જગત્‌ની રચના! રાજકાર્યમાં થોડા સમયથી પડ્યા છતાં પણ પોતાના કાર્યથી કેવલ અજ્ઞ, પરંતુ એ અજ્ઞતામાંજ મોટાઇ માની એક વિદ્વાન્ મર્મજ્ઞ સ્ત્રી આગળ હલકો પડે. અતિ વિદ્વાન્ નહિ પરંતુ વિદ્યાના અભાવથી પોતાના કાર્યમાં દૂષણ ન આવવા દેતો, અને તેમ છતાં પોતામાં તેટલી ખામી છે એમ સમજતો, સમજીને વળી તે ન્યૂનતા રહિત જનોને પ્રસંગમાં રાખવાની ઇચ્છા કરતો પિતા ક્યાં? અને વિદ્વાન્ નહિ પણ તે ન્યૂનતાથી પણ અજ્ઞ, એ અજ્ઞતામાંજ શ્રેષ્ઠત્વ માનતો, વિદ્વાન્‌નો સદા સંગી છતાં તેના તે ગુણમાટેજ તેને અવગણતો, મૂર્ખ પતિત પુત્ર ક્યાં? "દિવા પછવાડે અંધારૂ" એ કહેવતનો યથાર્થ અનુભવ બુદ્ધિધન અને પ્રમાદધનમાં મળેછે.

સાસુ અને વહુની સરખામણી વળી જુદોજ આનંદ આપેછે. સ્વચ્છ નિર્મલ-અંતઃકરણની ધાર્મિક સાસુ અને તેવીજ વધૂ. આ તેમનો સામાન્ય ગુણ હોવા છતાં ભિન્નતા પોતાનું પ્રાકટ્ય તેમનામાં જોરથી આણેછે. સૌભાગ્યદેવીએ, દુર્ગુણ, દુરાચાર વિગેરે કનિષ્ઠ ભાવો શું છે? તે જાણ્યુંજ નથી. પાસે આવતાં છતાં તે તેમને ઓ-

ળખી શકી નથી, કે તેનો અનાદર કરે. આવી રીતે તેમનો અનાયાસેજ મહાઅનાદર થવાથી તેઓ તેનાથી દૂરના દૂરજ રહેછે. તેનો સ્પર્શ કરી શકતા નથી. તેમની ઉપર પોતાનું પ્રબળ અજમાવી શકતા નથી. સૂર્ય અંધકાર શું છે તે જાણુતોજ નથી. અને તેનો ગુણ કંઈ એવો છે કે તે તેને કાંઇ જણાયજ નહિ. એમ હોવાથી સૂર્ય કદી પણ અંધકારમાં વિલેપિત થતો નથી. ચંદ્રની સ્થિતિ કંઇ ભિન્ન પ્રકારની છે. જે સમયે અંધકાર પોતાનું પ્રાબલ્ય દર્શાવી શકે તે સમયે તેને પરાસ્ત કરી પોતાનું પ્રાબલ્ય, ચંદ્રને દેખાડવું પડેછે. કુમુદસુંદરી-ચંદ્રથી પ્રફુલ્લિત થતું કુમુદ તે ચંદ્રનોજ અંશ છે. દુર્ગુણાદિક અંધકારને તે જુએ છે. પોતે તેનામાં લેપાયમાન ન થાય તે માટે સાવધાન રહેછે. બીજા વિલેપિત હોય તેને ઉજ્વળ કરવા પ્રયત્ન કરેછે અને ઉજ્વળ કરેછે. તેમાં પણ પૂર્ણિમાનો ચંદ્ર અંધ:કારને પ્રાદુર્ભાવ થવાના વખતેજ બરોબર આવી ઉજ્વળ પદાર્થોને અંધ:કારથી મલિન થતાં અટકાવેછે. ઉદાહરણ—અલકકીશોરીની ઉન્મત્તતાના પરિણામને કુમુદ અનાયાસેં એકદમ અટકાવેછે. તેમજ મલિન થએલા પતિને પણ થોડા કાળને માટે સદ્ગુણરૂપી કિરણોથી પ્રકાશે છે.

એક જનસ્વભાવને પરિપૂર્ણ દર્શાવવા તેથી પ્રતિકુળ

જનસ્વભાવનું પ્રતિબિંબ દર્શાવવું એ કવિઓની એક યુક્તિ છે. કદાચિત્ એવા પ્રસંગો જનસ્વભાવને ઉત્તેજિત કરવા માટેજ હોય; નહિ તો આ પ્રકરણમાં કૃષ્ણકલિકા અને નવીનચંદ્ર અથવા સરસ્વતીચંદ્ર તથા પ્રમાદધનની ચર્ચાનું શું પ્રયોજન હતું? જનસ્વભાવ ઉત્તેજીત કરવા માટે હોય; પણ આથી અમારા ધારવા પ્રમાણે કુમુદસુદરીમાં કુમુદસુંદરીનો સ્વભાવ ઉત્તેજીત થતો નથી. તેથી તો સામાન્ય સ્ત્રીનો સ્વભાવ પ્રદર્શિત થાયછે; તેમાં પણ એક ખંડિતા નાયિકાનો. આટલા ભાગમાં, આ પ્રકરણ સુધી, કુમુદસુંદરી પોતાને માટે જે મોભો રાખી રહી હતી તે વિશેષ નહિ તો એક લેશમાત્રજ ઓછો કરેછે. "ન રહેવાયું અને કુમુદસુંદરીએ ભોંયપર માથું પછાડયું;" આમ થતાં કુમુદ અને બીજી સામાન્ય સ્ત્રિઓમાં શો ભેદ રહ્યો.

પ્રકરણ ૧૮, સ્વદેશી રાજ્યોમાં નવાસવા પ્રવેશ કર્તા અને ન્યાયથી ચાલવા વિચાર રાખતા વિદ્યાર્થિઓને, એક ઉત્કૃષ્ટ અધ્યયનપાઠ છે. કેવલ શાળાની કેળવણી લઇને પોતાને કૃતકૃત્ય માનતા ज्ञानलवदुर्विदग्ध વિદ્વાનોએ આ પ્રકરણ વાંચતાં ઉંડા ઉતરી નવીનચંદ્રની આ સમયની સ્થિતિનો અનુભવ કરવો. પ્રજાપાલન એ સર્વ રાજ્યપદ્ધતિનો મુળ ઉદ્દેશ હોવો જોઇએ, એ વિચાર સુવર્ણપુરની નવીન રાજ્યપદ્ધતિમાં કેટલે અંશે સિદ્ધ છે, એ

બહુ વિચારવા જેવું છે. નવીનચંદ્ર જેવો એમ્. એ; એલ્. એલ્. બી; બેરીસ્ટર એટ લૉ; પણ આમાં મુંઝાઈ જાય તો આપણે આશ્ચર્ય પામવા જેવું નથી. મોટાં મોટાં રાજતંત્ર ચલાવનારા વીરપુરૂષો શાળાની કેળવણીથીજ આવા પરાક્રમી થયા, એમ માનવું અયોગ્ય ગણાય. કેટલાએક દેશોમાં કાળા અક્ષરને કૂટી મારનારા જનોએ પણ રાજતંત્રના ભાર માથે ઉપાડ્યા છે. તેઓ લક્ષણ સિદ્ધાંતાદિને સમજ્યા ન હતા; પરંતુ તેમનો ઉદ્દેશ સત્ય હોવાથી, તે ઉદ્દેશની સત્યતાજ તેમને યોગ્ય માર્ગે ખેંચી જતી હતી. રાજતંત્રનું શાળામાં અધ્યયન કર્તા વિદ્વાનો, ન્યાયાદિક શાસ્ત્રથી તે ઉદ્દેશિત પદાર્થોનાં લક્ષણો, અને પ્રમાણાદિકથી તેમાંથી નિકળતાં બીજાં સિદ્ધાંતો, સિદ્ધ કરવા જતાં, મુળ ઉદ્દેશનેજ ભુલી જાયછે; અને તેમ થયા પછી પાછલનાં સિદ્ધાંતોને ભ્રમથી ઉદ્દેશ સમજી, તે આધારે ચાલતાં અનર્થરૂપ પરિણામ લાવી મુકેછે.

અન્યના અનુભવને સાંભળી મેળેવેલાં જ્ઞાન કરતાં સ્વાનુભૂત વિષયનું જ્ઞાન પ્રબળ અને સદા સતેજ રહેછે. અન્યના અનુભવ સાથે સ્વાનુભવનું મિશ્રણ થાય, તો વિશેષ લાભ છે, એ વાત તો નિ:સંશય છે. ‘અલૌકીક શક્તિ ધરનાર’ એવું ઉપનામ ધરનાર મહાત્માઓમાં, સાંસારિક વિષયોનું રટણ કરતાં, આ અનુભવદ્વયના પરિણામ શિવાય અન્ય કાંઇ દેખાતું નથી. ગ્રન્થકર્તાએ

આ સ્થાનકે વિદ્યાવિલાસી અન્ય-અનુભવ-શિક્ષિત તથા સ્વાનુભવ-શિક્ષિત, એ બે પુરૂષોનું યથાસ્થિત ચિત્ર આપી, એક બીજાની અન્ય પરત્વે ન્યૂનતા અને આધિક્ય દર્શાવવામાં સફલ પ્રયત્ન કર્યો છે.

કુમુદસુંદરી એક કુલીન કુટુંબની પુત્રી, વિવેકી, નમ્ર, સહનશીલ અને વિદ્વાન્ પ્રૌઢ યુવતી છે. એની વિદ્વત્તા અગાધ કલ્પાઇ છે. અંગ્રેજી ભાષાજ્ઞાનજ નહીં, પરંતુ તે સાથેં અત્યુત્તમ અને ગૂઢ કાવ્યોને સમજનારી, સમજીને તેમાં વર્ણવેલા વિષયોનું મનન કરી, અનનુભવેં અનુભવ કરનારી સ્ત્રી, તેમજ ગીર્વાણ જ્ઞાનમાં કાવ્યાનાટકાદિકનોજ નહીં, પરંતુ ન્યાય, વેદાંત, મિમાંસાના ગ્રન્થોનો અભ્યાસ કરી, તેમાં ઉંડી ઉતરી, તેના મર્મ સમજનારી પંડિતા તથાપિ વિચારવતી, શીલવતી, સદ્ગુણવતી એવી એક કુલવધૂનું ચિત્ર પાડવાનો પ્રયત્ન થયોછે. તે પ્રયત્ન કેટલે અંશે સિદ્ધ થયોછે તે જોવાનું છે. કથારંભમાં કુમુદસુંદરી વાચકનાં મનમાં બહુ ઉચ્ચ ભાવ ઉત્પન્ન કરેછે. અને જો તે શ્રેણી ઉપર ચિંતકજન ચિંતવન કરે તો કુમારી અવસ્થામાંથી યુવાવસ્થામાં આવતી કુમુદસુંદરીમાં, તે, કાંઇ અમાનુષ શીલ, સદ્ગુણ અને મહત્વ જોવાની આશા રાખે. ગમે તેવી ઉચ્ચ સ્થિતિમાં ગએલો પણ મનુષ્ય અનાયાસે એકાદ સમયે નીચ વર્તન કરે, તે કેટલાકોને

સ્વાભાવિક લાગતું હશે; અને લાગેજ તેમાં આશ્ચર્ય નથી. પરંતુ એવા પ્રસંગમાં એવી ઉચ્ચ સ્થિતિને પહોંચનાર મન અથવા બુદ્ધિને દોષિત ઠરાવવાં, તે કરતાં તે સમયના એકીભૂત પ્રસંગોને દોષિત ગણવા એ સારો પક્ષ છે. આ સ્થાનકમાં પણ આપણે કુમુદસુંદરીના ચિત્તભ્રમમાં પ્રસંગને દોષ દઇ શકિયે. પરંતુ વિમાર્ગે લઈ જનાર પ્રસંગો પણ, જેની ઉપર પોતાને અસર કરવી છે, તે મન અથવા બુદ્ધિને તુલ્ય અથવા તેથી અધિક પ્રબલ હોવાં જોઇએ. ઘૃતને દ્રવીભૂત કરવા એક સામાન્ય દીપની ઉષ્ણતા પણ પરિપૂર્ણ છે, પરંતુ લોહને જરા લેશમાત્ર પણ ગાળવાને એક મોટી ભઠ્ઠીની જરૂર છે. કુમુદસુંદરીનું અતિ કઠિન મન–વિશેષે શાસ્ત્રાદિકના અધ્યયને થએલ વજ્રમય મન–તેને ચલાવવાને પ્રસંગ પણ તેવો મહત્વવાન્ જોઇએ. કેવળ સરસ્વતીચંદ્ર અતિથિરૂપે ઘેર આવ્યો, પતિના દુર્ગુણનો એકાદ પ્રસંગ નજરે પડ્યો, સખીવર્ગમાંની એકાદની નીચ વૃત્તિ જાણી, એક પતિવ્રતા સખીના સુખનું ચિંતવન થયું; આવા આવા તુચ્છ પ્રસંગોથી કુમુદસુંદરીનું[1] મહા સમર્થ મન ચલિત થાય, એ ખરેખર અયોગ્ય ને અસંભવિત કહેવાય.

---

૧ સામાન્ય શૃંગારકથાઓ કુમુદસુંદરીને ગમતી ન હતી એમ તેની વર્તણુક ઉપરથી સૂચવન થઈ જાયછે.

સામાન્ય જનને એ સંભવિત લાગે, પરંતુ કુમુદસુંદરીના મનમાં ઉંડા પેશેલ, તેના મનને જાણુનાર, તે મનની વૃત્તિઓનું અવલોકન કરનાર, વિશેષ શું! તે મનને ઘડનારને તો તેમ નજ લાગવું જોઇએ. કેટલો વિરોધ! અધ:પાત સમયે પણુ કુમુદની વિચારશ્રેણી તેનું મહત્વ દેખાડેછે. એક નાના દીપવાળા ખંડમાં-અંધારામાં-પણુ તેની વિદ્યા પ્રકાશ પામી રહેછે. પ્રતિકુળ પ્રસંગો ઉત્પન્ન થયા હોય તો, તેનો નાશ કરવાને યોગ્ય પ્રસંગે પતિવ્રતા વનલીલાની પતિસેવા, તે સમયે કુમુદના ખંડમાં સદ્ગુણુરસ છાઇ દેછે. અપવિત્ર–પણુ પવિત્ર મને અપવિત્ર ન લેખેલા–પતિ પ્રમાદધનની છબી આ ચલિત થતી કુમુદની દૃષ્ટિ આગળ પડેલી છે. આટલા આટલા દુર્ગુણુના પ્રતિકુળ અને સદ્ગુણુના અનુકુળ પ્રસંગો છતાં કેવળ એકાંત અને પૂર્વસ્થિતિનો સ્નેહ–નિર્મળ સ્નેહ, પવિત્ર સ્નેહ, અકલંકિત સ્નેહ–શું કુમુદને દુષ્ટમાર્ગે લઈ જાય? નહિ, નહિ. કદિ નહિ.

અમારા વિચાર પ્રમાણે તાણી તોડીને ઘટાવેલ આ પ્રસંગમાંથી પવિત્ર હૃદયને મુક્ત કરવા, બીજો પ્રસંગ બહુ સારી રીતે અણુાયો છે. શુદ્ધમતિ, સદ્ગુણુ અને શીલને ધરનારી કુમુદની માતાનું સ્મરણુ તેને તે માર્ગેથી પાછી વાળે છે. પાછો પ્રેમ, નિષ્કલંક-કલંકિત થવા જતાં અટકી નિષ્કલંક રહેતો; નિર્મળ–મલિન થવા જતાં અ-

ટકી નિર્મળજ રહેતો; શુદ્ધ-અશુદ્ધ થવા જતાં ઠોકર ખાઈ શુદ્ધજ રહેતો, નિઃસ્વાર્થ-સ્વાર્થિ થવા જતાં પાછો પડી નિઃસ્વાર્થજ રહેતો; પુનઃ પૂર્વરૂપેંજ પ્રાદુર્ભૂત થાયછે. કલાક અથવા અર્ધો કલાકનું સ્વપ્ન-અયોગ્ય પણ કર્ત્તાએ યોગ્ય રૂપેજ ઘટાવેલી નિર્મળ મન પરની મલિનતા-એક ક્ષણમાં નાશ પામેછે.

ગમે તે રીતે, શુદ્ધિથી અથવા અશુદ્ધિથી, તે સ્ત્રીપુરૂષનો ભેટો તો કરાવવોજ; વિચારવચ્ચે આવતી આચરણ-જવનિકાનું ચ્છેદન થવુંજ જોઇએ, એમ કર્ત્તાનો વિચાર જણાયછે. અને શુદ્ધિથી થયું એ વિશેષ સારૂં થયું. હવે સદ્ગુણનો અભેદ્ય દુર્ગ પોતાની આસપાસ બાંધી, દૃઢતાને સાથે રાખી, મલિનતાનો નાશ કરી, એક સ્ત્રી નિર્વિકાર મનથી, પોતાના પતિ નહિ એવા પુરૂષના ખંડમાં, નિઃશંકપણે ચાલી જાયછે. સાથે એક ઉપદેશાત્મક પત્ર લેતી જાયછે. કુમુદસુંદરીનો પત્ર પણ તેની વિદ્વતાને પૂર્ણરૂપમાં પ્રકાશે છે.

"અવનિપરથી નભચઢ્યું વારિ પડે જે પાછું ત્યાં ને ત્યાંઃ
ટૂંકું કર્મ ટૂંકું રહેવાને સરજેલું આ ધરતીમાં. ૧

* * * *

પણ ઉંચા નભના સંચારી પક્ષિરાજ, તું આવ્યો આ
ધરતીપર ત્યાંથી ઉડ્યે પાછો; પક્ષ હીનનો દેશ જ આ. ૨

* * * *

સુવર્ણ પક્ષની જશે ભભક ભળી, તે સમય તુજ કીર્તિને
જોઈ જોઇ પૃથ્વીપરથી પૂજું શું–ઉરમર્મેથી અનુમોદીને. ૩
નહીં ઉડાયે પોતાથી પણ પ્રિયનાં વિમાન ગતિ જોઇ;
રાચવું એટલું રહ્યું ભાગ્ય તે રાજ્ય! નિકર રહીશું રોઈ." ૪

આટલા નાના પત્રમાં પણ કુમુદસુંદરીએ પોતાના સ્નેહીની શક્તિનું ઘણું સરસ ચિત્ર આપ્યું છે. વિશેષ આશ્ચર્યકારક એ છે કે, જે વિચાર નવીનચંદ્ર અથવા સરસ્વતીચંદ્ર પોતે એક થોડા સમય અગાઉ, કેટલાક પ્રસંગોનો અનુભવ કરી પોતાના મનમાં સિદ્ધ કરવા જતો હતો, તેજ વિચારને અનુમોદક મત તેવા પ્રબળ પ્રસંગોનો અનુભવ કર્યાવિના કુમુદસુંદરી ઉચ્ચારે છે. જેમ આ પત્ર કુમુદની શક્તિ દર્શાવે છે; તેમ તેજ સમયે સરસ્વતીચંદ્રથી લખાએલો પત્ર સરસ્વતીચંદ્રના મનના તરંગ બતાવે છે. સરસ્વતીચંદ્રે આ સ્થાનક પોતાને યોગ્ય નથી એમ નક્કિ કર્યું હતું; પણ મુંબઇ પોતાને યોગ્ય છે એમ એને લાગતું નહોતું. તેમ, તેને, પોતે જેને પ્રિય ગણેલી તેવીને તેની શક્તિની પરિક્ષા કરવામાં અસમર્થ જનમંડળમાં પડેલી જોઇ ખેદ થતો હતો. તેના વિચારથી કુમુદસુંદરી પણ

"* ઉચા નભનો સંચારી પક્ષિરાજ * * * "

હતો. ભિન્નતા માત્ર એટલીજ હતી કે તે તેને

"* * * * * તું આવ્યો આ
"ધરતીપર, ત્યાંથી ઉડચ પાછો * * *"

એમ કહી શકતો ન હતો. તેને તો

" * * * પ્રિયની વિમાન ગતિ જોઈ
રાચવું એટલું * ભાગ્ય * * * * * "

નહતું. એને તો સદા કુમુદની સ્થિતિ જોઇ, પતિવ્રતા કુમુદ પોતાની સ્થિતિમાં ગમે તેટલી આનંદમગ્ન રહે તો પણ રોઇ રહેવાનુંજ હતું. અને તેનો લખેલ પત્ર, તે પણ રૂદનજ છે. કુમુદ બેયમાં વિશેષ ભાગ્યશાળી છે કે, તે નવીનચંદ્રને કાંઇપણ ઉપદેશાત્મક વચનો કહી, તેની આગલી સ્થિતિ તેને સંભારી આપી, તેને કોઇ પણ માર્ગ દેખાડી આપે છે. સરસ્વતીચંદ્ર તે પણ કરી શકતો નથી. કુમુદ તેના કરતાં કાંઇ જુદાજ પ્રકારની સ્થિતિમાં છે. વિશેષમાં બહુ ઉંડા ઉતરી જોઇએ તો કુમુદની હાલની સ્થિતિની પરીક્ષા કરવામાં સરસ્વતીચંદ્ર કાંઇક ઠગાયો હોય તેમ તેના પત્ર ઉપરથી જણાય છે. કુમુદ, તેના વિચારથી, પોતાની સ્થિતિમાં અસંતુષ્ટ છે. કુમુદ પોતે, પોતાને ઇશ્વરનિર્મિત સ્થિતિમાં સંતુષ્ટ માનવાનો પ્રયત્ન કરે છે. આ સ્થિતિમાં કયો માર્ગ લેવો તે વિચાર કરતાં, સરસ્વતીચંદ્ર, પોતે ધારેલો માર્ગ કુમુ-

દને પણ અભિનંદનીય જણાશે એમ ધારવામાં ઠગાય છે. પોતાને દુઃખી ન માનવાને પ્રયત્ન કરતી પણ દુઃખી, ઉદાર વૃત્તિવાળી કુમુદ સરસ્વતીચંદ્રને દુઃખી કરવા ઇચ્છતી નથી. તે ધર્મભ્રષ્ટ થાય એવું જોવા ચહાતી નથી. તે પોતાના કર્તવ્યનો ત્યાગ કરે એ કુમુદને ગમતું નથી. ગમે તેવાં પણ ગુરૂજનની શુશ્રૂષા કરવીજ જોઇએ, એવો મર્મ કુમુદનો જણાય છે. વિદ્વત્તાને અંધારામાં રાખી તેનો ઉપયોગ કેવળ અરણ્યરૂદનમાં કરવો એ એના મનથી મહા પાપ છે. એતો એમજ ધારે છે જેઃ—

*नैसर्गिकी सुरभिणः कुसुमस्य सिद्धा
मूर्ध्नि स्थितिर्न चरणैरवताडितानि ॥

भवभूति.

આ સર્વ વિષયમાં સરસ્વતીચંદ્ર તેનાથી જુદોજ પડે છે. ચંદ્રને કુમુદ વગરનું જગત્ શૂન્ય ભાસે છે. વનવાસ, સન્યાસ, પ્રચ્છન્નસ્થિતિ એ એના મનથી વિશેષ સુખદાયક જણાય છે. ગુરૂજનની શુશ્રૂષા ત્યાગ કરવામાં તે, ગુરૂજનને પોતે સુખી કર્યાં એમ ધારે છે. જગતને પ્રકાશ કરવાની તેની ઈચ્છા છે, પરંતુ કુમુદ વગરના જ-

---

* દીપે સુગંધી ફુલ તે, નિપજ્યુંજ ત્યાંથી,
માથે મુક્યું, ન ચરણે કર્યું ધૂલધાણી.

મ. ન.

ગતને પોતાનાં કિરણોથી ઉજ્વલિત કરવાની તેની ઇચ્છા નથી. બહુ બહુ વિચાર કરી આ નિર્મળ પ્રેમમાં લીન થએલા, મહાસમર્થ વિદ્વાને તાત્પર્ય એજ કહાડયું કે,

"**જહાંગિરી-ફકીરી** એ! લલાટે છે લખાવી મ્હેં!"

સંન્યાસ ગ્રહણ કરવાની ઈચ્છા કરે પણ સંન્યાસ ગ્રહણ થતો નથી; કારણ જગતના સન્યાસની સાથે કુમદનો સન્યાસ કરી શકતો નથી. માટેઃ—

"હવે સ્વચ્છંદચારી હું! યદૃચ્છાવેશધારી હું!
પતંગો ઉડતી જેવી-હવે મારી ગતિ તેવી!"

એમજ ધારી, એમજ નિશ્ચય કરેછે. સરસ્વતીચંદ્રનો પત્ર વાંચ્યાં પછીની કુમુદની સ્થિતિ સ્વાભાવિક છે.

ત્યાંથી પોતાના ખંડમાં આવ્યા પછી કુમુદે પ્રેમને યોગ્ય નહિ પણ ધર્મયોગ્ય કામ કર્યું. કર્યું પણ નહિ કર્યા જેવું. સરસ્વતીચંદ્રના પત્રો, હવે નિરૂપયોગી જણાતાં, તેને હાથે પોતાની ઉત્તર ક્રિયાને પામ્યા. કુમુદે ધાર્યું, મેં સરસ્વતીચંદ્રને છોડયો; પોતે પોતાના મનમાં મલકાઇ; પાતિવૃત્યને યોગ્ય કામ કર્યું એમ મનમાં આભાસ થયો; કાંઇ સંબંધ નથી એમ મનમાં સમજી; પણ સર્વ નિરર્થક. કોણ જાણે શા માટે? સંબંધ છોડાયો નહિ. ભ-

સ્મીભૂત પત્રોની ભસ્મને એક શીશીમાં ભરી તેની ઉપર "મર્મદારક ભસ્મ" એવું નામ લખ્યું. શું ખરેખર સરસ્વતીચંદ્રનો ત્યાગ કરી શકી? નહિ, નહિ. જો ત્યાગ કર્યો તો પછી મર્મદારક ભસ્મનું શું પ્રયોજન હતું? વળી વિરાગી પુરૂષને (જેનો ત્યાગ કર્યો હોય તે બાબતમાં) ત્યક્ત વસ્તુનો કોઇપણ અંશ મર્મદારક કેમ થઇ શકે? કંઇ બીજા કારણ માટે મર્મદારક ભસ્મ પાસે રાખવા જરૂર પડી હોય, તોપણ

"એ શીશીને પણ છાતી સરશી ચાંપી–ચુંબી–ટેબલપર નિત્ય દૃષ્ટિએ પડે એવે સ્થાને"

મુકવાનું શું પ્રયોજન?

"રાત્રીના ત્રણ વાગતાં સરસ્વતીચંદ્રનો હવે સનાતન ત્યાગ કર્યો ગણી***સતી કુમુદસુંદરી અસ્વપ્ન નિદ્રાને વશ થઇ."

શું ખરેખર કુમુદસુંદરી સતી હતી? તેનું અંગ શુદ્ધ હતું, તેનું આચરણ શુદ્ધ હતું, પણ તેવું મન શુદ્ધ હતું? કદાચિત્ પાછળથી શુદ્ધ થયું એમ માનીએ. એકવાર પણ જે મન ઉપર અશુદ્ધ વિચારેં જય કર્યો, તે મન અત્યંત નિર્મળ કેમ કહેવાય? ન કહેવાય તો તેવું મન ધારણ કરનારી સ્ત્રી સતી કેમ કહેવાય? સતી તો સૌભાગ્યદેવી. નહિ અલક કે નહિ કુમુદ. વિપરીત પ્રસંગો શુદ્ધને પણ અશુદ્ધ બ-

નાવેછે એમ બહુ મત હશે! એ મતને સ્વીકારવો કે નહિ એ વિચારણીય છે. એમ કાં ન હોય, કે શુદ્ધ પાસે અશુદ્ધકર્ત્તા પ્રસંગો આવીજ શકતા નથી?

રાત્રીના મહાસ્વપ્નમાંથી પ્રાતઃકાલે જાગૃત થતાં સરસ્વતીચંદ્ર કુમુદને અને કુમુદ સરસ્વતીચંદ્રને ભૂલી જતાં નથી. સરસ્વતીચંદ્ર ન ભુલે એમાં આશ્ચર્ય નથી. તેના મન ઉપર અશુદ્ધ વિચારોનો લેશ માત્ર પણ જય થયો નથી. તેના મનથી કુમુદ એક સ્ત્રીજ છે. તેની તરફ મન આકર્ષાવાનું કારણ એજ કે, તેણે તેને દુઃખી કરી એમ તે સમજેછે. તે, સમજી, તે પાપનું પ્રાયશ્ચિત કરેછે. કુમુદે નિશ્ચય કર્યો છે કે સરસ્વતીચંદ્રને વિસરી જવો. નિશ્ચય કરી પોતાનું મહત્વ દેખાડવા ગઇછે. પણ મર્મદારક ભસ્મ રાખતાં તેનું મહત્વ અનાયાસેં અકલિત ગલિત થઇ ગયું છે.

સરસ્વતીચંદ્ર માટે આપણે શું ધારવું? તેનું હૃદય પ્રેમમય છે. તેનું આચરણ સદાચારમય છે. એક સ્થાનકેં અનાયાસે તંદ્રાવસ્થામાં શંકા જેવું જણાયછે; પરંતુ તે તેનો દોષ, તે પછીનાજ શબ્દોથી નષ્ટપ્રાય થાયછે. જાગૃતિરહિત સ્વપ્નાદિક સ્થિતિમાં કરેલા દોષ માટે કોઇને દોષિત ગણવો એ અન્યાય ગણાય. પોતાના પ્રેમપાત્રનો પોતેં દોષ કર્યો તો તેને વિસરી ન જતાં, તેનામાં

અતિશય ગૌરવ મુકી-તેને દેવી ગણી-એકાંત નિર્જન સ્થાનમાં જઇ, તેના નામનું રટણ કરવું, તેના ગુણનું રટણ કરવું એ તેને યોગ્ય દિસ્યું. પ્રેમી, ખરેખરો પ્રેમી, પ્રેમમાં લીન થઇ, પ્રેમને ઉચિત-વ્યવહાર પરમાર્થમાં અનુંચિત-એવું, કોઈ પણ કાર્ય કરે તો તે તેને યોગ્યજ છે. પરંતુ વિચારવા યોગ્ય એ છે કે આ અવસ્થાને કયો મનુષ્ય પહોંચે. અથવા આથી અન્ય પ્રેમોચિત અવસ્થા છે કે નહિ? અત્યુત્તમ પ્રેમભાવ-સારૂપ્યભક્તિ-બ્રહ્મતાદ્રૂપ્યમાં લીન થએલા મહાત્માઓ પણ, સ્વાર્થ માટે નહિ તો પરાર્થ માટે, ઐહિક વ્યવહારથી ચૂકતા નથી. જો ચૂકે તો વ્યવહારથી સ્ખલિત થતાં, સ્વાર્થથી દોષિત થઇ જાય. અને તે હાનિ ન ગણીએ, તોપણુ જ્ઞાનાદિકની પ્રચલિત શ્રેણિનો ઉત્તરોત્તર પ્રચાર ન રહેવાથી તેના નાશની શંકા રહે. તેમજ સરસ્વતીચંદ્ર જેવા મહા નૈયાયિક, ધર્મશાસ્ત્રને જાણનાર......... જો આ અવસ્થામાં સંસારથી ત્યાગી રહે, તો તેનું આચરણ અનુકરણીય ગણાતાં, તેમાંથી અનિષ્ઠ પરિણામોનો સંભવ રહે. વળી આટલાં આટલાં પૌરાણિક અને ઐતિહાસિક મહાત્માઓનાં દ્દષ્ટાંતો દ્દષ્ટિ ગોચર હોવા છતાં... પણ આમ વિચાર દોડાવવામાં કદાચિત્ આપણે સીમા બહાર જતા હશું. હવે પછીની સરસ્વતીચંદ્રની સ્થિતિ શું થવાની છે એ નિશ્ચિત નથી. ભદ્રેશ્વરનો નિ-

યમ ન રહેતાં, આ અનુભવાર્થી બીજા કોઈ અનુભવાલયમાં પ્રવેશ કરવા, અજ્ઞાત માર્ગે, અજ્ઞાત પ્રદેશ તરફ, કોણ જાણે કયાંય જાયછે. ત્યાં જતો જેમ કર્તાએ તેને જંગલમાં છોડચો તેમ આપણે પણ છોડીએ. જો કર્તા તેના કંઇ બીજા ખબર આપશે, તો પછી તે ઉપર આપણે કદાચિત્ વિચાર કરશું.

આ રીતે "સરસ્વતીચંદ્ર ભાગ પેહેલો અથવા બુદ્ધિધનના કારભાર"ની વસ્તુ સંકલના છે. સામાન્ય-જનમનોવૃત્તિ સરલ સંકલના કરતાં, જેમાં કાંઈક અદ્ભુતતા વિશેષ હોય, જેમાં અકસ્માત્ અકસ્માત્ પાત્રજનો, અજ્ઞાત હોવા છતાં, સ્વાભાવિક વ્યવહાર કરવા માંડે, પોતાની સ્થિતિ ન જણાવવાનો પ્રયત્ન કરી, લોકને વિશેષ ઉત્કંઠિત કરે એવાં ઉપર વિશેષ ભાવ રાખેછે. આ ભાવ કેટલે અંશે સ્તુત્ય છે એ વિચારમાં ઉતરવું હાલ યોગ્ય નથી. કેવલ અદ્ભુત પ્રસંગોથીજ કથા રસિક કરવી એ સંકલના ઉચ્ચ પ્રકારની નજ કેહેવાય. જે વસ્તુ જેવી સ્થિતિમાં હોય તેવીજ સ્થિતિમાં દર્શાવવું એજ કઠિન કામ છે; કારણ એ વસ્તુ ઘણાઓને અપરોક્ષ હોવાથી તેનાં ચિત્રોના પરીક્ષક ઘણા મળે. સર્વને તેમના ભિન્ન ભિન્ન અનુભવ પ્રમાણે સંતોષવા એજ દુસ્તર છે. જે વસ્તુ સ્વાભાવિક ન હોય તે દર્શાવવી તેમાં દોષની ભ્રાંતિ

ન રહે; કારણ કોઈ પણ મનુષ્ય તેને "કવિની એવી ઈચ્છા" કહી વિશેષ ઉંડા ઉતરવાની ઉપેક્ષાજ કરે. સ્વાભાવિક વસ્તુઓ દર્શાવવામાં કવિને પોતાની શક્તિને કસવી પડેછે. તેમાં તે પોતે સ્વેચ્છાચારી થઈ શકતો નથી. અમુક સીમા બહાર જવું એ વિચારવા જેવું થઈ પડેછે. કદાચિત્ બહાર જવા પ્રસંગ આવે તો પોતાનો અતિક્રમ યોગ્ય સ્થિતિમાં દર્શાવવા બહુ પ્રયત્ન કરવો પડેછે. વળી તેમ છતાં એ અતિક્રમ કોઈ વિદ્વાન્‌ને અયોગ્ય ભાસ્યો તો તેમાંથી હાંસિજ પ્રાપ્ત થાયછે. કેવળ અદ્‌ભુત ઉપરજ આધાર રાખનાર લેખકોને આ મહા હાનિ વિઘ્નરૂપ થઈ પડતો નથી. વિદ્વાનો તે પ્રત્યે બહુ આદરથી જોતા નથી; પરંતુ તેમની તેટલી ઉચ્ચ ઈચ્છા હોતીજ નથી. સામાન્ય બુદ્ધિનો જન-સમૂહ ખુશી થયો કે તેઓ પોતાના કૃત્યનું પરિપકવ ફુલ મળ્યું એમ સમજે છે.

સરસ્વતીચંદ્રની સર્વ રચના તેમાં વર્ણવેલા જનસ્વભાવને લીધેજ સ્તુત્ય ગણી શકાય; કારણ તેમાં ઉપર જણાવ્યા તેવા તાત્કાલિક આનંદ આપનાર અદ્‌ભુત ભાવ બહુ નથી. ક્યાંક ક્યાંક દેખાયછે તે પ્રસંગને લઇને માત્ર ગોઠવાણા છે. હવે તેની અંદર જનસ્વભાવનાં ચિત્રો કઈ પદ્ધતિપર પડ્યાં છે તે વિચાર કરીએ.

પૂર્વદેશના વિદ્વાનો અને પાશ્ચિમાત્ય વિદ્વાનોની, જનસ્વભાવ પાડવાની પદ્ધતિ એક બીજાથી ભિન્ન ભિન્ન છે. પશ્ચિમ દેશમાં સર્વશ્રેષ્ઠ જનસ્વભાવ વર્ણવનાર ઇંગ્લીશ મહાકવિ શેકસપીઅર ગણાયો છે. એણે સેંકડો ચિત્ર પાડયાં છે. તેની રસિકતા અને શક્તિને અનુભવનારા જનો એમ કહેછે કે, તેણે સેંકડો જનસ્વભાવ વર્ણવ્યા છે, પરંતુ તેમાં કોઇ પણ બે એક બીજાની બરાબર નથી. તેની ખુબી ભાવ વસ્તુઓમાં છે. અમુક જનસ્વભાવ જગતમાં મળેછે, એમ દર્શાવવાની તેની રીતિ હોય એમ જણાયછે. આર્ય કવિઓની રીતિ તેથી જુદીજ છે. જગતમાં અમુક પ્રકારનો જનસ્વભાવ હોવો જોઇએ, એમ દર્શાવવાની તેમની પદ્ધતિ હોવી જોઇએ. અને તેમ હોવાથી હલકા જનસ્વભાવ દર્શાવવા કરતાં ઉચ્ચ જનસ્વભાવ દર્શાવવામાં તેમનો ઉદ્યોગ વિશેષ રહે. ઉદાહરણ જોઇએ. શેકસપીઅર કૃત ઓથેલોનું પાત્ર ઇએગો શેકસપીઅરના ઉપાસકોને બહુ શ્રેષ્ઠ લાગે; પરંતુ આર્યપદ્ધતિપર ક્રમણ કરતા વિદ્વાનોને તે રૂચે નહિ. તે પાત્રમાં સ્વભાવોકિત ઘણી સરસ છે. તેના મુખમાંથી નિકળતા શબ્દો તેની દુષ્ટતાને યોગ્યજ મુકયા છે, તેનો અભિનય તેનાં ભાષણોને હમેશ શોભા આપતો રહેછે; છતાં તે સર્વમાં આર્યપદ્ધતિ મનની દુષ્ટતારૂપી એક મોટો દોષ જુએ છે, અને તે સહન કરી

શકતી નથી. તેમજ રીચર્ડ ધી થર્ડમાં રાજા રીચર્ડ અથવા જુલીઅસ સીઝર નો કેશીઅસ, કે એનટોનિ અને કલીઓપેત્રાનો એનટોનિ એ પણ આર્યરીતે સાનુકુલ થઈ શકે નહીં. તે પાત્રોમાં જનસ્વભાવની ખુબીઓ છે. ખરૂં જોતાં ખરેખરો જનસ્વભાવ તેમાં દેખાયછે, પરંતુ આર્યપદ્ધતિને તે યોગ્ય લાગેજ નહિ; કારણ આ પદ્ધતિનો ક્રમજ જુદો છે. આર્યરીતીને ખરેખરા જનસ્વભાવ દર્શાવવા એ વાત સાનુકુલ છે, પરંતુ તેમાં દુષ્ટભાવ કોઈ નજ આવવો જોઇએ. મહાકવિ કાલિદાસને દુષ્યંતનો જનસ્વભાવ વર્ણવતાં, વચ્ચે દુષ્ટભાવ, અર્થાત્ વિસ્મૃતિરૂપ તેનો દોષ, વર્ણવવો ઠીક ન લાગ્યો. ધીરોદાત્તનાયકમાં એવો દોષ ઘટેજ નહિ, એવી આર્યપદ્ધતિ છે. આટલાજ માટે તેને મહા ક્રોધી દુર્વાસાને વચમાં લાવવા પડ્યા. દુર્વાસાનો સ્વભાવ પણ જુઓ! ક્રોધ એ તેમાં દોષ, તે કાલિદાસે દર્શાવી દીધો; પરંતુ એવો દોષ એ મહાઋષિમાં યોગ્ય ન ગણાય એમ ધારી શાપોપશાંતિ બીજે માર્ગે ન કરાવતાં તેની ક્ષાંતિ માર્ગેજ કરાવી. મહાકવિ ભવભૂતિથી સીતા ત્યાગરૂપ દોષ રામમાં સહન ન થયો અને તેથી તેનો પરિહાર કરવા તેમાં તેણે પ્રજાપાલનરૂપ મોટા ગુણનો આવિર્ભાવ કર્યો. એ મોટા પાત્રોમાં તેમ કરવું ઉચિતજ હતું; પરંતુ ભવભૂતિથી તો સામાન્ય પાત્રમાં પણ એ વિકૃતિ સહન નથી થતી. સીતામાં

કહેવાતાં દૂષણની ખબર આપવા આવનાર દૂતનું નામ કવિએ દુર્મુખ રાખ્યું; પણ ઉચ્ચભાવની છાયા કવિમાં એવી જડ બેશી ગઈ હતી કે એ દુર્મુખના મુખમાં પણ સુમુખના જેવાં વચનો મુકયાં. શૂદ્રકે વસન્તસેનાને, એક વેશ્યાને, મહાસતી જેવી કરી છે; અને તેમ કરતાં તેના સ્વભાવના ચિત્રમાં જરા પણ ખામી આંવવા દીધી નથી. વિશાખદત્તે મહા ક્રોધી ચાણાક્યમાં, તેના, રાજનીતિને અંગે કાપટ્ય આદિ દોષ પ્રદર્શિત કર્યા; પરંતુ તે તેટલા માટેજ કે પાછળથી આવતા તેના રાજ્યભક્તિ આદિક મહાગુણેં આ અવગુણોનું આચ્છાદન કરાય. અતિ નીચ પાત્રોમાં જોઇએ તો ત્યાંપણ ઉચ્ચભાવજ. શાકુન્તલમાં આવતો માછી પણ સ્વધર્માભિમાની થઈ

*शहजे किल जे विणिन्दिए ण हु दे कम्म विवज्जणीअए
पशुमालणकम्मदालुणे अणुकम्पामिदु एव्व शोत्तिए॥१॥
कालिदास.

એ શબ્દોથી પોતાની યોગ્યતા દર્શાવેછે. શૂદ્રકના મૃ-

* નકિ નિંદિત કર્મ તોય જે
સહજ પ્રાપ્ત, નહીં તજાય તે.
પશુને હણનાર ઘાતકી
ગણિયેં શ્રોત્રિયને દયાળુજ

મૃચ્છકટિકમાં ચોરી કરવા નીકળેલો શર્વિલક પણ પોતાનાં એ કનિષ્ઠ વર્તનનું પ્રતિપાદન કરતો, ચૌર્યકર્મનું મૂલ દ્રોણાચાર્યના પુત્રથી શોધી કાઢી પોતાનું મહત્ત્વ દેખાડવા જાયછે, તથા પોતાના કાર્યમાં કરવાં પડતાં કૃત્યો માટે શાસ્ત્રનાં પ્રમાણો દેખાડેછે.

આ રીતે જોતાં સદા ઉચ્ચભાવજ દર્શાવવાની ઉત્કંઠા આર્યકવિઓમાં કેવું ઉંડું મૂળ નાખી રહી હતી તે સ્પષ્ટ જણાઈ આવેછે. મહાકવિ શેકસપિયરના કેશ્યો, ઇયેગો, રીચર્ડ ધી થર્ડ, એન્ટોનિઓ વિગેરે પાત્રો પોતાની નીચતામાંજ મગ્ન રહેછે. શર્વિલક જેવાં આર્યપદ્ધતિનાં પાત્રો તેમ કરતાં નથી. ઉપર લખેલાં ઇંગ્લિશ કવિનાં પાત્રો પોતાની મહત્તા નીચતામાંજ બતાવેછે. આર્ય પાત્રો નીચ સ્થિતિના હોવા છતાં પણ નીચતાનો અંગીકાર કરતાં નથી. આ વિષયમાં વિશેષ ઉંડાં ઉતરવું એ સમય અને સ્થળના સંકોચને લીધે અશક્ય છે. આરંભમાં કહી ગએલા એક વાક્યમાંજ મતલબ આવી જાયછે કે પાશ્ચમાત્ય કવિયોની પદ્ધતિ એમ દર્શાવવાની દિસે છે કે અમુક જનસ્વભાવ જગતમાં મળે છે; આર્યપદ્ધતિ એવું દર્શાવેછે કે અમુક પ્રકારના જનસ્વભાવ જગતમાં હોવા જોઈએ.

સરસ્વતીચંદ્રમાં આવેલા જનસ્વભાવ આ બેમાથી કોઈ એક અમુક પદ્ધતિપરજ પડ્યા હોય એમ કહે-

વાય નહિ. એમાં તો બે પદ્ધતિનું મિશ્રણ થયું છે, અને તે એટલા મોટા પ્રમાણમાં થયું છે કે બહુ વિચાર કર્યાશિવાય અમુક સ્વભાવ કેટલે અંશે એક પદ્ધતિનો છે એ સમજવું કઠિન થઈ પડે. સૌભાગ્યદેવી તો આર્ય સ્ત્રીજ છે; એમાં લેશ માત્ર પણ સંશય નથી. તેમજ બુદ્ધિધન જેવાં પાત્રો માટે પણ બહુ વિચાર કરવો પડે એમ નથી. પરંતુ સરસ્વતીચંદ્ર, કુમુદસુંદરી વિગેરેના જનસ્વભાવનું પ્રથક્કરણ કરવું એ કઠિન કામ છે. મેરૂલો, જમાલ આદિ નીચ પાત્રોને આર્યપદ્ધતિતો સહન નજ કરે; પણ પાશ્ચિમાત્ય પદ્ધતિ પણ સહન કરે એ સંશયવાળી વાત છે.

આ ગ્રંથના કર્તા નવલ કથાના લેખકજ (નૉવેલિસ્ટ) નહિ પરંતુ તે સાથે એક સારી પ્રતિના કવિ છે. તેમનામાં સ્વાંભાવિક કવિત્વશક્તિ છે. પ્રાસાનુપ્રાસ મેળવી, હ્રસ્વ દીર્ઘ અક્ષરેનો નિયમ ન રાખતાં, કેવલ પિંગળની રીતિ ઉપર આધાર રાખી, અર્થ ગૌરવને ધ્યાનમાં ન રાખી, છંદ માત્રજ કરવા એનું નામ કવિતા. આ મત ઘણાં વર્ષો સુધી જેમ બીજે તેમ ગુજરાતમાં પણ રહ્યું. આ સમયમાં કેટલાકો, જેને આપણે આજ કવિ કહેતાં શરમાયે તેવા પુરુષો મહાકવિ ગણાઈ ગયા. પરંતુ પ્રૌઢ કવિત્વ યુક્ત ઇંગ્લિશ અને ગીર્વાણ કવિતા-

ઓનું અધ્યયન થવાથી હવેના લોકોમાંથી કવિતાવિષેના ખોટા વિચાર બદલાઈ ગયા છે.

* Poesy is a part of learning........................
and doth truly refer to the imagination.

Francis Bacon.

આ રીતે જોતાં કવિતાનો મુખ્ય આધાર કલ્પનાશક્તિ ઉપર છે. પ્રાસાદિકથી સામાન્ય જનો ખુશી થાય, પ-રંતુ વિદ્વાનોને આનંદ આપવા કવિતા ઉચ્ચ પ્રકારની કલ્પનાયુક્ત હોવી જોઇએ. આજથી દશ અથવા બાર વર્ષ અગાઉ એવા ઉંચા પ્રકારની કવિતા ભાગ્યેજ જો-વામાં આવતી. પ્રેમાનંદાદિક ગુર્જરદેશના પ્રાચિન કવિઓ-માટે આ અમારૂં બોલવું નથી. એ પ્રાચીન કવિયોમાં જેટલા આપણે વાંચિયે છિયે તે સર્વ કલ્પના શક્તિમાં આગળ પડતા છે, એમ તો નજ કહી શકાય. તેમ તેમની કલ્પનાશક્તિ ઇંગ્લિશ અથવા સંસ્કૃત કવિયો સાથે કોઇપણ રીતે બરાબરી કરી શકે તેમ નથી; ત-થાપિ તેમનામાં પણ કાંઇક કલ્પના શક્તિનો અંશ છે ખરો. તેઓએ કેવલ શબ્દાલંકાર ઉપરજ પોતાનો આ-ધાર રાખ્યો નથી. મધ્યમાં શબ્દ ઉપરજ આધાર રા-

---

* કવિત્વ એ વિદ્વત્તાનું એક અંગ છે....................
અને વસ્તુતઃ તેનો સંબંધ કલ્પના સાથે છે.

ખનાર કવિયો થઇ ગયા. પણ હવે વીશ વર્ષ ઉપર જે કવિઓ વખણાતા તેઓ તરફ જનસમુહનો બહુ આદર નથી. હાલમાં નવીનજ વર્ગ ઉભો થયો છે. તેમણે પ્રાસ વિગેરેને હવે દેશવટો આપવા માંડયો છે. અર્થ ગૌરવે તેમાં પ્રધાન પદ લેવા માંડયું છે. આ નવીન વર્ગ હજી બહુ જનપ્રિય થયો નથી; કારણ કલ્પનાશક્તિ જે તેમનો મુખ્ય આધાર છે તેમાં પ્રવેશ કરવા યોગ્ય લોક પણ થોડાં છે. રાજેશ્રી ગોવર્ધનરામ આ નવીન વર્ગ માહેલા કવિ છે. આ વર્ગે આરંભ ભાષાંતરોથી કર્યો છે. આ ગ્રંથમાં પણ કવિતા, વિદ્વાન્ ઇંગ્લિશ તથા સંસ્કૃત કવિયોના કાવ્યોનાં ભાષાંતર રૂપે બહુ થઈ છે. પણ તેથી પોતાની રચેલી કવિતાઓ ઉપલી કવિતાઓ આગળ કલ્પનામાં કંઇ હલકી પડતી નથી. આ કવિતાનું એકાદ ઉદાહરણ અમે આગળ લખી આવ્યા છિયે.

જેમ કવિતામાં તેમજ ભાષામાં તથા શૈલીમાં પણ આ પંદર વર્ષમાં બહુજ ફેરફાર થઈ ગયો છે. પ્રેમાનંદ, અખો વિગેરે ગુજરાતના કવિયો કલ્પનામાં તથા વિચારમાં ગમે તેવા સારા હતા પણ તેમની ભાષા કંઈ સંસ્કૃત (સંસ્કાર પામેલી) ગુર્જર કહેવાય નહિ. તે ભાષામાં ઘણો ફેરફાર થયા શિવાય તે તેવીને તેવીજ ચા-

લતા શતકમાં લગભગ બીજા દશકસુધી ચાલી આવી. આ સમયે નવી પદ્ધતિની કેળવણીનો પ્રચાર શરૂ થતાં તેના ઉપાસકોની ભાષા તથા શૈલી કાંઈક સંસ્કાર પામવા માંડી; અને તે સંસ્કારનું ફલ આપણે કરણ ઘેલો, તથા તેના વખતમાં નિકળેલા ગ્રંથોમાં જોઈએ છિયે. આટલો સંસ્કાર હજી પરિપૂર્ણ ન હોતો. ગીર્વાણભાષાનું અધ્યયન વધતાં આ સંસ્કાર પણ વધવા માંડ્યો. તે સંસ્કારને ક્રમેક્રમે વધવા ન દેતાં કેટલાક વિદ્વાનોએ પોતાના સંસ્કાર ઉપરજ આધાર રાખી, સામાન્ય જનસમૂહની દરકાર ન કરતાં અતિ ઉચ્ચ સંસ્કારવાળી ભાષા લખવા માંડી. આ ભાષાનું નામ કેટલાક ટીકાકારોએ "સંસ્કૃતમય ગુજરાતી" પાડ્યું; અને તેની ઉપર બહુ ટીકા થઈ. તે સંસ્કૃતમય ભાષાએ એક ફાયદો કર્યો. સામાન્ય લેખકોમાં જે સંસ્કાર બહુ ધીમે ક્રમે ચાલતો હતો તે સતેજ થઇ, હાલ આપણી ભાષાને બહુશઃ સંસ્કૃત કરી મુકી. આ ગ્રંથના લેખક આ છેલ્લા ક્રમ ઉપર ચાલનાર છે. તેમની ભાષા કેવલ સંસ્કાર વિનાની તો નથીજ તેમ અત્યંત ગીર્વાણમય પણ નથી. સરસ્વતીચંદ્રની ભાષા સંસ્કૃત ગુર્જર, કોમલ, મધુર અને સરલ છે. સંસ્કૃત (ગીર્વાણ) નો સંસ્કાર પામેલ જનને તે ભાષા બહુ આનંદ આપે તેવી છે. વળી નવલ કથામાં જે પાત્રના મુખમાં જેવી શોભે તેવીજ ભાષા મુકી, કર્તાએ પોતાનો

સાર્વજનિક સ્થિતિનો અનુભવ પ્રદર્શિત કર્યો છે. વિષયની કઠિનતાનેલીધે ભાષા ન સમજાય તો તેમાં પણ ભાષાનો દોષ કાઢવાની વાચકવર્ગને ટેવ પડીછે. કર્તાના દ્વિતીય પ્રયત્ન તેમજ આ પ્રથમ ગ્રન્થમાં કેટલાંક સ્થાનક એવાં પણ છે કે, ભાષા સરલ હોવા છતાં અનભ્યાસી જનનો તેમાં પ્રવેશ ન થઈ શકે. તેમાં કઠિન વિષય છે-ભાષા નહિ. એજ પ્રકારની ભાષા સરલ વિષયમાં વાપરી હોય તો વાંચનાર જન તેને કઠિન સમજતો નથી. વળી કેટલાક શાસ્ત્રીય વિષયો એવા છે, કે તેમાં તો વિ, ષયનું ગૌરવ રહેવા તથા અર્થે અનર્થ ન થાય તે સંભાળવા અમુક પ્રકારનાજ શબ્દો વાપરવા જરૂર પડેછે. અને તેમ થતાં ભાષા કઠિન થાય તો તેમાં લેખકને દોષિત ન ઠરાવવો જોઇએ. તેમાં દોષપાત્ર તો વાચકની એ વિષયમાં અજ્ઞતાજ છે.

આ ગ્રંથમાં કર્ત્તાએ પોતાના કેટલાક સિદ્ધાંતોનું પણ વિવેચન કર્યું છે, પણ તે બહુ ટુંકામાંજ. સરસ્વતીચંદ્રના જનસ્વભાવમાં કર્ત્તાના મને પોતેજ પ્રવેશ કર્યો હોય એમ લાગેછે; અને તેથી કર્ત્તાના ઘણા ખરા સિદ્ધાંતોનો સમાવેશ એ પાત્રના વિચારોમાંજ થયો છે. એ વિષે વિશેષ વિવેચન કરવાને કર્ત્તાએ પણ આ ગ્રંથ યોગ્ય નથી ધાર્યો; તો આપણે પણ એ સિદ્ધાંતને પ્રતિપાદન કર-

નાર બીજા ગ્રંથનું વિવેચન કરિયે ત્યાંસુધી એ વિષયને પડતો મુકશું.

એક પ્રશ્ન રહેછે. આ ગ્રંથનું વસ્તુ કેવલ કલ્પિત છે કે કોઈ સત્ય વાતમાં કલ્પનાનું મિશ્રણ થયું છે? ટીકાકારો બહુ કરીને ગ્રંથકારોના વસ્તુને કોઇ સત્ય વાત ઉપરથી ઉદ્ભાવિત ઠરાવવા હમેશ પ્રયત્ન કરેછે. એવી કોઇ સત્ય વાત આ વસ્તુ માટે મળી શકે! કર્ત્તાને રાજ્યખટપટનો પૂર્ણ અનુભવ છે, દેશી રાજ્યોમાં, જ્યાં આવી ખટપટો પ્રાધાન્ય ભોગવેછે ત્યાં, તેમણે પોતાની વિદ્યાર્થી અવસ્થાનો કેટલોક ભાગ ગાળ્યો છે. આમ હોવાથી તે સમયમાં સાંભળેલી ખટપટોનો સંસ્કાર તથા પોતાના દેશમાં અનુભવેલી સામાજિક સ્થિતિ, એ બે મળી આ વસ્તુ ઉત્પન્ન થયું હોય તો કંઈ અયોગ્ય નથી. તેમજ સરસ્વતીચંદ્રના જનસ્વભાવમાં, આપણે ઉપર લખી આવ્યા તેમ, કર્ત્તાએ પોતાનો જનસ્વભાવ ચિતરવાનો પ્રયત્ન કર્યો હોય તો તે સંભવેછે. એથી વિશેષ આ વિષયમાં બોલવા અમે ઇચ્છા રાખતા નથી.

લેખકે નહોતું ધાર્યું કે આ વિવેચન આટલું વિસ્તૃત થશે. હવે આ વિવેચન પૂર્ણ કરતાં છેવટ કહ્યા શિવાય ચાલતું નથી કે વિવેચિત ગ્રન્થ પોતાના વર્ગમાં પ્રથમ

ગણાવો જોઇએ. આજસુધી ગુર્જર ભાષામાં જનસ્વભાવનું વિવેચન કરનાર આવો અથવા આથી સારો ગ્રંથ નિકળ્યો નથી. એના લેખની સરસાઇ જોઇને વિવેચકને તેનું વિવેચન કરવા ઇચ્છા થઈ. એક અથવા બે માસમાં અર્થાત્ આઠથી દશ પૃષ્ઠમાં પૂર્ણ થશે એમ જાણી *આ માસિક પત્રેં એ સ્વીકાર્યું; પરંતુ લેખકને જેમ જેમ વિષેશ વિચાર થતા ગયા, અવલોકન વિશેષ થતું ગયું, તેમ તેમ વિવેચન વિસ્તૃત થતું ગયું. આ પ્રમાણે આ લેખ ધારવા કરતાં લગભગ પાંચ ગણો મોટો થયો. લેખકે આ ગ્રન્થમાં, જે વિષય વિવેચન યોગ્ય લાગ્યો તેનુંજ પૂરેપુરૂં વિવેચન કરવાની આશા રાખીછે. તથાપિ

†**विचित्ररूपाः खलु चित्तवृत्तयः ॥**

भारवि.

એ પ્રમાણે વિવિધ પ્રકારની મનોવૃત્તિ એક વસ્તુમાંથી સ્વાનુકૂલ વિષય ગ્રહણ કરેછે. આ પત્રમાં દર્શાવેલ વિચારોથી ભિન્ન વિચારવાળા પણ ઘણા હશે; અને હોય તેમ વિશેષ સારૂં. એટલુંજ કે એ મત પ્રૌઢ વિચાર થઇ મનમાં નિશ્ચિત થવો જોઇએ. જો એમ થાય તોજ એ મત કાંઇક વિશ્વસનીય ગણાય. **अलम्.**

---

* આર્યધર્મપ્રકાશ.

† વિચિત્ર છે ચિત્તની વૃત્તિઓ નક્કી;

A

MEDICINE CHEST.

Containing Most Important Drugs.

With full particulars, how to use them in a case of urgency during a journey Price Rs. 15 only.

Apply at,

VAIDYA PRABHURAM JIVANRAM, AUSHADHALAYA,

Bhuleshwar, Bombay.

પ્રવાસ માટે ઔષધોની પેટી.

તરત લાગુ પડે તેવા દેશી ઔષધો

તથા

મુસાફરીમાં જરૂરને વખતે તે કેમ વાપરવાં
તેની સવિસ્તર હકીકત સાથે

કિંમત. રૂ. ૧૫.

મળવાનું ઠેકાણું,

વૈદ્ય પ્રભુરામ જીવનરામ ઔષધાલય.

ભુલેશ્વર-મુંબઈ.

આ પુસ્તક મળવાનાં ઠેકાણાં.

મુંબઈ.

આર્યધર્મપ્રકાશ આફીસ, ભુલેશ્વર.

રાધાબાઈ આત્મારામ સગુનની કંપની, કાલકાદેવી.

પંડિત જેષ્ઠારામ મુકુંદજી, કાલકાદેવી.

ઈશ્વરદાસ લાઇબ્રેરી, કાલકાદેવી.

વિગેરે પ્રસિદ્ધ પુસ્તક વેચનારા.